Chap-2

M.S. A. MEHTA LIBRARY



## પ્રકરણ :- ૨

## શોકોર્મિકવિતાનો 'સ્વરૂપ લક્ષણ વિચાર'

ઊર્મિકવિતાની પર્યાપ્ત ચર્ચા પછી વિવિધ મતમતાંતર અને સાક્ષર વિવેચકોના અભિપ્રાયથી આપણે તારવી શકીએ કે લઘુવિરહોર્મિકવિતા પણ એક ઊર્મિકવિતાઅંતર્ગત, છતાં તેના વિકાસને ધ્યાનમાં લેતાં એક આગવું સ્થાન મેળવી શકે તેવો કાવ્યપ્રકાર છે. શોક અને વિરહની વિવિધ ભાવચ્છાયાઓને આવરી લેતા લઘુવિરહોર્મિકાવ્યમાં વિષાદનું તત્વ મહત્વનું ગણાયું છે. તેમાં વિષાદ કે વિયોગ અથવા વિરહને બે રૂપોમાં વિભાજ્યો છે. નિશ્ચિત સમયમર્યાદા દરમિયાન મિલનની આશા હોય તેવો વિરહ, અને ફરી કયારેય ન મળી શકાય તેવો મૃત્યુ જન્ય વિરહ.

લઘુવિરહોર્મિ કવિતામાં મૃત્યુજન્ય વિરહ કેન્દ્રસ્થાને છે. મૃત્યુ-જન્ય શોકની કવિતા માટે લઘુવિરહોર્મિ કે શોકોર્મિ કાવ્ય એક બીજાની એટલા નજીકના છે કે પ્રયોગો છે કે તેને પર્યાય કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. અને તેનુંજ પ્રચલિત નામરૂપ શોકોર્મિ કવિતા કે શોકાંજલિ છે. માટે શોકોર્મિ કવિતા કે શોકાંજલિનો લઘુવિરહોર્મિ કવિતાના વર્ગની ઊર્મિકવિતા તરીકેનો અભ્યાસનો અહીં ઉપક્રમ છે. અન્ય લઘુવિરહોર્મિ કવિતાની જેમ શોકોર્મિ કવિતા પણ લઘુવિરહોર્મિ કવિતા કહી શકાય આ પ્રકારોમાં એપિટાફ, વિરહ-વિલાપના ટૂંકા કાવ્યો, વિરહોર્મિના ગીત, મુક્તકો જેવાં અનેક કાવ્યપ્રકારોનો સમાવેશ છે. તેનો અછડતો પરિચય શોકોર્મિ કવિતાના અભ્યાસનો દિશા ઉઘાડ બની રહેશે.

૧. સ્મૃતિ લેખ (Epitaph) - ગ્રીક ભાષામાં સ્મૃતિલેખ તરીકે ઓળખાય છે. પ્રિયજનના પાળિયા, દહેરી, સમાધિ, છત્રી, કબ્ર કે બીજા કોઈ સ્મારક સ્વરૂપે તે કોતરાયેલી કવિતા છે. 'સ્મૃતિલેખ' પણ મૃત્યુ જન્ય શોકને અભિવ્યક્તિ આપતી ખૂબ ટૂંકી કવિતા છે. લઘુ સ્વરૂપની કવિતા હોવાથી તે લઘુવિરહોર્મિ કવિતા તરીકે



kalpane's

ઓળખાય છે. 'સ્મૃતિલેખ' માં કોતરાયેલાં પ્રસંગોચિત વાક્ય શ્લોક કે પંક્તિને ઊર્મિમુક્તક પણ કહી શકાય. સ્મૃતિલેખરૂપે મળતા અતિલઘુકાવ્યની પંક્તિઓમાં સદ્ગતના સમગ્રજીવન અને વ્યક્તિત્વના કેન્દ્રવર્તી લક્ષણ તરફ ધ્યાન દોરવામાં આવે છે. ઇજિપ્તના પ્રાચીનતમ લેખોમાં સદ્ગતના નામ, કુળ, ખ્યાતિ, હોદ્દો કોઈ દેવદેવીને તેની શાંતિ માટે પ્રાર્થના સદ્ગત તથા તેના કુટુંબના નામ અને જીવનની હકીકતોનો ઉલ્લેખ થતો જોવા મળે છે. આવા સ્મૃતિલેખનું આમ તો કાવ્ય તરીકે ઝાઝું મૂલ્ય નથી પણ ગ્રીક સંચયના ચોથા પુસ્તકમાંના ઘણા સ્મૃતિલેખ કાવ્યાત્મક ગુણવત્તા-વાળા હોવાથી તેની અસર એઝરા પાઉન્ડ અને એટ્સ ઉપર થઈ હતી. આપણા ઘણા ગામડાંઓમાં અને સોરઠમાંતો ખાસ ઘણે ઠેકાણે, નામની ખાંભીઓ, ચોતરે, સદ્ગતવ્યક્તિના પાળિયા, ખાંભી ઉપર સિંદૂર અને પંક્તિઓ જોવા મળશે.

એપીટાફની પ્રાપ્ય સમજમાંથી એટલું તારણ કાઢી શકાય કે આગળ કહ્યું તેમ 'વિરહોર્મિકવિતાનું ટૂંકામાં ટૂંકુ રૂપ ગણાવાય તેવી મિતાક્ષરી રીતે સદ્ગતના સંદર્ભમાં, તેના જીવનને કેન્દ્રમાં રાખી થયેલી પંક્તિરચના કે શ્લોકરચના કાવ્યના ટૂંકામાં ટૂંકા રૂપમાં સૂત્રાત્મકતા, લાઘવ, સ્વજન સંદર્ભ સવિશેષ તરી આવે છે. જીવન અને વ્યક્તિત્વનાં કેન્દ્રરૂપ લક્ષણ પર પ્રકાશ પણ નિક્ષેપાત છે. એ ઉપરાંત એમાં હૃદયની લાગણીનો ઉદ્ગાર સંભળાય અથવા પડઘાય તો તેનું કવિતા તરીકે મૂલ્ય આંકી શકાય અર્થાત સ્મૃતિલેખમાં ભાવોર્મિનો નિર્દેશ આવશ્યક ગણાય. (એજ સ્મૃતિલેખના આદર્શનો પરિચય આપે છે.)

૨. રાજીયા- મરશિયા -

સ્વજનનો મૃત્યુજન્ય શોક પ્રલંબસૂરે, હાય ....હાય...ની ચોક્કસ ઢબે, તાલ અને લય સાથે વ્યાકુળતા, વ્યથા, લાચારી, અજંપો આદિ રાજીયા - મરશિયામાં વ્યક્ત થાય છે. કંઈ જુદીજ સૂરભંગ સાથે ગવાય



kalpana's

અને સમૂહમાં ઝીલાય એવું આ ક્રૌંચપકંઠ ચાલતું આવતું રુદન ગાન કહી શકાય. એમાં કયારેક મૃત્યુની તત્કાલીન લાગણીની દોરાશ, લાગણીનો પ્રસ્ફોટ ઉદ્ગાર મળી આવે છે. ક્યાંક અભિવ્યકિતમાં સંયમ, રચના વિધાન અને કલાત્મક અંશોનો અભાવ, અનિયંત્રિત પ્રલાપો, પુનરાવર્તનો અને કૃતકવાણી પ્રલાપના દોષો તેના કાવ્યરૂપ માટે આડે આવતી મર્યાદાઓ છે. કયારેક કરુણને પુષ્ટ કરવાનું લક્ષણ પણ એમાં મળી આવે છે. કેટલીકવાર રાજિયામાં જેને નિમિત્તે ગવાતાં હોય, તેની પણ પૂર્વેથઈ ગયેલા સદ્ગત વ્યકિતઓની વાત, વિગત કે સંસ્મરણથી ગૌરવ વધારી કરુણ માટે પ્રયત્ન થતો લાગે છે. કરુણની આ રીતે પુષ્ટિનો નિર્દેશ રાજિયાને લઘુવિરહોર્મિ કવિતાના વર્ગમાં સ્થાન અપાવનારું તત્વ છે. ગ્રીકમાં સીમોનીડીઝ, પિન્ડાર અને એલેક્ઝાન્ડ્રિયન કવિઓ, તેમજ લેટિન કવિઓ પછી, અંગ્રેજીમાં, Dirge લખાઈ. જ્યોર્જ મેરીડિથે ' Dirge in the woods ' નામે આ પ્રકારની કવિતા આપી મેઘાણીએ 'મિત્ર વિરહનો મરશિયા', અને સ્વ.રાવજી પટેલે 'અંગત' માં 'ઢુંશીલાલની યાદમાં' રાજીયા સ્વરૂપની કૃતિઓ છે. ટૂંકમાં સાહિત્યમાં ઉંચો મોભો ભલે ના હોય, પણ નામશેષના ગણાય તેવું રાજીયા - મરશિયા - Dirge નું આજે પણ ઉલ્લેખનીય સ્થાન છે.

૩. વિષાદ કાવ્યો.

આ પ્રકારના કાવ્યોમાં પ્રિયજનના મૃત્યુથી વ્યાપેલો શોક અને વિષાદ વિલાપરૂપે પણ મળી આવે છે. વિષાદનાં ટૂંકાકાવ્યોમાં વિલાપ વ્યકત કરતા કાવ્યોમાં, સંસ્કૃતમાં કાલિદાસના 'રઘુવંશ' માં 'અજવિલાપ' , કુમારસંભવમાં 'રતિવિલાપ' , પછી મધ્યકાળમાં શુધ્ધ-વિલાપની કૃતિ 'જશોદા વિલાપ' મળે છે. એમાં સદગતના સ્વભાવ, સ્વરૂપ, વર્તન, વ્યકિતનું પોતાના જીવનમાં સ્થાન અને વિરહનો દોરો વિષાદ પ્રગટ થયો છે. જીવનમૃત્યુ વિષયક ચિંતન કે મૃત્યુવિષયક ફિલસૂફી તતજન્ય સમાશ્વાસન અને ઉપસમભાવ ન હોવાથી, ઘેરો વિષાદ

હોવા છતાં તે એલેજીથી જુદી પડે છે. આ સૌ મહત્ત્વનાં લક્ષણ ઉપરાંત તેને એલેજીથી 'લઘુ વિરહોર્મિ કવિતા' તરીકે નોખું પાડી દેતું લાઘવનું લક્ષણ છે. જેનો કાવ્યફલક લઘુ છે. આવી બે એક મર્યાદાઓને બાદ કરતાં એલેજીને પલ્લે બેસી શકે તેવી વિષાદકવિતાઓ પણ છે. એમાં શોક-વિષાદ – વિરહ, સ્વજનસંદર્ભ અને વિલાપ બારોબાર છે. વિષાદ પણ મૃત્યુજન્ય જ છે. આવાં વિષાદકાવ્યો બે સ્વરૂપે ઉપલબ્ધ છે. મૃત્યુજન્ય વિષાદ અને પ્રિયજનનાં મૃત્યુથી વ્યાપેલો વિરહ-વિષાદ, પ્રેમાનંદની પદરચના, ઉમાશંકરનાં સોનેટ, સ્નેહરશ્મિનાં ગીત, હરિશ્ચંદ્રની ચારપંક્તિ કંડિકા, તો વળી ઠીક ઠીક લાંબી એવી 'અગ્નિ વિરામ' કૃતિઓ પરથી કહી શકાય કે વિષાદ કાવ્યોનો પ્રકાર સ્વરૂપમૂલક નથી પણ વિષયમૂલક છે. વિષાદ કાવ્યમાં મૃત્યુજન્ય શોક, અને વિષાદ, લઘુકાવ્યફલક અનેક રૂપોમાં સ્વજન સંદર્ભ જેવાં લક્ષણોમાં વિષાદ કાવ્ય વિષયમૂલક છે એ લક્ષણ અતિ મહત્ત્વનું છે. ઊર્મિકવિતાના પાંચ પેટા પ્રકારોના વિભાગીકરણમાં ગ્લાનિથી વિરહ લગીનાં કરુણપ્રધાન લિરિકો – એમાં પણ શોક આળતી ઊર્મિઓના ગીત, મુક્તક, એપિટાફ (સ્મારક લેખ), વિરહવિલાપ, ટૂંકા વિરહકાવ્ય, લાંબા અને વિષાદોદ્ગાર એલેજી વગેરેનો સમાવેશ કરે છે.'' કરુણ પ્રશસ્તિ અને વિષાદકાવ્યોમાં મૃત્યુ-શોક-વિષાદ કેન્દ્રસ્થાને હોય છે. પણ તેથી કરુણપ્રશસ્તિનાં બધાં લક્ષણો વિષાદકાવ્યોમાં હોય એ ભુલભરેલું છે. કાવ્યમાં ઉલ્લેખમાં આવતાં સદ્ગતના ગુણો, પોતાના જીવનમાં તેનું સ્થાન, વિષાદને તીવ્ર બનાવે છે. બ.ક.ઠા. એ આ પ્રકારનાં ટૂંકા વિરહોર્મિકાવ્યોને વિષાદકાવ્ય તરીકે ઓળખાવ્યા છે. કારણ કે વિષાદથી ભરેલાં એ ટૂંકા વિરહનાં કાવ્યો છે. દીર્ઘકાલીન વિરહનો વિષાદમાં સ્વજનના મૃત્યુ નિમિત્તે કરુણગાન, વિષાદ કાવ્યોની ઉત્તમ વિશેષતા છે.

ટૂંકમાં મૃત્યુજન્યવિરહ, વિષાદ, વિયોગ અને વિલાપ, ગ્લાનિથી કરુણની તેજછાયાઓ, સ્વજનસંદર્ભ, ગુણાનુવાદ સદ્ગતનું જીવનમાં સ્થાન,



kalpana's

પ્રકૃતિ પ્રત્યે લોકોનું ધ્યાન, નિસર્ગની વાસ્તવિક તાજગી, મનુષ્યના જીવન અને વ્યક્તિત્વના કેન્દ્રબિંદુ તરફ પર પ્રકાશ, ભાવોર્મિઓ પ્રેરિત કર્યો, અને કલ્પની યુક્તિઓ વિશે જેવા વિવિધ તત્ત્વોમાં નવું નિરૂપણ કવિતાના અંગો નિરૂપણમાં 'સ્વચ્છંદ નિરૂપણ' રીતે પ્રગટ્યું લાગ્યું છે.

૪. ગોપકાવ્ય ( Idyl ) – આઇડિલ :-

કાવ્ય પ્રકાર તરીકે તેનું સ્થાન આ પ્રમાણે આપ્યું છે. ૩... A short poem or prose composition which deals charmingly with rustic life; ordinarily it discribes a picture que rural scene of gentle beauty and innocent tranquillity and narrates a story of some simple sort of happiness.''

ગ્રામજીવનની શાન્ત સુંદરતા અને નિર્દોષ સુખનું ચિત્રાત્મક વર્ણન કરતું હું જાય છે પણ આઇડિલ નામે ઓળખાય છે એટલે ક્યારેક તેથી વધુ સુખદ પણ કરતું આલેખન પણ આવે છે. આ કથા કલ્પિત હોય અને એવી પણ હોઈ શકે. પ્રાચીન ગ્રીકોએ ગ્રામજીવનના ટુંકા કાવ્યો માટે આ શબ્દનો ઉપયોગ કર્યો હતો. તેથી ગ્રામજીવનનું ચિત્રાત્મક વર્ણન 'આઇડિલ' કહેવાય છે. ગ્રીક ભાષાના eidullion શબ્દ પરથી 'આઇડિલ' શબ્દ આવ્યો જેનો અર્થ 'A small picture' થાય છે. જેમાં એની વ્યાખ્યા આપી છે કે ...

૪... An idyll, then, is a short imaginatively treated picture in words, simply but finely wrought and often though not neccessarily narrative in form, or any simple type of in it's natural and fitting sorroundings discriptions of the latter usually occupying a large part of the composition.''



kalpana's

ઈ.સ.પૂ. ત્રીજા સૈકામાં ગ્રીસમાં થિયોક્રિટસના લખેલા કાવ્યો 'આઈડિલિક' કહેવાયાં. કારણ એ નથી કે ગદ્ય લખાણ પણ અમુક ગુણવાળું હોય તે આઈડિલિક કહેવાય પછીથી આઈડિલિક માંથી આઈડિલ અને ગોપકાવ્ય રૂઢ થયાં. લિરિકમાં કારણે જો ઊર્મિપ્રધાન આઈડિલ ઊર્મિકાવ્ય કહેવાય અને વર્ણનપ્રધાન હોય તો વર્ણનપ્રધાન કહેવાય. પણ એક વિવેચકનો કારણનો દ્રષ્ટિકોણ ખૂબ એવો પણ છે કે .....

૫.'' It's characters is vague and has often been purely sentimantal .........on the whole itz is impossible to admit that the idyl has a place among diffinate literary form ''

અતિ ઊર્મિલ નિરૂપણને કારણે સાહિત્ય સ્વરૂપ તરીકે ખૂબ ચર્ચાયેલો આ કાવ્યપ્રકાર આજની યાંત્રિકતા, કૃત્રિમતાનો વિષાદ અને માનવ-જીવનમાં દેખાતા હ્રાસ અને હિંસા વચ્ચેની ઝંખના સાહિત્યમાં પણ જ્યાં ખૂબ સ્પષ્ટ દેખાય છે. ત્યારે હવે સમયની સાથે, ઓછા થયેલા ગ્રામ્ય ઉલ્લાસની સાથે ગોપકાવ્યો પણ ઓછાં થતાં જાય એ સ્વાભાવિક છે.

આઈડિલની આ ચર્ચાથી એટલું તારણ નીકળી શકે કે તેમાં 'ઊર્મિપ્રધાન ઊર્મિલ બનેલી કથા પર આધારિત રીતિ, ચાતુરી, સરલ સુખમય દ્રશ્યકલ્પનાના વર્ણન, પ્રાચીન વિવેચકોને મતે ગ્રામજીવનનું કુટુંબભાવના હોવાથી વ્યક્તિમૂલક નિરૂપણની ગુંજાશ વધારતો, પોતાની આગવી અસર મૂકી ગયેલો કાવ્યપ્રકાર છે.

૫. Ode (ઓડ) :-

ગ્રીક ભાષાના Oide માંથી અંગ્રેજીમાં ઊતરી આવેલા ode માટે 'લિરિક' શબ્દ કારણે આવ્યો અને પછીથી 'વિશાળ વિષય' અને



Kalpana's

'ભાવબિંદુ' જેવા પર્યાય આપ્યા છે. પરંતુ વિવેચનની પરિભાષા માટે તે વિચાર માંગી લે તેવું વિશેષનામ છે.) વિશ્વની વિવિધ ભાષાઓમાં, પ્રાચીનકાળમાં પીન્ડારના સમયથી કાલાંતરે અંગ્રેજી, ઓડ; આઈડિલ વિકસતાં ગયાં strophe અને antistrophe ના બે ઓડના પ્રકારો પછી ગ્રીક, લેટિન, ઈટાલિયન, ફ્રેન્ચ, અને અંગ્રેજીની સાથે સાથે ગુજરાતીમાં જે ઓડ લખાયાં એમાં મનને કારણે મનસુખલાલનું 'બદલો', રાજેન્દ્ર શાહના 'હે ઓમકાર' અને 'અશ્રુ હે' એ સૌ કાવ્યોમાં ઓડ રશ્મિનાં 'અંરોપ્લેઇનને' વિશેષ ધ્યાન ખેંચે છે. કારણ કે આ કાવ્યમાં ''વિચારસૂત્ર અને મનનલીલા ગુજરાતી સાહિત્યમાં આજલગી નથી સર્જાયો એવા આકારમાં મળે છે.''

ઓડની ચર્ચા પરથી એટલું તારવી શકીએ કે ઊર્મિતત્વ ધરાવતા આ કાવ્યાકારમાં વૈયક્તિક સંબોધનનું લક્ષણ હોવાથી ઓડ માટે સંબોધન કવિતા પર્યાય તેના સ્વરૂપની વધુમાં વધુ નિકટનો છે. આ કવિતા કોઈ વ્યક્તિ કે વસ્તુને (પદાર્થને) સંબોધીને ઉદાત્ત લાગણી અને ગૌરવાન્વિત શૈલીની, ક્વચિત સાદા સ્વરૂપ અને શૈલીવાળી લાંબી ઊર્મિકવિતા માટે વપરાતો થયો છે. ટૂંકમાં વ્યક્તિનો સંદર્ભ, ઊર્મિનું તત્વ અને વૈયક્તિક સંબોધન - તેના મહત્વનાં લક્ષણ છે.

૬. Mynody - મોનોડી - શોકોક્તિ :-

ગ્રીક કરુણાન્તિકા માટેનું આ નામ છે. ગ્રીક કરુણાન્તિકામાં એક જ પાત્રદ્વારા ગવાતું પદ્ય અને કોઈના મૃત્યુ પ્રસંગે રચાયેલું શોકકાવ્ય જેવાં ઉલ્લેખો મળે છે. મિલ્ટનના Lycidas (લિસિડાસ) ને એનું ઉદાહરણરૂપ ગણવામાં આવ્યું છે. આ Mynody માં Monograph ના અર્થનું સામ્ય ધારી શકાય.

૭. પવાડો :-



kalpana's

બહુધા મરાઠી ભાષામાં આ કાવ્યપ્રકારનું ખેડાણ થયું છે. અહીં (જૂની ગુજરાતી પછીના મધ્યકાલીન ગુજરાતીની વચ્ચેના ગાળામાં ગુજરાતી ભાષામાં પણ 'પવાડો' મળે છે.) પરાજિત શત્રુઓ ઉપહાસ રણશૂર પૂર્વજોનાં ગુણગાન અને પરાક્રમ ઉપરાંત ઐતિહાસિક વર્ણનોથી રચાયેલા 'પવાડા' માં મુખ્ય વીરરસ કેન્દ્રસ્થાને રહેતો મહારાષ્ટ્રીઓ માટે તો 'પવાડા' રાષ્ટ્રકથાઓ - National Ballads તરીકે મૂલ્યવાન હતા. 'પવાડા' નો અર્થ જ કીર્તિ હોવાથી એમાં યશોગાન આવતા. સોળમાં, સત્તરમાં સૈકામાં આપણી ભાષામાં પવાડાના ઉલ્લેખ મળે છે. ''પવાડો એટલે વીરનું પ્રશસ્તિ કાવ્ય, વીરોના પરાક્રમનું વિદ્વાનોની બુધ્ધિમત્તાનું તથા એકાદ વ્યક્તિનું સામર્થ્ય, ગુણ, કૌશલ ઈત્યાદિનું કાવ્યાત્મક વર્ણન, પ્રશસ્તિ, સ્તુતિ કે સ્તોત્ર .......''

શોકોર્મિ કવિતામાં મહત્વના સ્થાને 'વ્યક્તિવિશેષ' તેનું અવસાન અર્થાત્ મૃત્યુજન્ય સંદર્ભ, સદ્ગત વ્યક્તિ વિશેષરૂપમાં હોઈ એવા એકાદ વ્યક્તિના ગુણોનું ગાન-પ્રશસ્તિ વાળું કાવ્યાત્મક વર્ણન,- જેવાં કાવ્યતત્વોનું સામ્ય પવાડામાં મળે છે; પરંતુ શોકોર્મિ કવિતા શોક અને કરુણની દ્રષ્ટિએ પવાડાથી જુદી પડે છે.

ઉપરની ચર્ચાના તારણરૂપે આપણે મહત્વનો મુદ્દો એ ગણી શકીએ કે જુદા જુદા વ્યક્તિમૂલક કાવ્યપ્રકારોમાં સંબોધન કવિતા પછી લઘુ વિરહોર્મિ-કવિતા ધ્યાનપાત્ર ઊર્મિકવિતાનો વર્ગ છે. આ વર્ગની કવિતામાં વધુ વિકસિત કાવ્યપ્રકાર પ્રિયજનના મૃત્યુથી ઉદ્ભવેલા વિયોગ અને શોકને વ્યક્ત કરતી કવિતાઓનો છે. એમાં કેન્દ્રસ્થાને શોક, વિષાદ અને ક્યાંક અંતે અંજલિ વિશેષતઃ જોવા મળે છે. તેથી તેને શોકોર્મિકવિતા કહેવી ઉચિત ગણાશે. વિષાદકાવ્યો તેનો જ પર્યાય ગણીએ તો તેમ કહેવામાં કશી અતિશયોક્તિ નહીં ગણાય. આ બન્ને લક્ષણો ઉપરાંત અંજલિના પ્રભાવે તે શોકાંજલિ કવિતા તરીકે પણ લોકજીભે પરિચિત છે



kalpana's

એમાં પ્રિયજનના મૃત્યુના વિષાદની અનન્ય અભિવ્યક્તિ થતી હોવાથી શોક તજ્જન્ય વિષાદ અને કરુણ વિવિધ રૂપોમાં કવિત્વ પામતો હોવાથી, પ્રિયજનના મૃત્યુ પ્રસંગોએ લખેલી આવી કાવ્યરચના, તેમાં પ્રતીત થતાં નૂતન ઉન્મેષોને કારણે એ કવિતાપ્રવાહના ભાષાકર્મ અને કવિકર્મનો અભ્યાસ સ્વતંત્ર રીતે થયો નથી, એથી અહીં, એ દિશાનો, મારો નમ્ર પ્રયત્ન છે.

ગીત જેમ એક નામરૂપે વિકસી અને વિસ્તરી તેમ ઊર્મિ કાવ્યો વિકાસ -વિસ્તાર કાવ્યરૂપોમાં કેવો થયો છે તે જોઈએ. ઘણા પ્રકાર વૈવિધ્યથી રાજતી ઊર્મિકવિતાના બે મોટા વિભાગ પાડી શકાય. આત્મલક્ષી અને પરલક્ષી. એમાં પણ આત્મલક્ષી ઊર્મિકવિતા અગ્રીમ સ્થાને છે. આત્મ-લક્ષી ઊર્મિકવિતામાં કવિના સ્વાનુભાવ, સ્ફુરણો, અનુભૂતિ, અંતરપ્રવાહો અથવા કવિચિત્તે અનુભવેલી સંવેદનાઓ સર્જનના કેન્દ્રમાં રહી ક્રિયાશીલ બને છે. એમ કહાય કે જે સ્વરૂપે સિદ્ધ થાય તે ઊર્મિકવિતા હોય છે. તેથી પ્રધાનપણે કવિતાનું સ્વરૂપ ઊર્મિકવિતાનું બને છે. આત્મલક્ષી ઊર્મિકવિતામાં પણ વિવિધ સ્વરૂપ અને આત્મવૈવિધ્યને નકારી શકાય નહીં. આત્મલક્ષી ઊર્મિ-કવિતાના સર્જન દરમિયાન કવિ અનુભૂતિમય, એકરૂપ બની, પોતે અનુભવેલી ભાવસંવેદનાને આત્મીય પ્રતિભાવ રૂપે અભિવ્યક્ત કરે છે. એમાં અંગત જીવનના સ્વાનુભવોની લાગણીની અભિવ્યક્તિ હોય કે બાહ્ય પરિવેશની અનુભૂતિ ઝીલીને પણ સર્જાતા હોય. આત્મવૈવિધ્યમાં અંગત જીવનના સ્વાનુભવ સંવેદનો કોઈ સૌંદર્ય સ્પર્શ, કોઈ માનસિક અવસ્થા, કે ભાવસ્થિતિ, ચેતનાનાં અંતર સ્ફુરણો, બાહ્ય પરિસ્થિતિ પરત્વેનાં પ્રતિભાવો એવાં આત્મલક્ષીતાના જુદા જુદા સ્તરેથી એ તે સ્તરના ભાવાભિવ્યક્તિ ઊર્મિકવિતામાં આવે ત્યારે તે આત્મલક્ષી ઊર્મિકવિતા બને છે. એમાં કવિચિત્ત સાથે ભાવકનું

સીધું અનુસંધાન – તાદાત્મ્ય શક્ય છે. માટે "(૯)" આત્મલક્ષી ઊર્મિકવિતા આ રીતે કવિચિત્તના સહજ આવિષ્કારરૂપ હોય છે. એમાં ઊર્મિતત્ત્વ પ્રબળ રીતે, સઘન રીતે, અનુભૂતિની ચરમ માત્રામાં પણ અવતરતી હોય છે. આત્મલક્ષીતા વાચક અને કવિ વચ્ચે આત્મીયતાનો સંબંધ સ્થાપી આપે છે. આત્મલક્ષી ઊર્મિકવિતા બે ગુણો ગુણોને વરેલી છે હોય છે. આત્મવેદન અને સહજ આસ્વાદ્ય ?

આવાં કાવ્યોમાં પાઠક સાથે એક્ય તાદાત્મ્ય ઊર્મિકવિતા કહે છે તેને ઠાકોર વર્ણન કાવ્યો – વર્ણકવિતા કહી, કવિની પોતાની ઊર્મિના પ્રાધાન્યવાળી કૃતિને આત્મલક્ષી ઊર્મિકવિતા તરીકે ઓળખાવે છે. આત્મલક્ષી ઊર્મિકવિતાનું આ પ્રકારનું લક્ષણ – વ્યાખ્યા આપી જે મુખ્ય પાંચ પેટા પ્રકારો પાડે છે તેમાં ગવાનિધી વિરહ લગીનાં [illegible] પ્રથમ વર્ગ છે. એમાં શોક નીગળતા ઊર્મિગીત, વિરહ–વિલાપ કથા, વિરહકાવ્યો તથા અને વિષાદોદ્ગાર –ચેષ્ટાનો સમાવેશ થાય છે. આત્મલક્ષી ઊર્મિકવિતાના બહુવિધ ઊર્મિકવિતાના વર્ગમાં મૂકાયેલાં કથા વિરહ–વિલાપ –વિષાદ ના કાવ્યોનું બે મોટા વર્ગમાં વિભાજન કરવામાં આવ્યું છે ૧. વિખૂટા પડવાનો વિયોગ –વિલાપ અને ૨. પ્રિયજનના મૃત્યુથી વ્યાપેલો વિષાદ. આ બીજા પ્રકારના કાવ્યોના પ્રવાહમાં 'મૃત્યુજન્ય – વિષાદ' પર લખેલી–

– રચનાઓ અર્વાચીન ગુજરાતી કવિતામાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. સદ્ગત સ્વજનો શોક વિલાપ – વિષાદ અને અંજલિની અભિવ્યક્તિ આપતી શોકોર્મિ – શોકાંજલિ કવિતા નૂતનતાની દિશામાં સતત વિકાસશીલ રહી છે.

શોકાંજલિ કવિતાઓના ચોક્કસ સ્વરૂપમાં તરેહ તરેહની રૂપછીયા જોવા મળે છે. પરંતુ આ સ્વરૂપમાં મૃત્યુજન્ય શોક અને આત્મસંવેદન તેના મૂળમાં છે. અને તેમાં વિવિધ રૂપોમાં વિવિધ નામો અને પર્યાયો ભલે જુદા

હોય પણ જ્યાં એક મુખ્ય હોય તેમ અંજલિકાવ્યો તરીકે તે ઓળખાવી શકાય છે. જે તત્ત્વ કેન્દ્ર સ્થાને હોય તેના વિશેષ અર્થના સૂચન સાથે અંજલિને વર્ણવી લેવામાં આવી છે. દા.ત. શ્રદ્ધાંજલિ, ભાવાંજલિ, અશ્રુઅંજલિ, નિવાપાંજલિ વગેરે. આ બધામાં શોકાંજલિ અને શોકોર્મિ કવિતાની મુદ્રા ઓળખવાનો આ અભ્યાસનો ઉદ્દેશ છે.

અંજલિના વિવિધ પ્રકારોમાં શ્રદ્ધાંજલિ, માનાંજલિ, નિવાપાંજલિ, ભાવાંજલિ, સ્મરણાંજલિના અર્થોને ઝીણવટથી તપાસીએ તો શ્રદ્ધા વ્યક્ત થતી હોય, માન કે આદરની લાગણી વ્યક્ત થતી હોય, નિવાપ + અંજલિ એટલે પિતૃઓ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિભાવ, આદર વ્યક્ત કરતી અંજલિ, સદ્ભાવ વ્યક્ત કરતી ભાવાંજલિ, ભાવ સ્મરણો વાગોળતી સ્મરણાંજલિમાં શોકાંજલિઓ તેના નામથી જ જુદો દરજ્જો સ્થાપિત કરી દેતી કાવ્ય-રચના છે. ભાવ, સ્મરણો, શ્રદ્ધા કે આદરની લાગણી હોય પણ તે સાહિત્યિક કક્ષામાં મૂકી શકાય તે સ્તરની ના હોય તો તે સ્મરણોના શબ્દજાળ, ભાવની કૈફિયત કે આદરની અભિવ્યક્તિનું આલેખન બની રહે છે. તે કૃતિ તે કવિની માત્ર અંગત કૃતિ બની રહેતી હોય ત્યારે સાહિત્યિક ગુણવત્તાથી તે વંચિત રહી જવાથી કલાકૃતિ બનતી નથી. સાહિત્ય-જગતને સ્પર્શે છે. તે રીતે તેમાં ઉત્તમ ભાવાભિવ્યક્તિ, કાવ્યાત્મકતા, અને રસાનુભૂતિ અનિવાર્ય બની જાય છે. 'રસસિદ્ધાઃ કવીશ્વરાઃ' કવિની સિદ્ધિમાં રસસિદ્ધિ તો પરખાવી જ જોઈએ. ભાવમાંથી રસસિદ્ધિ ન થાય તો તે કૃતિ અધૂરી ગણાય. અન્ય અંજલિકાવ્યોને મુકાબલે શોકાંજલિ નામ જ અર્થને સ્પષ્ટ કરી દે છે કે એમાં શોકની અભિવ્યક્તિ હોય જ. શોકોર્મિકવિતા એમાંથી કરુણની રસાનુભૂતિ થવી જોઈએ અને શોકની અભિવ્યક્તિ દ્વારા કરુણની વ્યંજના અંજલિ કાવ્ય એક કલાત્મક આકાર, શબ્દદેહ ધારણ કરે, એવી કૃતિમાં ભાવ, રસ અને અંજલિ-વર્ણનો આદર્શ સિદ્ધ થાય એ અર્થમાં અન્ય અંજલિ કાવ્યના પ્રકારો કરતાં શોકોર્મિ-શોકાંજલિનો ઊંચો દરજ્જો છે. આ ઉપરથી એવું તારણ કાઢી શકાય કે

શોકની [illegible] અનુભૂતિની અભિવ્યક્તિનું પ્રાધાન્ય જાળવી જેમાં આલેખનને કલાત્મક રૂપ અપાયું હોય તે કાવ્યકૃતિ 'શોકોર્મિ કવિતા–શોકાંજલિ' ગણાય.

અન્ય અંજલિકાવ્યોની જેમ શોકાંજલિમાં અંજલિ તો છે જ પણ તેના કેન્દ્રસ્થાને શોકનું સંવેદન અને કરુણની અભિવ્યક્તિનું વિશેષ તત્વ છે. શોક અને કરુણથી અભિવ્યક્તિનો અંજલિરૂપે આકાર સિધ્ધ થાય છે. બાકી કવિતાની રગ રગમાં શોક અને કરુણ અનુભવી શકાય. શોકાંજલિમાં ભાવસિધ્ધિ, તેમાંથી રસસિધ્ધિ અને અંતે સ્વરૂપસિધ્ધિ એવાં ત્રણે ય શિખરો સર થતાં હોવાથી શોકાંજલિ કે શોકોર્મિકવિતા સ્વરૂપસંપન્ન બને છે. તેથી અહીં એવી સ્પષ્ટતા યોગ્ય લેખાશે કે શોકાંજલિ એક ઉત્તમ અંજલિ કવિતા હોઈ શકે પણ પ્રત્યેક અંજલિ કવિતા શોકાંજલિ ના પણ હોઈ શકે.

વિવેચકશ્રી બ.ક.ઠા. સૂચિત વર્ગીકરણ પ્રમાણે ગ્લાનિથી વિષૂર્ણ લગીના લિરિકોમાં મુખ્ય લક્ષણ તરીકે શોક નિગળતી ઊર્મિ, શોકોર્મિ કવિતાનું મુખ્ય લક્ષણ છે. એમાં શોકનું સ્વરૂપ પણ નિશ્ચિત છે. એમાં વિછૂટા પડવાનો વિરહ, વિયોગ નથી પણ પ્રિયજનના અવસાનથી વ્યાપેલો મૃત્યુજન્ય વિષાદ હોય છે. માટે સ્વજન સંદર્ભ પણ નિશ્ચિત રૂપે, નિશ્ચિત પ્રસંગે લગભગ મળતી આવતી ભૂમિકામાં આલેખાયેલો જોવા મળે છે. અનુભૂતિની માત્રા જાળવાય એ દ્રષ્ટિએ આવી કૃતિ સુદીર્ઘ નથી હોતી. સ્વજનના મૃત્યુની ઘટનાનો સંદર્ભ હોય એટલે આનુષંગિક રીતે જ ગત થયેલા સ્વજનના સ્વભાવ, વ્યક્તિત્વ કે ગુણોનું નિરૂપણ તેમાં હોઈ શકે, પરંતુ લક્ષ્ય તો શોક અને કરુણનું જ હોય, એથી વિભાવરૂપે જ મૃત્યુજન્ય બહિર–અંતર જીવનનું કાવ્યમાં સ્થાન હોય મૃત્યુનો ઘા તત્કાલીન સ્થિતિમાં અભિવ્યક્તિ પામતો હોવાથી વિલાપ–વિષાદની તીવ્રમાત્રામાં અભિવ્યક્તિ હોય.૧૦.' 'આ વિભાગમાં પ્રિયજનના મરણથી જન્મેલા અને વિયોગનો વિષાદના ટૂંકાકાવ્યો આવશે કરુણ પ્રશસ્તિના બધા લક્ષણો ટૂંકા વિરહોર્મિકાવ્યોમાં નથી હોતા. પરંતુ મહદ્અંશે સ્વજનના મૃત્યુનો વિષાદ પ્રધાન હોય છે. એમાં સદ્ગત સ્વજનના



kalpana's

ગુણોનો ઈશારો પોતાના જીવનમાં તે વ્યક્તિના સ્થાન અને મહત્વનું ગાન હોય છે. આને લીધે વિષાદ તીવ્ર બને છે. આ પ્રકારના ટૂંકા વિરહોર્મિ-કાવ્યોને ઠાકોરે આપ્યું છે તે નામ સ્વીકારીને 'વિષાદ કાવ્યો' કહીશું લઘુ વિરહોર્મિ વર્ગના ટૂંકા વિષાદ કાવ્યોમાં સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ શોકોર્મિ- શોકાંજલિ કવિતા મોખરે છે.

આ ચર્ચા પરથી તારવી શકાય કે શોકાંજલિ કે શોકોર્મિ-કવિતા વ્યક્તિ વિશેષ સદ્‌ગતના નાયકત્વને વરેલી કવિતા છે. અન્ય કાવ્ય પ્રકારોમાં નાયક પોતે કાવ્યને ચલાવે છે. કાવ્યવ્યક્તિઓ કાવ્યગત કર્તા અન્ય કાવ્યોમાં જીવંત alive સક્રિય active, હોય છે. એ આલેખિત Narrative નથી હોતો પ્રત્યક્ષ હોય છે. જ્યારે શોકોર્મિ અને શોકાંજલિ કવિતામાં પરોક્ષ, સદ્‌ગત Dead નિષ્ક્રિય Passive અને Narrative રૂપે હોય છે. તેનું વ્યક્તિત્વ અને પાત્ર ઘડતર તેની ક્રિયાના બળે અન્ય કાવ્યોમાં પ્રગટ થાય છે. જ્યારે શોકોર્મિ કવિતામાં આલેખનને આધારે તે બહુધા આકાર લે છે. કવિની તે વ્યક્તિ વિશેષ માટેની અનુભૂતિમાંથી તે આકાર લે છે. પણ શોકોર્મિ કવિતાની ખાસિયત એ છે કે એ સચ્ચાઈનો રણકો આપે છે; કારણ કે તારસ્વરે અનુભવેલી સંવેદના પછી શુધ્ધ શોકોર્મિકવિતા શક્ય છે.

શોકાંજલિ કે શોકોર્મિકવિતામાં શોકનું સ્થાન અનેરું હોય તો તે કેવી રીતે ? એ પ્રશ્ન પણ સમજવો રહ્યો. શોકોર્મિકવિતા પ્રિયજનના મૃત્યુ પ્રસંગે રચાયેલી કૃતિ હોવાથી તેમાં મૃત્યુનો ઉલ્લેખ કાવ્યારંભે હોઈ શકે ત્યારબાદ જેમ ડાળનો આધાર લઈ પક્ષી આકાશમાં ઊડે ત્યારે આકાશમાં સાથે ડાળ રાખતું નથી, અવકાશમાં તે ઊડ્ડયનની અનેક કલાઓ અને અદાઓ સાથે મુક્તપણે વિહારે છે તેવી ગતિ મૃત્યુના સંદર્ભની ડાળને છોડ્યા પછી કાવ્યની, શોકની અભિવ્યક્તિ તરફ હોવી જોઈએ. ખૂબ ઊંચે સ્થિર પાંખે પક્ષી સ્હેલ માણે, તેવી સ્થિતિ કાવ્યમાં શોકની કરુણ રૂપે પ્રતીન



kalpana's

થતી રસસિદ્ધિ હોય એમ કહી શકાય. શોકના આહ્લાદને માણવાનું આ વિચરણ તેજ શોકોર્મિ કે શોકાંજલિ. ડાળ પરથી ઉડતાં જે ઝાટકો પક્ષી અનુભવે તેવો અસરકારક સ્વજનના મૃત્યુના આઘાતનો ધક્કો-ઝટકો શોકની અભિવ્યક્તિ માટે જરૂરી છે. આત્મીયતાની ઘનિષ્ઠતા હોય તોજ એ આઘાત શક્ય બને છે. ટૂંકમાં સ્વજન સાથે અંગત, આત્મીયત ઘનીષ્ટ સંબંધમાંથી વિયોગ થાય તો તે શોકની સઘન અભિવ્યક્તિ આપે છે. વિયોગની ઘટનામાં આત્મીયતા શોકની જનની છે. શોકની એવી કલાત્મક અભિવ્યક્તિ-મૂર્તિ જ કરુણ સંભવે પછી એમાં અન્ય કાવ્ય ગુણો, પ્રયુક્તિઓ, ઉપકરણો, અલંકારો, રૂપક-પ્રતિકો જેવાં અન્ય કાવ્યતત્વો સોનામાં સુગંધ પૂરે છે . પણ તેનો આધાર તો કવિની કલા સૂઝ પર છે. કવિની જેટલી કાબેલિયત તેટલી કૃતિ કલાત્મક બને છે. શોકોર્મિ કવિતાના સંદર્ભમાં આ વિધાન યથાર્થ છે. અહીં કવિની અનુભૂતિની સચ્ચાઈનો રણકો તો છે જ , અન્ય કાવ્યતત્વોમાંથી અતિરેક ટાળી, વિવેક દાખવી અંગત-લૌકિક શોકને બિન અંગત -વૈશ્વિક અનુભૂતિની કક્ષાએ કલાત્મક રૂપાકાર અને અભિવ્યક્તિ આપવાનો જ આશય અહીં કવિનો હોય છે.

કરુણપ્રશસ્તિ કવિતા, ચિંતનોર્મિ કવિતા અને શોકોર્મિ કવિતામાં ચિંતન મૃત્યુ પ્રસંગે ગંભીર વિચારધારાને કારણે જોવા મળે છે. કરુણ પ્રશસ્તિ દીર્ઘ વિરહોર્મિ કવિતા છે. બીજરૂપે એમાં પણ મૃત્યુનો નિર્દેશ મળે છે. શોકોર્મિ કવિતામાં પણ કાવ્યારંભે મૃત્યુનો નિર્દેશ આવે છે . મૃત્યુના નિર્દેશ સાથે કાવ્યારંભ પામતી બન્ને કૃતિઓમાં આગળને આગળ કાવ્યાદેશમાં વિચરતાં ભાવવિશ્વ સર્જે છે. તો પછી કરુણપ્રશસ્તિ અને શોકોર્મિ કવિતાની ભેદરેખા કઈ ? એની સ્પષ્ટતામાં એમ કહેવું જોઈએ કે કરુણપ્રશસ્તિ કવિતાની સરખામણીમાં શોકોર્મિ કવિતાને કલાત્મકતા સિધ્ધ કરવા માટે કાવ્યે કસોટીમાંથી પાર ઉતરવું પડે છે. જેવી રીતે નવલકથા લખવી કદાચ સૌને ફાવે પણ લઘુકથા સૌને ન જ ફાવે તેમ શોકોર્મિ કવિતાની રચના કપરું કામ બને છે. કરુણ-પ્રશસ્તિ અને શોકોર્મિ કવિતા મૃત્યુ નિમિત્તે લખાતી કવિતા છે એ ખરું



kalpana's

સ્વજન સંદર્ભ, મૃત્યુ જન્ય વિષાદ અને કરુણ જેવા સમાન તત્વો બન્ને કાવ્યોમાં છે એ ખરું, એમ છતાં એ ય એટલું જ ખરું છે કે કરુણપ્રશસ્તિ કવિતાની અસરથી મુક્ત રહી શોકોર્મિકવિતાએ પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે. એ જ શોકોર્મિકવિતાના કલાસ્વરૂપનું હીર છે. કરુણપ્રશસ્તિકવિતામાં ચિંતનને અવકાશ છે તો શોકોર્મિકવિતામાં પણ ચિંતન નહીંવત્ નથી. મૃત્યુના સંદર્ભે રચાયેલી કૃતિ હોવા છતાં શોકની જ ઉત્તમ અભિવ્યક્તિ આપતી હોવાથી તે શોકોર્મિકવિતા બને છે. ચિંતનાત્મકકાવ્યોમાં ચિંતન પ્રધાનસ્થાને હશે પણ શોકોર્મિકવિતામાં તે એક કાવ્યાંગ તરીકે જ હોય એવી અપેક્ષા રહે છે. કરુણપ્રશસ્તિકવિતામાં કરુણની જે અપેક્ષા છે, તેનાથી મુદ્દલ ઊતરતી-ઓછી અપેક્ષા કરુણ માટે શોકોર્મિકવિતામા ન જ હોય. સઘન શોક હૃદયદ્રાવક કરુણ જ આપે કોઈપણ શોકોર્મિકવિતા કાવ્ય કોટિએ પહોંચી છે કે નહી તેની પ્રતીતિ માટે એમાં નિરૂપિત મૃત્યુની ઘટના જ મહત્વની નથી પણ એ અંગત ઘટના બિન અંગત રૂપ કેવી રીતે લે છે એની તપાસના ધોરણે કાવ્યકોટિનો નિર્ણય થઈ શકે.

શોકોર્મિકાવ્યોમાં હાઈકુ, મુક્તક, સોનેટથી માંડી ખંડકાવ્ય જેવા દીર્ઘ કાવ્યોનું પ્રકારવૈવિધ્ય પણ છે. પરંતુ એ ઉલ્લેખનીય છે કે લઘુ - વિરહોર્મિકાવ્ય તરીકે ટૂંકા વિષાદ કાવ્યરૂપે મર્યાદિત પંક્તિસંખ્યાની લાઘવયુક્ત સફળ શોકોર્મિકવિતા કવિ માટે પડકાર રૂપ છે. આમ તો દરેક શોકોર્મિકવિતા એક સ્વતંત્ર કૃતિ છે પરંતુ કેટલાક ખાસ પ્રયોગોમાં ગુચ્છ કાવ્યો પણ ઉપલબ્ધ છે. રચનાકૌશલની દૃષ્ટિએ શોકોર્મિઅંતર્ગત આવા ગુચ્છ કાવ્યો કાવ્ય સાહિત્યનું એક આકર્ષણ બની રહે તેમ છે. એવા ગુચ્છકાવ્યો માટે એમ કહેવાનું મન થાય કે તેમાંની દરેક કૃતિને સ્વતંત્ર કૃતિ તરીકે મૂલવવા જતાં કદાચ તેમાં નિરૂપિત શોકની અભિવ્યક્તિને ક્યાંક અન્યાય થઈ બેસે. ગુચ્છકાવ્યોનો એ દૃષ્ટિએ અભ્યાસ રસપ્રદ છે.

ગુચ્છકાવ્યોના અભ્યાસ પરથી શોકોર્મિકવિતાના આલેખનમાં નવી ભાત પડતી હોય એમ લાગે છે. એક જ વ્યક્તિવિશેષ પર કવિ જ્યારે ગુચ્છકાવ્યોમાં આલેખન શરૂ કરે ત્યારે તેમાં ઊંડાણ, મોકળાશ અને સુરેખતા વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. શોકોર્મિ કવિતાના આસ્વાદ્ય તત્ત્વો જેવાં કે મૃત્યુ, ચિંતન, જીવન, શોક, કરુણ અને અંજલિ વધારે ખીલી ઉઠે છે. વળી દરેક કાવ્ય એક કૃતિ તરીકે લાઘવ પણ સાચવી લે છે. સ્નેહરશ્મિકૃત કાંતિલાલ કાપડિયાના અવસાન નિમિત્તે લખાયેલાં ગુચ્છકાવ્યો ઉશનસ્ કૃત 'પૂ. બાપા જતાં' લખાયેલાં 'ગુચ્છકાવ્યો, બ.ક.ઠા કૃત ભણકારા પત્નીના મૃત્યુ પ્રસંગે લખાયેલાં ગુચ્છકાવ્યો એના ઉત્તમ દૃષ્ટાંતો છે. ગુચ્છકાવ્યોમાં આવતા કાવ્યોનું મૂલ્ય બેવડું છે. સ્વતંત્ર કૃતિ તરીકે તો દરેક કાવ્ય છે જ ગુચ્છમાંથી બંધાતા શોક અને કરુણના બિંબમાં દરેક કવિતાનો નોંધપાત્ર ફાળો છે. બધાંજ કાવ્યોના ચયન પછી એક આહ્લાદક ભાવવિશ્વ રચાય છે. કાવ્યક્રમે શોક અને કરુણ સુરેખતા અને આસ્વાદ્યગુણ પામતા જાય છે. વિશાળ પટને કારણે કાવ્યમાં નિરૂપિત વ્યક્તિવિશેષનો પરિચય અને વ્યક્તિત્વ ક્રમિક અને તબક્કાવાર છતાં સહજ રીતે ઊઘડે છે. ગુચ્છકાવ્યોમાં કાવ્યત્વ અને નિરૂપણની એક વિશિષ્ટ તાસીર આપી જાય છે. શોકોર્મિકવિતામાં ઘનિષ્ઠ અંગત સંબંધમાંથી આત્મીયતા, તેમાંથી એકત્વ, તેમાંથી વેધક વિયોગ પછી શોક અને કરુણ દ્રવે. આ શોક અને કરુણની અભિવ્યક્તિમાં કોઈ ફેર પડતો નથી. તે ગમે તે સંબંધિ વ્યક્તિને કેન્દ્રમાં ભલે આવે, પૂર્વભૂમિકાનાં સંબંધોના પ્રકારનું વૈવિધ્ય પણ જોવા મળે, પણ શોકની અનુભૂતિથી કરુણમાં પેલા સંબંધો ઓગળી જઈ ઉત્તમ શોક અને કરુણનો અનુભવ કરાવે છે. અલબત્ત, એમાં કવિગત ક્ષમતાની આધારે માત્રાફેર સંભવે પણ એનો આદર્શ તો એ જ હોવો જોઈએ કે સંબંધોને ઓગાળી નાખી ઉત્તમ ભાવવિશ્વ રચાય જે બિનઅંગત હોય જેથી રસાનુભૂતિ થાય. હૃદયમાંથી જાગેલા શોકને કરુણ રૂપે વ્યાપવાનું છે. અને તે પણ, અનુભૂતિથી અભિવ્યક્તિની વચ્ચે શોક વૃત્તાંત કે કથાનો

Kalpana's

વિષાદ નથી પણ અનુભૂતિનો જ વિષાદ હોય. કદાચ ત્યાં સુધી કે ભાષા તેને ઓછી પડે (માટે તો ગદ્‌ ગદ્‌ કંઠે, તૂટતીવાણી, અવાક ચક્ષુદ્વારા શોકની ઉત્તમ અભિવ્યક્તિ થી રહે છે) શોકની અભિવ્યક્તિમાં પ્રકૃતિ, તર્ક, બુધ્ધિ, ચિંતનમાં મંથન ઉમેરાતાં શોકનાં તે પોષક તત્વો બની શકે જ્યાં તર્ક, બુધ્ધિ, વેદ પુરાણ; ચિંતન, મંથન, પ્રકૃતિ પાંગળા પડે ત્યાં શોકોર્મિની અભિવ્યક્તિ કલાત્મક બને છે. દા.ત. 'સૂની ચકર' માં શ્રી વેણીભાઈ પુરોહિત કહે છે :

૧૧. ''શ્વાસ જાણ્યો છતાં સર્જ્યું શું હતા ?
ઝેર જાણ્યું છતાં પાન શાને ?
મૃત્યુ જાણ્યાં પછી જીવવું તે ન શું ?
જીવવું સ્વર બની વિશ્વમાને ?''

અને પછી કહે છે.

'' વ્યર્થ આ શ્વાસને ઘૂંટવાતો રહું
ચકરમાં કેમ બાંધી મૂકાનો ?''

'ફૂલ ખર્યું' કાવ્યમાં તો ઉશનસ્‌ સ્પષ્ટ કહે છે કે ...

૧૨. ''કિન્તુ હજારો ફિલસૂફી ય અભેદની
લાખો કુરાનો'ને બાયબલોને વેદની
લાગણી ટાળી શકે ના ભેદની''

કિન્તુ એવાં કાવ્યો પણ જોવાં મળે છે કે જેમાં શોક પછી સીધું શમન આલેખાયું હોય; ચિંતનનું આલેખન ના પણ હોય.
દા.ત. મીનું દેસાઈ 'નિર્મીત લોચન' માં આલેખે છે કે

૧૩. ''મહામિલી અંતરની બનીતી
ને તેં ખરે જિંદગી બે જણી'તી



kalpana's

પણ પત્નીના જવાથી,

''ઓચિંતી તું અંતરને પછાડી
ચાલી ગઈ દિવસો ડુબાડી
વર્ષો જશે, ના સ્મરણો ભૂલાશે
બે નિર્બળાં લોચન દૂર ના થાશે.''

શોક પછી સ્મરણને આધારે શમન તરફ વળાંક આવે છે ઘણા કાવ્યોમાં મિલન પછી પણ શમન આવે છે સૉનેટ જેવી પ્રમાણમાં ટૂંકી પંક્તિઓના અવકાશે શોક અને કરુણ જ ઉપલબ્ધ થાય તે સ્વાભાવિક છે પણ

૧૪. ''આકાશ જેવું
જીવી ગઈ તું હવે
સ્મરણો ભીનાં''

સદ્ગત પુત્રી માટે સ્નેહરશ્મિ લાઘવ સાધતી શોક, કરુણને આલેખી અભિવ્યક્તિને કેવી આસ્વાદ્ય નિરૂપી છે ! માટે હાયકુઓમાં શોકોર્મિ કવિતા તરીકે આ હાયકુ ઉત્તમ છે.

મીનું દેસાઈએ 'લલ્લુકાકાને' અંજલિ નિમિત્તે લખેલી પંક્તિઓ પણ ઉલ્લેખનીય છે.

૧૫. ''પિતા પ્રસન્ન ચક્ષુ અમે, સહુ શિશુ પક્ષી પરિધિ,
તમારી મેધાથી મહેકી રહી આ ગુર્જરભૂમિ''

શોકોર્મિ કવિતામાં શોકની ભાવાભિવ્યક્તિની વિવિધ તરાહો જોવા મળે છે.

૧. શોકોર્મિ કાવ્યકૃતિમાં  ૨. ગુચ્છ કાવ્યોમાં  ૩. યુગ્મ-કાવ્યોમાં
દીર્ઘ વિરહોર્મિ કાવ્યના વર્ગમાં 'કરુણપ્રશસ્તિ' ગણાવી શકાય આ વિભાગોમાં આવતી શોકોર્મિની અભિવ્યક્તિ રુદનથી શરૂ થઈ પરાકાષ્ઠા સુધી પહોંચતાં શોક દરમિયાન વિવિધ ભાવચ્છાયાઓ અને અવાંતરરૂપો જોવા મળે છે.



kalpana's

સ્વતંત્ર શોકોર્મિ કવિતાની કૃતિમાં હજી શોકનું જે સ્વરૂપ આવે છે તેના કરતાં ગુચ્છકાવ્યોમાં વિકસતું શોકનું વિશ્વ, તેના વ્યાપ, ઘૂંટાયેલું છતાં બહુરંગદર્શી પણું ધરાવતું અનેક છટાઓને અજમાવતું, કરુણપ્રશસ્તિમાં વર્ણવાતા શોક તરફ જાણે દોડી જતું, ક્યારેક આંખી લે તેવી ક્ષમતાનું આશ્ચર્ય પ્રગટાવતું લાગે છે. 'અદીઠ સવારી' ના પાંચ કાવ્યભાગોમાં ઉત્કટ શોક અને તેમાંથી ઝરતા કરુણ આગળ કવિને બુદ્ધિ અને શબ્દો જાણે કે જૂઠાં - નિરર્થક લાગે છે, ત્યાં કલાત્મક, ભાવાત્મક સિદ્ધિ લેખાય છે જીવનમાં બુદ્ધિ કરતાં પણ ઊંચું સ્થાન કવિએ હૃદય અને ઊર્મિને આપ્યું છે. તેની પ્રતીતિ એમાં થશે.

''આશ્વાસનના શબ્દ શકું વદી શે ?
આજે બન્યું છે મુંજ શાન રંક
વદું કદી તો યે શું શાંતિ અર્પશે ?
સંતપ્ત તારા ઉર ઘાતું પાવમાં ?
આશ્વાસન શબ્દોની વરાળ ઊડશે
હું વિજ્ઞાનું આજ અનન્ત શોકે
તું છો વહાવી ઉરને અનર્ગળ
મને ન શાંતિ, જૂઠું કેરી આશ્વરે
તને થશે ગોમતી કેમ શાંતિદા.''

શોક અને શાન્ત્વન બુદ્ધિ અને હૃદયની આધ્યાત્મિક રસાકસીમાં જ્યાં વહે છે ત્યાં કવિ શોકને સચોટ પણે સિદ્ધ કરી જાય છે ત્યાં 'તત્ત્વનું ઊંડું તુચ્છ લાગે છે. ગુચ્છકાવ્યોમાં નિરૂપિત શોકની આ કક્ષાએ પ્રાપ્તિ શક્ય છે કારણ કે તેની પાસે ગુચ્છની ગોઠવણની વ્યવસ્થા અને મોકળાશ છે. શોકાંજલિમાં પ્રકારવૈવિધ્યમાં ગુચ્છકાવ્યો ભાવાભિવ્યક્તિ અને કરુણના આલેખનની તેમજ વ્યક્તિત્વને સુરેખ રીતે ઉપસાવવાની વિવિધ ક્ષમતા ધરાવતું શોકોર્મિકાવ્યનું અંતર્ગત સુવિશેષ ગણ્યું છે.. કાવ્યાત્મકતાથી સભર એવા કલાત્મક રીતે મઢાયેલાં ગુચ્છકાવ્યોથી જાણે કે શોકોર્મિ કવિતાની કરુણ પ્રશસ્તિથી હાથવેંત છેટાં

લાગે છે. એ ગુચ્છકાવ્યોની અભિવ્યક્તિની સિધ્ધિ ગણાય.

શોકોર્મિકવિતા એક સાંસ્કૃતિક માનવસમાજના અભ્યાસનું નોંધપાત્ર સાધન બની શકે કારણકે તેમાં સૃષ્ટિજેમાં વિવિધ પ્રકારના આદર્શો, લાક્ષણિકતાઓ, સિધ્ધાંતો, વ્યક્તિત્વનું આલેખન જોવા મળે છે. તેથી શોકોર્મિકવિતા સિધ્ધાંતશાસ્ત્ર, દસ્તાવેજી પુરાવાઓ, ઐતિહાસિક સંદર્ભ, સમાજ દર્શન, નીતિશાસ્ત્રના અભ્યાસનું સાધન બની શકે છે તેમાં સદ્ગત વ્યક્તિ વિશેષ તે સંદર્ભમાં ઉત્તમ ઉદાહરણ સ્વરુપ બની રહે છે.

શોકોર્મિ કવિતામાં સ્થાયીભાવ તરીકે શોકનું કરુણમાં કેવું રૂપાંતર થાય છે એ શોકોર્મિકવિતાના આસ્વાદની દ્રષ્ટિએ મુખ્ય મુદ્દો છે. શોકોર્મિ-કવિતામાં કેન્દ્રસ્થાને શોક અને કરુણ હોય એનો અર્થ એ નથી કે માત્ર શોક અને કરુણ સિવાય અન્ય ભાવ કે રસને અવકાશ નથી. ખરેખર તો વાત્સલ્ય જેવો અન્ય ભાવ અને રસ તેમાં ક્યારેક કરુણ નિષ્પત્તિ અને સંક્રાંતિમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે છતાં શોક અને કરુણનું કેન્દ્રસ્થાન અવિચળ રહે છે અન્ય ભાવ કે રસ પોતાની મર્યાદામાં રહી મદદરૂપ બને છે. તેનું કાર્ય શોક અને કરુણને વધુ અસરકારક બનાવવા પૂરતું જ છે. તેથી તેમની મહત્વની ભુમિકા હોવા છતાં તે શોક અને કરુણના નિમિત્ત માત્ર છે. તેને આપણે રસમીમાંસાની પરિભાષામાં સંચારીભાવ કરી શકીએ.

શોકોર્મિ કવિતાની એ વિશેષતા નોંધી શકાય કે શોક નો ભાવ અને કરુણ ને બાદ કરતાં પ્રકાર, માનવીય સંબંધો રચનારીતિ કાવ્યમાં એ શોકોર્મિ કવિતાને કોઈ નિયંત્રણ નડતા નથી કોઈપણ છંદમાં અને કોઈપણ પ્રકારમાં શોકોર્મિ કવિતા હોઈ શકે અને અછાન્દસ્ શોકોર્મિ કવિતા પણ હોઈ શકે તે મધ્યકાલીન ઢાળમાં પણ મળે અને સંસ્કૃત વૃત્તમાં પણ મળે. તો તેનો દેશી ઢાળ પણ હોય તો નવાઈ નહીં એ પર ભાષાના છંદમાં લખાઈ હોય તો પણ તે આશ્ચર્યજનક ન કહેવાય. '' મરાઠી ભાષામાંથી જેમ સરલ- ગંભીર અભંગ ગુજરાતીમાં લાવવાનું માન સદ્ગત ભોળાનાથને છે તેમ



Kalpana's

તેમ તરલ – મધુર– અંજલી ગીત લાખવાનું માન મણિભાઈને છે. 'વિપ્રયોગ' 'સ્થિતિભેદ' , વગેરે ગીતોના સંગીત અને અર્થનો રણકાર જાણે ઘણીવાર સુધી મનમાંથી ખસતો નથી. એમના ગીતો ઉપરથી કલાપીએ અંજલી ગીતો લખ્યાં છે તે સંબંધી તે કહે છે – 'આકાશે એની એ તારા , એક દિવસ કોણ જાણે હું કેટલી વખત, બોલ્યો હઈશ અને બીજે જ દિવસે એ રાગમાં લખવા જેવીજ કેટલીક લાગણીઓ થાવતાં મેં એવા કેટલાક કટકા લખ્યા છે. અને કાન્તના અંજલી ગીતનો એવો પ્રભાવ છે કે કલાપીના કેટલાય ગીતોમાં કાન્તના જ ગીતોનો રણકાર, શબ્દોનું અનુકરણ, અર્થની છાયા દેખાયા કરે છે.......'' એ રીતે અંજલી ગીત કાન્તનું 'ગુજરાતી કવિતાને નજરાણું છે અને તેમાં લખાયેલું 'ઉદ્દગાર' ગુજરાતી શોકોર્મિ કવિતાનું સંગીતમય ભાવ સભર દૃષ્ટાંત બની રહે તેમ છે.

૧૮. '' આકાશે એની એ તારા

એની એ જ્યોત્સ્નાની ધારા

તરુણ નિશા પણ એની એ, દારા

ક્યાં છે એની એ ?

હરિશ્ચંદ્ર ભટ્ટની મોટાભાગની સ્વરાંજલિઓ સુરેખ, આસાદાર, સ્ફુટીકમય, લાઘવયુક્ત મુક્તકો છે. એમાં લાવણ્યમયતા પણ છે એ.ઈ.હાઉસમન કહે છે તેમ ૧૮.અ. ''મૌક્તિકોની જેમ આ મુક્તકો પણ કવિશિલ્પમાંથી સ્રવી આવે છે.'' આ મુક્તકો છંદ પ્રભવ માટે પણ નોંધપાત્ર છે છંદ કાવ્યની અભિવ્યક્તિમાં પૂરક–પોષક બને છે અને નિરૂપણની સંપૂર્ણતાનો અર્થ પણ સરે છે હરિશ્ચંદ્ર ભટ્ટના મુક્તકોમાંથી ચૂંટેલા મુક્તકોના દૃષ્ટાંતો પરથી તે જણાશે.

૧૯.........અમર તેં સહુના વધાવ્યા,

મુક્તાત્મ ચિદ્‌ગગનમાં કરતો વિહાર (ઝીલીને)

[20] ઊંડાં અશ્રુ અંતસ્તલ ઉકળતો અગ્નિરસ એ
રાખાવે તે જાણે ધરતી અથવા કો કવિઉર
(રાઈનર મારિયા રિલ્કેને)

[21] ત્વદેહ મણિસમ, બાળી ઉજાળતો તું
આત્મા.......... (મરણોન્મુખ બોદલેરને)

કવિના મુક્તકોમાં છંદ એવો વસ્યો છે કે અમુક છંદ યાદ કરતાં જતાં કવિરચિત પંક્તિઓજ યાદ આવી જાય છે. 'સ્વપ્ન પ્રયાણ'ની પ્રસ્તાવનામાં ઉમાશંકર જોશી એ બીજ છંદના ઉલ્લેખ સાથે કહે છે કે [22] "આવા કેટલાક છંદોની બાબતમાં હરિશ્ચંદ્રની પંક્તિઓ આગળ ધસી આવવાની સ્મૃતિઓનું પંક્તિઓમાં આમ ચમકવું કરવું એ ઘૂંટાયેલા કવિત્વની એક નિશાની છે." વળી અંજલિકાવ્યોમાં ગુજરાતીના પ્રચલિત છંદો અને પરભાષાના છંદો પણ કાવટ સાથે પ્રયોજ્યા છે. શોકોર્મિકવિતા અને શોકાંજલિ તેમજ અંજલિકાવ્યોની દૃષ્ટિએ રિલ્કેને અને બોદલેરને માટે ઉચ્ચારાયેલા શબ્દો શોકનીગળતા, કવિનો ઉરંશરૂ ઉકળતો હોય તેવી પ્રતીતિ કરાવે છે. ઉમાશંકર કહે છે તેમ ઘૂંટાયેલા કાવ્યત્વની ખાતરી કરાવે છે. ઊર્મિકવિતાના અંગભૂત લઘુ- વિરહોર્મિ કવિતાના વર્ગની શોકોર્મિ કવિતા આત્મલક્ષી ઊર્મિકવિતા છે

શોકોર્મિકવિતા, અંજલિકાવ્યો અને પ્રણયોર્મિ કાવ્યો હરિશ્ચંદ્રની ગુજરાતી કવિતાને ખીલી અનોખી ભેટ છે. ઉત્તમ મુક્તકોમાં વ્યક્ત થતી અંજલિ આપણું સંસ્કૃતિમય્ડું પર્વ છે. હરિશ્ચંદ્રભટ્ટના કાવ્યોમાં આ સંસ્કૃતિ સહજ રીતે ઝમે છે. ડબ્લ્યુ.બી. યેટ્સને શેલીને ની [23] "આશ્ચર્યકારી નયન તેં શીવ શેનું જોયું" પંક્તિમાં પુરાણોક્ત શિવના ત્રીજા નયનનો ઉલ્લેખ પાશ્ચાત્ય પાત્રોના કાવ્યત્વ માટે ભારતીય ધર્મ સંસ્કૃતિના ઉલ્લેખનો આધાર બને છે. 'મરણોન્મુખ બોદલેર' માં 'સંશુદ્ધ.....યોગી' પંક્તિમાં ગૂંથેલી શબ્દાવલિથી પાશ્ચાત્ય વિભાવોને પણ ગુજરાતી વાણીમાં અવતરતા

અન્યના સંદર્ભોમાં કેવો ઘેરો પાસ ચડે છે એના આ દૃષ્ટાંતો છે. આ ઉપરાંત 'રાઈનર મારિયા રિલ્કેને મરણોન્મુખ બોદલેરને અનાજીને, શેલીને જેવાં પાણીદાર મુક્તકો આ સદીના ઉત્તમ મુક્તકો છે. હરિશ્ચંદ્રના કાવ્યસર્જનમાં અને શોકોર્મિ કવિતામાં ઉત્તમ ગુણો ધરાવતી યૌવનને ઉંબરે ઉભેલી બહેનના મૃત્યુના શોકમાં લખાયેલી 'નિદોષ ને નિર્મલ આંખતારો' કૃતિ અનેક કાવ્યગુણોનો કલાસંપુટ છે.

ઊર્મિ કવિતાનો ચયમિ વસ્તુપ્રધાન, ઊર્મિપ્રધાન, કલ્પનાપ્રધાન એમ ત્રણ ઊર્મિકવિતાના પ્રકારમાંથી કોઈ એક અંશનું પ્રાધાન્ય હોય તો તે ઉત્તમ ચિંતન પ્રધાન, ઊર્મિપ્રધાન કે કલ્પના પ્રધાન કાવ્ય ગણાય [૨૪] આમ છતાંય શું એ સંભવિત નથી કે કોઈ ઊર્મિકાવ્યમાં આ ત્રણેય અંશો લગભગ સમપ્રમાણ ઉતર્યાં હોય ? તો એ કાવ્ય ઊર્મિકાવ્ય લેખે સર્વોત્તમ ના ગણાય ? શ્રી બળવંતરાયની પરિભાષાની રીતે કહેવું હોય તે જ ઊર્મિકાવ્ય તરીકે દ્વિજોત્તમ ? સુંદરમ્‌નું 'પૃથ્વી મૈયા' અને હરિશ્ચંદ્રનું 'નિર્દોષને નિર્મળ આંખ તારી' ત્રણે અંશોમાં સમતોલ ઉતરે તેવાં કાવ્ય ગણાય તેમ લાગે છે" ચંદ્રશંકર ભટ્ટ 'ઊર્મિકવિતા' નિમિત્તે ખાસ નોંધે છે કે " [૨૫]" અર્વાચીન યુગમાં આવાં લઘુવિષાદ-કાવ્યો ઘણાં લખાયાં છે........" હરિશ્ચંદ્ર ભટ્ટનું યૌવનના ઉંબરે પગમૂકતી બહેનના અવસાનના વિષાદને ગાતું 'નિર્દોષને નિર્મળ આંખતારા' તેની અભિવ્યક્તિ, પ્રતીકાદિ રચનાકૌશલ અને વિષાદભાવની સચ્ચાઈના રણકારથી આપણું એક ઉત્તમ વિષાદકાવ્ય બને છે." સંવેદનાની કાવ્યાત્મક અભિવ્યક્તિ, યૌવન, શૃંગાર અને મૃત્યુના રૂપકોની પરસ્પર વિરોધી સજાવટમાંથી કરુણ વધુને વધુ ઘેરો બને છે ને કવિ નિશ્વાસ નાખી ઉઠે છે.

[૨૬]" 'સુકોમળ દેહકળી મરે, અરે...
વસંતની કૂંક અહીં ખરી પડી!"



kalpana's

શોકોર્મિ કવિતાના વૈવિધ્યમાં કાવ્યનું પ્રકારવૈવિધ્ય અને પ્રયોગશીલતાની વિવિધતા જોવા મળી છે. તેમ તેના વિભાજનમાં પણ નજર કરતાં જણાશે કે એક જ પાત્ર પર અનેક કવિઓએ લખેલાં કાવ્યો (દા.ત. ગાંધી કાવ્યો, સરદાર વિશેના કાવ્યો) અનેક કવિઓએ લખેલાં કુટુંબભાવે સ્વજનમાટેનાં અનેક કાવ્યો, અને એકજ કવિએ લખેલાં અનેક પાત્રો વિશેનાં કાવ્યો - એમ ત્રણ વર્ગીકરણમાં શોકોર્મિ મળી છે તે વિભાજનથી જણાશે કે શોકોર્મિ કવિતા એક તુલનાત્મક અભ્યાસનું પણ સાધન છે. આ પ્રકારના વર્ગીકરણથી આલેખન-શક્તિ, વ્યક્તિત્વને ઉપસાવવાની વિવિધ અજમાયશો અને પાત્રાલેખન વગેરેનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે, શોકોર્મિ કવિતારૂપે આવતાં ગાંધીકાવ્યોમાં પણ કક્ષાભેદ વર્ગભેદ જોઈ શકાય છે. ગાંધીજી સાથે કૌટુંબિક આત્મીયતા ધરાવતી વ્યક્તિઓના સંદર્ભમાં જે કાવ્યો લખાયાં છે, એમાં કૌટુંબિક આત્મીયતા જોવા મળી છે. પણ રાષ્ટ્રીય પ્રભાવ જે કાવ્યોમાં છે તેમાં તે આદરવંત, મહાપુરુષ તરીકે આલેખાયા છે. અને કેટલાંક કાવ્યોમાં માત્ર તેમનાં કાર્યો અને વ્યક્તિત્વનો ઉલ્લેખ છે. આ ત્રણેય વિભાગોમાં જ્યાં આત્મીયતા છે ત્યાંજ કાવ્યત્વમાં શોકોર્મિની અભિવ્યક્તિને કારણે શોકોર્મિકવિતા બની શકી છે. સ્વભાવ, કાર્યો, વ્યક્તિત્વ, પ્રભાવ, વિવિધ સ્મૃતિઓ કે પ્રસંગોનાં આલેખન-વાળી કૃતિઓ શોકોર્મિ કવિતા બની શકી નથી. પૂજાલાલ કૃત 'એક અંજલિ' કાવ્યમાં બેદણાવની નીતિ, હિંસા, સત્યાગ્રહ, એકતાની હિમાયત રાજકીય પ્રવૃત્તિના ઉલ્લેખો અને ગુણાનુવાદ હોવાથી તે અંજલિકવિતા કે સ્મરણાંજલિ અથવા માનાંજલિ કહીએ. મૃત્યુ પ્રસંગે લખાયેલી કૃતિ આમ તો 'મરણ નિમિત્તક કાવ્ય' અથવા અંજલિ કાવ્ય ગણાય. વ્યક્તિ માટે સદ્ભાવ હોય અને તેના મૃત્યુના કારણે ઘાને કારણે કાવ્ય લખાય તો ભાવાંજલિ, માન ઉપજે તેવી વ્યક્તિ માટે મૃત્યુપ્રસંગે આદરની અભિવ્યક્તિ હોય તો માનાંજલિ, શ્રદ્ધાન્વિત અભિવ્યક્તિ વાળી કૃતિ શ્રદ્ધાંજલિ અને અર્ધ્ય આપતી કૃતી અર્ધ્યાંજલિના વર્ગમાં મૂકી શકાય પણ એક વાત નિશ્ચિત છે કે સદ્ગત વ્યક્તિ અન્ય વ્યક્તિઓની સરખામણીમાં એક યા બીજી રીતે

સવિશેષ પ્રભાવ પાથરી ગઈ હોવી જોઈએ. એમાં આત્મીયતામાંથી માન કે શ્રદ્ધાની અભિવ્યક્તિ આવે તો તે માનાંજલિ કે શ્રદ્ધાંજલિ બને. શોકની અભિવ્યક્તિ આવે તો જ તે શોકાંજલિ કે શોકોર્મિ કવિતા બને. આ ચર્ચા પરથી તારવી શકાય કે સવિશેષ પ્રભાવ મૂકી ગયેલી કૃતિના સંદર્ભમાં અંજલિ હોય પણ હૃદયપૂર્વકની અનન્ય આત્મીયતા અને એકત્વ, રુધિર એકરૂપ એવી સ્થિતિ હોય અને વિરહનું નિમિત્ત મૃત્યુ બને તેનો વિરહ, ગ્લાનિમાંથી બહાર ન નીકળી શકાય અને કાવ્યમાંથી શોક વ્યક્ત થાય કરુણ દ્રવે તો શોકોર્મિ કવિતા કે શોકાંજલિ બને. અહીં હવે એક સ્પષ્ટતા જરૂરી લાગે છે કે અંજલિ કવિતાના કાવ્યારંભે મૃત્યુજન્ય ગ્લાનિ કે શોકની લાગણી ઘડીભર વ્યાપે તો તેવી કૃતિ શોકોર્મિ કવિતા કે શોકાંજલિ ગણાય કે નહીં ? તેના સંદર્ભમાં પણ સાચું તો એ જ છે કે મૃત્યુના ઉલ્લેખથી કાવ્યારંભ થયેલી કૃતિમાં આત્મીયતા, વિરહ, શોક અને કરુણની ઉત્તમ-શ્રેણી ભાવોની કલાત્મક ગૂંથણી હોય તો જ તે કૃતિ શોકાંજલિ કે શોકોર્મિ કવિતા ગણાય કારણ કે મારી દૃષ્ટિએ ગ્લાનિ એ શોક નથી. કાવ્યારંભે ગ્લાનિ મળે પણ તેમાં આગળ શોક ના અનુભવાય તો તે કયાંથી શોકોર્મિ કવિતા કે શોકાંજલિ બને ? વળી કોઈ પણ અંજલિ કાવ્યમાં મૃત્યુ ગ્લાનિ કે શોક, અભાવ કે પ્રભાવ, મંથન, સ્મરણ, શ્રદ્ધા, [illegible] વત્તે-ઓછે અંશે અવશ્ય અંગ તરીકે જોવા મળવાનાં જ. જો એમના ભાવ સ્પર્શવાળી કૃતિને શોકોર્મિ કવિતા કહીશું તો જેની રગરગમાં અને હાર્દમાં પણ શોક જ હોય, કોઈપણ પંક્તિમાં શબ્દ શોકનો જ સંવેદનાનો રણકો આપે એ કવિતા શું ઉત્તમ શોકોર્મિ નથી ? એ દૃષ્ટિએ અંજલિ કાવ્યોની ફેરવિચારણા કરવી પડે અને તેમ કરતાં શોકોર્મિ કવિતાના આદર્શ સ્વરૂપનો ખ્યાલ બાંધીશું. તે અર્થમાં અંજલિ કાવ્યોમાંથી શોકાંજલિ અથવા શોકોર્મિ કવિતા કઈ ? તે ઓળખવાનો પણ આ અભ્યાસનો ઉપક્રમ છે.



kalpana's

આપણે અંજલિકાવ્યોનાં આંતરરૂપો વિશે પણ ખ્યાલ કેળવ્યો. અને શોકાંજલિ શબ્દનો અર્થ સમજી સ્વજન સંદર્ભ, આત્મીયતા, મૃત્યુજન્ય વિરહ, શોક, કરુણ અને અંજલિ જેવાં તેના દિશા સ્તંભો કે કાવ્યતત્ત્વોનો પણ વિચાર કર્યો. આ બધાં કાવ્યતત્ત્વોમાં શોક અને કરુણ શોકોર્મિ-કવિતાના કલા સ્વરૂપનાં અતિ અનિવાર્ય તત્ત્વો છે. અન્ય કાવ્ય તત્ત્વો કે લક્ષણોની સરખામણીમાં તેમનું શોકોર્મિના કાવ્ય સ્વરૂપમાં વિશિષ્ટ સ્થાન છે. આત્મલક્ષી ઊર્મિકવિતાના વર્ગની શોકોર્મિ કવિતા ઊર્મિકવિતા છે તેથી ઊર્મિકવિતાના લક્ષણોને વરેલી છે. તેથી ઊર્મિકવિતાનાં લક્ષણો સાથે ઊંડી કાવ્યાત્મકતા     સિદ્ધ કરી કલાત્મકતાના ઊંચા ગુણો સાથે શોક અને કરુણની અભિવ્યક્તિ આપી કલાકૃતિ બની રહે તે શોકોર્મિ કવિતા કે શોકાંજલિ. ઊર્મિકવિતાના લક્ષણો તેની પ્રથમ ઓળખ છે. શોકોર્મિકવિતાનાં કાવ્યતત્ત્વો-લક્ષણો ચરિતાર્થ કરે તો તે શોકોર્મિ-કવિતા છે. કારણ કે આ કાવ્ય તત્ત્વો જ તેને શોકોર્મિકવિતાનો દરજ્જો અપાવી શકે એમ છે. મૃત્યુના વિરહે શોકની ગાળી કરુણ ટપકતી, હૃદયને અસર કરી જનારી, કૃતિ શોકોર્મિકવિતા છે. એમાં અન્ય કાવ્ય-તત્ત્વોની સમાનતા ક્યાંક ક્યાંક જોવા મળે પણ શોકમાંથી જન્મી, સપાટી પરથી શોકના અતીતની સહેલ કરે અને કરાવે, અભિવ્યક્તિને કરુણસભર બનાવે પંક્તિએ પંક્તિએ ઘૂંટાતા શોકને પ્રગટાવે, શબ્દે શબ્દે કરુણ દ્રવે -સમગ્ર કૃતિમાં શોક મગ્ન ભાવવિશ્વ અને કરુણનું સામ્રાજ્ય હોય શોકનું જ કાવ્યમાં પ્રાધાન્ય હોય, સાદ્યંત શોકભીની અભિવ્યક્તિ હોય તેને શોકોર્મિ-કવિતા કહેવી જોઈએ. અન્ય અંજલિકાવ્યો શ્રદ્ધા, ભાવ, માન, આદર સ્મરણ, અર્ઘ્ય સુધી આવી અટકી જાય છે માટે જ તે જે તે અંજલિકાવ્ય તરીકે ઓળખાય છે. શોકાંજલિ શોકથી અટકતી નથી પણ શોકથી શરૂ થઈ કરુણ સભર બની અંજલિ બની રહે છે. માટે તે શોકોર્મિકવિતા છે. તેથી કહેવું જોઈએ કે અન્ય અંજલિકાવ્યના અંતથી શોકાંજલિ કે શોકોર્મિ-કવિતા શરૂ થાય છે. તેમાં કરુણનાં આટાપાટાભર્યું આંતરખેલન હોય છે.

તેનો એક કિનારો મૃત્યુનિર્દેશ અને બીજો કિનારો અંજલિ છે. સ્મરણ, અર્ધ્ય, શ્રધ્ધા વગેરે તો શોકોર્મિ કાવ્યના સરિતા તટે અત્ર તત્ર દેખાતી વનશ્રી છે. એમાં મહિમા તો શોક સરિતાનો જ છે. સરિતાને આશ્રયે વનશ્રી શોભે તે શોભા શોકોર્મિ વિના મૂલ્યહીન છે.

શોકોર્મિકવિતામાં શોક વાચાળવિના, કોઈ પણ પ્રકારની મેળવણી વિના ખીલે તે શોકોર્મિની અભિવ્યકિત માટે ઉત્તમ ગણાય. શોકનું શોકોર્મિકવિતામાં જે રીતે નૈસર્ગિક રૂપ મળે તેવો આદર્શ કવિતામાં ઉપલબ્ધ થવો જોઈએ. પોતાની અભિવ્યકિત માટે તે સંપૂર્ણ સક્ષમ, સ્વાયત્ત છે. ઊંચી માત્રાએ અભિવ્યકિત પામેલો શોક ઉત્તમ કરુણનો અનુભવ કરાવે છે. અસલ શોકના સ્વરૂપને અને કરુણની રસાનુભૂતિને તાર્કિક બુધ્ધિમત્તાની દલીલો કરતાં હૃદયના ભાવ સાથે વધુ સંબંધ છે. આમેય શોકની ભાવાભિવ્યકિત હોય દલીલબાજી નહીં. તેની આગળ બુધ્ધિ, તર્ક, વિચાર પાંગળા પડી જાય છે. શોક ઉદ્‌ભવ પછી સ્થળ, કાળ, પાત્ર, સમય, સંબંધ, સ્થિતિની મર્યાદા મૂકી દઈ માત્ર હૃદયવશ બની રહે છે. હૃદયની ઈચ્છા પ્રમાણેનું તેનું વહન હોય છે. શોકોર્મિનું આ પણ એક વિશિષ્ટ લક્ષણ છે. ઉત્તમ શોકની ભાવાભિવ્યકિતનું આ સ્વરૂપ આત્મીયતા વિના શકય નથી. માટે શોકાંજલિ બનવા જતાં; આત્મીયતાના અભાવે શોક પ્રાપ્ત નહીં થવાથી કૃતિ માનાંજલિ કે ભાવાંજલિ અથવા નિવાપાંજલિ બની રહે છે. એ દૃષ્ટિએ ભાવ અને રસકોટિથી વંચિત રહી જવાની ઊણપે એ કૃતિ પૂર્ણતામાં ઊણી ઉતરે છે. આ કારણે જ અંજલિકાવ્યોમાં શોકાંજલિ કે શોકોર્મિકવિતા જવલ્લે મળતી કૃતિ છે. આત્મીયતાને કારણે આત્મલક્ષી ઊર્મિકવિતા બનતી કવિતા અને વિરહ-શોકત્વના ભાવને નિરૂપતી શોકોર્મિકવિતામાં કાગળના ફૂલ અને કુદરતના ફૂલ જેટલું અંતર છે. એ દૃષ્ટિએ અન્ય અંજલિપ્રકારો પછી શોકાંજલિ મંડાય છે. એ કૃતિ મને લાગે છે કે કવિ પોતાના રસથી લખે છે જયારે અન્ય અંજલિ કાવ્યોમાં કયાંક ઓછપ કે શિષ્ટાચારની કૃત્રિમતા વર્તાય. તેથી એમ કહેવું યથાર્થ લાગે છે કે અન્ય અંજલિકાવ્યોમાં શોકોર્મિ-



kalpana's

કવિતા કે શોકાંજલિ સર્વોત્તમ છે. અન્ય અંજલિ કવિતાઓ સદ્‌ગતની લાગણીના સંદર્ભે સ્વજનોના ભાવને સાથે રાખી લખાતી કૃતિ છે પણ શોકોર્મિ કવિતા સદ્‌ગત માટે પોતાની લાગણી વ્યકત કરતી લખવા માટે કવિને વિવશ કરી મૂકતી કવિતા છે. એમાં કવિ અને સદ્‌ગત સ્વજનની વચ્ચે કોઈ હોતું નથી. શોકોર્મિકવિતા લખીને કવિ કંઈક વિશેષ સ્વરૂપે અનુભૂતિ મેળવે છે. માટે એવું કહી શકાય કે અંજલિ-કાવ્ય કૃતિ છે તો શોકોર્મિકવિતા કે શોકાંજલિ તેની સરખામણીમાં કલાકૃતિ છે. કારણ કે તેમાં ભાવ, રસ, અભિવ્યકિત ચડિયાતાં છે. કવિ અંગત રસ લઈ કવિતા લખે છે. બીજો કોઈપણ પરિબળની અસર હેઠળ આવીને નહીં પણ માત્ર પોતાના મનની અભિવ્યકિત, પોતાના સ્વયં સ્ફૂરણને વશ થઈ કૃતિ લખે છે. માટેજ અપાયેલી અંજલિ કે નિવાપાં-જલિ કરતાં શોકોર્મિકવિતા જોજન દૂર છે. નિવાપાંજલિમાં ઔપચારિકતા સંભવી શકે પણ શોકોર્મિકવિતામાં આત્મીયતા જ અનિવાર્ય છે. એમાં શોકની અભિવ્યકિત અતીતના ઊંડાણને સ્પર્શતી જોવા મળે છે

દા.ત.

> ૨૭. ''ભાવનગરનાં ભાવસીં, સૌમ્ય શિતળ ગંભીર
> ક્ષુબ્ધ ધગતરણમાં મધુર વાધી અતાગ નીર''

બ.ક.ઠા. શ્રી આ પંકિતઓમાં ભાવનગરના ભાવસિંહજી દિવાનશ્રી પ્રભાશંકર પટ્ટણીને' કૃતિમાં લોકનજરમાં ભાવસિંહજીનું ચિત્ર સ્થિર કરે છે. આગળ આલેખનમાં કવિ શ્રી પ્રભાશંકર માટે આત્મીયતા પણ પ્રગટ કરતા લાગે છે પણ એજ દિશામાં કૃતિ આગળ વધી હોત તો તે શોકોર્મિ-કવિતા તરફ ગતિ કરી શકી હોત પણ કવિતા કોઈ જુદાજ વળાંકે વળી જાય છે. કાવ્યાંતે તો કવિરચિત પ્રારંભ અનિવાર્ય પણ લાગતો નથી. પંકિતઓમાં લઘુતા ગુણદર્શન છે. આત્મીયતા પછી કવિ કશું ગૌરવાસ્પદ કલ્પિત કરી શકયા નથી. તેથી 'ભાવસિંહજી દિવાનશ્રી પ્રભાશંકર

પટ્ટ

પટ્ટણીને' કૃતિ શોકોર્મિકવિતા કે શોકાંજલિની ક્ષમતા ધરાવતી હોવાં છતાં પણ નિવાપાંજલિ બની અટકી પડી છે. શોકોર્મિ કવિતાના કોઈ-કોઈ લક્ષણ ધરાવતાં આવાં તો ઘણાં અંજલિકાવ્યો એકત્ર કરી શકાય કે જેમાં શોકાંજલિના એંધાણ વર્તાય પણ દુર્ભાગ્યે તે અંજલિ જ શોકોર્મિકવિતા સુધી પહોંચી ના શકી હોય. ઘણાં કાવ્યો મૃત્યુનિમિત્તે લખાયાં હોવા છતાં તેમાં મૃત્યુ પૂર્વેનાં સંસ્મરણો છે, સ્મરણો સાથે કદાચ વાંધો ન લઈએ પણ કાવ્યમાં મોંઘા સ્મરણોનો ઉત્તમ વિનિયોગ નો અભાવ સર્જાય, સ્મરણો સજીવ થતાં પણ ન લાગે ત્યારે પંક્તિઓમાં શબ્દો થઈ જકડાઈ ગયેલાં સંસ્મરણો જાળમાં ભેરવાઈ ગયેલા ઘરેણા જેવો અફસોસ પ્રગટાવે છે. પૂજાલાલનાં ઘણાં અંજલિકાવ્યોમાં વ્યક્તિચિત્રો અને સ્મૃતિચિત્રો મળે છે. કાવ્યોમાં સહેજ આઘાતની ઠેસ લાગે, કે કરુણતાનો ક્ષણિક રંજ જગાવે અને આસ્વાદની આશા બંધાય ત્યાં કૃતિ પૂરી થઈ જાય એવી કૃતિઓમાં શોક અને કરુણનો અભાવ વર્તાય છે.

> ૨૮. "......પિતાનું પોતાના જીવનમાં જે મહત્ત્વ હતું તેના આલેખનથી આરંભ કરી કવિ પિતાની સેવા ન કર્યાના પશ્ચાતાપમાં સરે છે, અને ક્ષમા યાચે છે. વળી પાછાં કવિ પિતાના કાર્યને અંજલિ આપી તેમનું કુટુંબમાં જે કાર્ય હતું તેને ભાવપૂર્વક સ્મરે છે અંતમાં વ્હાલનું ઝરણું વહેતું રહેશે આશાસૂરથી કાવ્યનું સમાપન થાય છે....."

શોકોર્મિકવિતામાં અન્ય કાવ્યપ્રકારોની જેમ વિવિધ કાવ્યતત્ત્વો, જેવાં કે પ્રકૃતિ, ઉત્પાદનો, ઉપકરણો, પ્રસંગ, પાત્રાલેખન, છંદ કૃતિને અલંકૃત કરી કાવ્યકૃતિ બનાવવા માટે સહાયરૂપ બને છે પણ તેના પ્રમાણભાન અને ઔચિત્ય વિશે વિચારવું રહ્યું. ઘણાં કાવ્યોમાં પ્રકૃતિ કવિના ભાવ અને વિભાવનું માધ્યમ કે રૂપક થઈને આવે છે. પણ તેથી હે કાવ્ય પ્રકૃતિકાવ્ય બનતું નથી. સ્થૂળતામાંથી રૂપાંતર પામી પ્રકૃતિ જ્યારે



kalpana's

કાવ્યને નવું રૂપ આપે છે કે એ દૃષ્ટીએ તેના વિનિયોજનની ગુણવત્તા, કક્ષા, કૌશલ અને ઉચ્ચાવચતા તપાસવા જોઈએ. કારણ કે પ્રકૃતિ, પ્રસંગ પાત્ર, કે પરિસ્થિતિ બધાં જ તત્વો શોક અને કરુણની વ્યંજનાની દૃષ્ટિએ શોકોર્મિકવિતામાં ઔચિત્ય નિષ્ઠ હોવાં જોઈએ. કાવ્યમાં તેમની એક જ ઉપયોગીતા પૂરવાર થવી જોઈએ અને તે કૃતિમાં કેન્દ્રસ્થ શોક અને કરુણની સઘન અભિવ્યક્તિમાં તેમનો અનન્ય ફાળો કાવ્યમાં વીરરસનો પ્રસંગ, અને શહાદત આવે તો પણ તે કૃતિ દેશભક્તિ કે વીરરસની ન બને પણ તે શોકોર્મિકવિતા કે શોકાંજલિ ત્યારે જ બને કે જ્યારે શહાદત શોક બને પણ તે શોકોર્મિકવિતા કે શોકાંજલિ ત્યારે જ બને કે જ્યારે શહાદત શોક બક્ષે અને વીરરસમાંથી કરુણ રસની સંક્રાંતિ મળે. શોકોર્મિકવિતામાં શોક અને કરુણ સિવાયના બધાંજ કાવ્યતત્વો માત્ર તેની અભિવ્યક્તિનાં નિમિત્તરૂપ છે.

શોકોર્મિકવિતામાં શોકની અભિવ્યક્તિ માટે કંઈ અપેક્ષા છે તેની ચર્ચા અનેક દૃષ્ટિએ કરી તેમાં એક વધુ વિચાર ઉમેરતો ગમે કે મૃત્યુજન્ય શોકમાટે જે વ્યક્તિવિશેષનો ઉલ્લેખ હોય તે પછી શોક પણ કાવ્યના નિરૂપણની કક્ષાનો બન્યા પછી તેમાં ત્રણ તારણો જોવાં મળે ૧. સ્વજનરૂપ મૃત પાત્રના મૃત્યુથી અનુભવેલો શોક. ૨. એ શોકનું કાવ્યમાં નિરૂપિત રૂપ અને કક્ષા. ૩. વાચકે તે વાંચ્યા પછી અનુભવેલો શોક. આ ત્રણે કક્ષા કે તરાહો વચ્ચે સાતત્ય અને અનુભૂતિનું સામ્ય હોવું જોઈએ. કવિએ જે માત્રાએ શોક અનુભવ્યો હોય તેટલીજ માત્રા એ કાવ્યમાં તે અવતરે અને તેજ માત્રાએ ભાવક અનુભવે, તેમાં કોઈપણ કક્ષાભેદ કે કક્ષાફેર ન હોઈ શકે ટૂંકમાં ઉદ્ભવ, અભિવ્યક્તિ અને આસ્વાદ સુધી સરખા રૂપે શોક વર્તાય તે ઉત્તમ શોકોર્મિકવિતા કે શોકાંજલિ. શોકાંજલિની સૌથી મોટી સિદ્ધિ આ સંદર્ભમાં એ છે કે અત્યંત અંગત સંદર્ભમાંથી ઉદ્ભવેલો શોક અને કરુણ સાવ બિનઅંગત પટમાં વિસ્તરે



kalpana's

તોજ સ્વાનુભવની અનુભૂતિ સર્વાનુભાવમાં પરિણમે અંગત વ્યક્તિગત શોક વૈશ્વિક અનુભૂતિ બને છે. ભાવક એ અજાણ્યા સંદર્ભમાંથી કાવ્યરૂપે વહેતી આવેલી અનુભૂતિને માટે પોતીકી બની જઈ ભાવવિભોર કરી દે છે. પાત્ર અને માધ્યમ બદલાય પણ ભાવાનુભૂતિ અને રસાનુભૂતિને કોઈ બાધ ન આવે તેવા શોક અને કરુણથી ગૂંથાયેલી કૃતિ શોકોર્મિકવિતા કે શોકાંજલિ છે.

શોકોર્મિકવિતામાં શોકનું આટલું ઊંચું સ્થાન હોય તો, તેની સાથે આ શોકને બક્ષનાર સદ્‌ગત વ્યક્તિવિશેષનું મૂલ્ય અને સ્થાનનો વિચાર નકારી શકાય નહીં. સામાન્યતઃ મોટાભાગની શોકોર્મિકવિતામાં સ્વજનસંદર્ભ અને મૃત્યુજન્ય વિષાદ, વિરહની અભિવ્યક્તિ માટે એકજ વ્યક્તિવિશેષનો ઉલ્લેખ જોવા મળે છે પણ એ ચુસ્ત વલણ બધી કૃતિઓમાં સર્વસામાન્ય નથી.

૨૯. ''રહ્યું કર્તવ્ય પણ ના જો સહુ આકરો
તર હશે તારો નિર્મલ હસતો હાસે
પ્રિયે પ્રેરાય જો તવ દિવ્ય, જ્ઞાન વિજ્ઞાન હાસ્ય
ગ્રહી ઊડી શકું, જોઉં પછી ક્ષણમાં પારો''

'જ્ઞાન વિજ્ઞાન' કાવ્યમાં કાન્ત આ પંક્તિઓમાં બે મૃત પાત્રનો ઉલ્લેખ કરે છે. મૃતપત્ની ની સાથે કલહંસ જેવો પુત્ર પણ આકરો સિધાવ્યો તેનો સંદર્ભ છે. અહીં એટલું સ્પષ્ટ છે કે કવિ એ મૃતપાત્રને બદલે મૃતપાત્રોનો ઉલ્લેખ કર્યો છે. પણ તેની ઉચ્ચવચતા એ રીતે જાળવી છે કે પુત્રના મૃત્યુના ઉલ્લેખથી મૃત પત્નીના પ્રાધાન્યથી તેની શોકાનુભૂતિને કોઈ આંચ આવતી નથી. પ્રકારાંતરે એમ કહી શકાય કે એક કરતાં વધારે મૃત્યુના સંદર્ભ હોવા છતાં શોકાંજલિમાં મૃત્યુ જન્ય શોક કે વિષાદનો મૂલાધાર તો એકજ વ્યક્તિવિશેષ પર છે. બાકીના ઉલ્લેખ શોકપૂરક કે નિમિત્તરૂપ હોય છે એ પરથી કહી શકાય કે અન્ય ઉલ્લેખોમાંથી શોકની સબળતા અને સફળતા સાચવે તેવા વિનિયોજનની સૂઝ શોકોર્મિકવિતાના કવિએ



kalpana's

દાખવવી રહી. શોક અને કરુણની એકનિષ્ઠ વફાદારીની કસોટીરૂપ કાવ્ય તે શોકોર્મિકવિતા કે શોકાંજલિ. ભાવાભિવ્યક્તિ દરમિયાન ઘેલછાને બદલે શોક પરત્વે સભાનતા જાળવવી જરૂરી ગણાય. શોકોર્મિ-કવિતાનાં આ બધાં લક્ષણો અંજલિકવિતાની તુલનાએ સવિશેષ છે. ઝવેરચંદ મેઘાણીકૃત 'યુગવંદના' માં ચેટરજીએ લખેલા બે અજાણ્યા શહિદો પર વારી જઈ અનુવાદ રૂપે મેઘાણીએ 'ફુલમાળ' કાવ્ય લખ્યું, આ કાવ્યની વિશેષતા બેવડી છે. એક તો યુવાનો અજાણ્યા હોવા છતાં મેઘાણીને તેમાં બલવત્તર આલેખન માટે અંગતભાવ જાગ્યો છે. એટલે કૃતિના સંદર્ભે પણ વિચારવા જેવું છે કે મૂળ લેખક ચેટરજી, તેની કૃતિની અસર ઝવેરચંદ પર અને તેના પરથી લખાયેલી કૃતિ તે 'ફુલ માળ' - અર્થાત્ મૃત્યુના ઘાની 'ફુલમાળ'માં ઉતરેલી અનુભૂતિનો મૂળ રણકો તો ચેટરજીમાં છે. હવે 'ફુલ માળ' ગુજરાતી ભાવક વાંચે અને તે અસર કરી જાય છે તો તેના શોકના ઘાની અસલિયત કેવી હશે ? કે ઝવેરચંદને અને પછી આજે આપણને પણ વાંચતી ગમે છે. મનનીય મુદ્દો એ છે કે સચોટ અંગત અનુભૂતિ અને સઘન શોક આ કક્ષા સુધી અંગત માંથી બિનઅંગત, વૈશ્વિક કક્ષાની ક્ષમતા ધરાવી શકે છે. અને સુંદર શોકોર્મિ-કવિતા રચી શકે છે.

શોક અને કરુણ, શોકોર્મિકવિતાના, બધી કવિતાઓ માટે સમાન તત્વો છે તો પછી શોકોર્મિકવિતાની ઉચ્ચાવચતા કેવી રીતે ઓળખવી ? એના ઉત્તરમાં એમ માનવું યોગ્ય ગણાશે કે તેના નિરૂપણમાં દેખાતા માત્રા-ફેર પરથી શોકોર્મિકવિતાની ઉચ્ચાવચતા પારખી શકાય. પ્રત્યેક શોકોર્મિ-કવિતાનાં સદ્‌ગત વ્યક્તિ વિશેષ સાથેનો સંબંધ તેનું સ્વરૂપ અને તેમાંથી બંધાયેલી આત્મીયતા પ્રમાણે નિરૂપણમાં માત્રફેર મળવાની સંભાવના છે. અંગત xxxxx, વ્યક્તિ, સ્વજન, પ્રિયજન, કુટુંબી વ્યક્તિ, સામાજિક સંબંધોને આધારે પ્રચલિત વ્યક્તિઓ સાથેના પરિચય માંથી અપાતી અંજલિમાં એક યા બીજા સ્વરૂપે તફાવત રહેવાનો જ સ્નેહી અને સ્વજનનો

અપાતી શોકાંજલિમાં સંપર્ક, સ્મરણીય પ્રસંગો, અને સંપર્ક કે સંબંધમાંથી ઘનિષ્ઠતા પ્રમાણે અસર દેખાવાની એમ કહીએ તો ચાલે કે સ્વજનના જીવનમાંથી બહાર નીકળી જઈ, તેના વિના અનુભવાતો ખાલીપો સ્મરણોને આધારે અનુભવી કવિ involvement વ્યક્ત કરે છે. તેમાં કવિ સાક્ષીરૂપે જોવા મળશે પણ જાહેર પ્રતિષ્ઠા પામેલા લોકોમાંથી કોઈને અંજલિ અપાશે ત્યારે તેના બયાનમાં તેના કાર્યો, તેની સેવા, વગેરે લઈ તેમાં દર્શકરૂપે જોવા મળશે. ગાંધી, સરદાર, કસ્તુરબા, મહાદેવભાઈ, લોકમાન્ય તિલક, જવાહરલાલ નહેરુ જેવી રાષ્ટ્રીય પ્રતિભા ધરાવતી વ્યક્તિઓને અપાયેલી અંજલિમાં તેના વ્યક્તિત્વ અને કાર્યો વધારે દેખાશે. એમાં માપદંડ લોકજગતના મૂલ્યો પર આધારિત છે જ્યારે આત્મીય સંબંધે અપાયેલી શોકાંજલિ ભાવજગત અને અંગત અનુભૂતિ પર આધારિત રહે છે. બન્નેની ભૂમિકામાં પણ તફાવત છે. એકમાં હૃદયના ભાવો અને સ્પંદનોની ભૂમિકા છે બીજામાં બૌદ્ધિક, માનસિક ભૂમિકાપર વર્ણન આવે છે. પણ આ બન્ને પ્રવાહોમાંથી વહેતું આંતરઝરણું એક બીજું પણ છે. એમાં જાહેર પ્રતિભાવંત મહાપુરુષો સાથે સ્થપાયેલી આત્મીયતા અને તેમનો પ્રભાવ, બન્નેનો સમન્વય જોવા મળે છે પણ નોંધપાત્ર એ છે કે લોકપ્રતિભા અને આત્મીયતા બન્નેના સમન્વયની સ્પષ્ટ અસ્પષ્ટતામાં નિરૂપણને પેલી આત્મીયતા જ ભાવસભર કરી શોકાંજલિ તરફ દિશા સૂચવે છે. અંજલિકાવ્યમાંથી શોકાંજલિનું ગૌરવ આત્મીયતા જ અપાવે છે પાત્ર ભલે ભિન્ન અંગત હોય પણ અંગત આત્મીયતા જ્યાં ઉતરી આવી હોય ત્યાં કાવ્ય કલાત્મક બની જાય છે 'કસ્તુરબા', 'ગાંધી', 'મહાદેવભાઈ', જેવાં કાવ્યો આ પ્રકારનાં ઉદાહરણો છે. આ ચર્ચા પરથી એવું પણ તારણ થઈ શકે કે શોકાંજલિ માટે શોક અને શોક માટે આત્મીયતા, અંગત આત્મીયતા જ અનિવાર્ય છે.



kalpana's

શોકોર્મિકવિતામાં શોકની અભિવ્યક્તિ એક કરતાં વધારે રૂપે મળે છે. કાવ્યમાં જો અંગત સ્વજન સંદર્ભ હોય તો આત્મીયતા પછીના અભાવમાંથી શોક જોવા મળે છે. પણ શોકની પ્રાપ્તિ વધુ એક નવે રૂપે પણ જોવા મળે છે. એમાં તત્કાલિન દુખદ સ્થિતિમાંથી શોક નથી આવતો પણ આધુનિક કાવ્યોમાં શોકની અનુભૂતિ કલાત્મકરૂપે આવે છે.

ગાંધી કાવ્યોમાં દુઃખદ સ્થિતિ ગૌણ કે નામશેષ બની તેના આદર પાછળ ચાલતા દંભમાંથી ઊભી થયેલી વર્તમાનસમયના વિરોધાભાસમાંથી ઉભું થતું દુઃખ, અને તેમાંથી કવિનો જાગતો રંજ, શોક, કાવ્યમાં કવિ વ્યક્ત કરે છે. શોકનું આ નવું ઉદ્ગમ સ્થાન છે. દુઃખ અને શોકના આલેખનની આ એક મૌલિક દિશા ઉઘાડી આપે છે એમાં શોકનું નિમિત્ત તો મૃત પાત્ર જ છે. પણ આત્મીયતાને બદલે તેના જવાથી ઊભી થયેલી અસરમાંથી શોકનો ઉદ્ભવ થાય છે. અહીં શોકોદ્ભવ સીધી રીતે અવતરતો નથી પણ તેના પ્રભાવના હ્રાસમાંથી શોક જાગે છે. જાહેરજીવનમાં પડેલા મહાનુભાવોનો ત્યાગ, શ્રમ, અને સિધ્ધિ અને તે પછી સ્થાપેલા મૂલ્યોની તેના નામે ભેગા થઈ તેને આદર કે અંજલિ આપવાના ડોળ હેઠળ એ નિર્દોષ, શ્રધ્ધેય વ્યક્તિનું અપમાન કરીએ છીએ. આ દયાજનક સ્થિતિમાંથી કરુણ પણ ઉપજે છે. તેમાંથી અર્વાચીન ગુજરાતી શોકોર્મિ કવિતામાં કવિઓ જે શોક કરુણ નિષ્પત્તિ કરે છે તે વધારે દર્દનાક, અસરકારક અને વાસ્તવિક લાગે છે. આવાં કાવ્યો લઘુકાવ્ય, વ્યંગકાવ્ય, પ્રતિકાવ્ય, બોધ કાવ્ય, કટાક્ષ કાવ્ય, ઉપરાંત શોકોર્મિકવિતા કે શોકાંજલિ તરીકે પણ ગણનાપાત્ર બને છે. કારણ કે તેમાં અંજલિ અને શોકાંજલિ તો હોય છે જ. તેથી તેમાં પરંપરાગત રૂઢિગત તત્ત્વોને જાળવીને પણ શોકનો નવો ક્રમ અને વિક્રમ સાધે છે. શોકની અભિવ્યક્તિના આવા ઉપક્રમમાં ઇંગિતપણે સૂચિત તત્કાલીન સ્થિતિ વિરોધાભાસી વર્તમાન સ્થિતિનું ચિત્ર, સ્ફુટ આલેખન, દયાજનક સ્થિતિ સહાનુભૂતિ અને તેમાંથી જન્મતો શોક અને કરુણનિષ્પત્તિ છે.

આ નવા ક્રમની વિશેષતા એ છે કે કાવ્યો આ ક્રમ જાળવતા હોવા છતાં લાઘવને અનુસરે છે. માટે જ અભિવ્યક્તિ ચોટદાર બને છે ધારદાર, સચોટ, વેધક અભિવ્યક્તિ કાવ્યમાં ચમત્કૃતિનો ગુણ વધારી દઈ કાવ્યાત્મકતા અને કલાત્મકતામાંથી કાવ્યને શણગારે છે

૩૦. " તમને હજી યે છે પ્રજામાં આ રસ ?
આપની જ્યાં ત્યાં ઊભી કરતી ફરે પ્રતિમા બસ
તેજ મૂર્તિ તાત, આ એવી પ્રજા તમ વારસ
આદર્શનો અપભ્રંશ જ્યાં છે આરસ"

આરસની પ્રતિમામાં કવિને ગાંધી નહીં પણ આદર્શનો અપભ્રંશ દેખાય છે. તેમાંથી રંજ સ્વરૂપે શોક વ્યક્ત કરે છે. કવિ શબ્દાણુ લયમાંથી ગહનતાને સ્પર્શીલે છે એવાં કાવ્યો વ્યંગાર્થ પણ વિકસે છે. જૂના કાવ્યોમાં વિલાપ, રુદન, વક્રોક્તિ, શ્લેષ, ઝાંઝાળવાણી શબ્દોની અભ્યાસ પૂર્વકની તોડજોડ અને તેમાંથી શોકના પ્રયત્નની સરખામણીમાં નવા કાવ્યોમાં શોકના ઉદ્‌ભવનો નવો ક્રમ તાજગી લાગે છે. આવી પ્રયુક્તિઓ, નવા નિમિત્તો , નવા ઉપકરણો નવો અર્થ સૂત્રાત્મક રીતે આપી દે છે કે 'આદર્શનો અપભ્રંશ તે ગાંધી'.

શોક પ્રદર્શિત કરવા માટે, કાવ્યાત્મકતા વિકસાવવા માટે અને કરુણ-નિષ્પત્તિ માટે શોકોર્મિ કવિતામાં નવી સંકલ્પનાઓ , અર્થ ઉપકરણોથી પણ નવી ભાત જોવા મળે છે. તો કેટલાંક કાવ્યોમાં ઉપકરણોના બાહ્યરૂપ યથાવત્ લાગે પણ તેમાં કવિ રચિત અન્વય, અર્થઘટન અને સંદર્ભની નવીનતા જોવા મળે છે. આ પરિવર્તન અને પ્રયોગને પરિણામે અલંકારો, રૂપકો, પ્રતિકો અને પ્રાપ્ત યોજનાએ કાવ્યોમાં કલેવર XXX બદલી નાખ્યાં છે. લાઘવયુક્ત સચોટ અભિવ્યક્તિમાં નવા કાવ્યોની મોટી સિદ્ધિ છે.

શોકાંજલિમાં પહેલાં રજૂ કરવામાં આવતો હતો તે વ્યક્તિનો મહિમા હવે જુદી રીતે આલેખાય છે તેમાં સમાજનો સ્પર્શ, કાલસ્પર્શ વક્રોક્તિ વ્યંગ તેનો આકાર Form બદલી નાખે છે. કવિ આ તત્વો દ્વારા કાવ્યના કથયિતવ્યને વધારે ધારદાર,રસિક અને અસરકારક બનાવે છે. તેનાથી આપણા મનમાં દૃઢપણે તેની સચોટ પ્રતિમા ઉપસે છે, મને લાગે છે કે શોકોર્મિકવિતામાં આવતા પાત્ર-ના કે વ્યક્તિના વ્યક્તિત્વમાં આ તત્વો નકશીકામ પૂરું પાડે છે. નખશીખ ઘડાયેલી મૂર્તિનું અસ્તિત્વ કે વ્યક્તિત્વ અળગતું લાગે તેમાંથી દુઃખ કે શોક વહાણે છે. અહીં પણ મહિમા તો પહેલાંના કાવ્યોમાં આવે છે તેમજ આવે છે પણ તે નવે રૂપે કલાત્મક રંગ લઈ આવતો હોવાથી ભાવકને અસર કરી જાય છે.

શોકની અભિવ્યક્તિની વૈધકતામાં નવું દર્શન એ છે કે મૃત્યુજન્ય વિષાદની સ્થિતિની તત્કાલિન અસર, પહેલાનાં કાવ્યોમાં હતી પણ એજ ભાવો પર હવે આટલા સમય પછી શોકોર્મિકવિતા લખાય તો તેમાં મૃત્યુનો તત્કાલિન ઘા કયાંથી અનુભવાય ? પરંતુ શોકોર્મિ-કવિતાની સફળતા શોક અને કરુણની ઊંચી માત્રામાં અભિવ્યક્તિ દ્વારા જ સિધ્ધ થાય તેમ છે. આ માત્રા મેળવવા કવિઓએ કાવ્યોમાં જે ઉપક્રમ બદલ્યો તે નવા શોકોર્મિકાવ્યની નવીનતા, પ્રયોગશીલતા અને સિધ્ધિઓ છે. નવા કવિઓએ શોક અને કરુણની માત્રાની ઊંચાઈ જાળવવા વ્યક્તિવિશેષના મૃત્યુની તત્કાલિન સ્થિતિ અને વર્તમાનને મહિમા અને આજની સ્થિતિમાં વિરોધાભાસ ભરી દઈ, સમયનો વિશાળ પટ પૂરી દે છે. એમ કરતાં કાવ્યને અભિવ્યક્તિની તાજગી મળે છે શોક અને કરુણની પ્રયોગશીલતા અને નવો ઉપક્રમ યોજે છે. આમ અનેક ક્ષિતિજો આંબી લઈને કૃતિને લોકભોગ્ય પણ બનાવે છે. આજનો કવિ એક સાથે કાવ્ય સિધ્ધિ માટે કેટલા નિશાન સાધે છે. તેની ખાતરી આવા કાવ્યો પરથી થાય અને તેના તારણરૂપ કહેવું

પડે કે નવા કવિઓમાં કવિતાની માવજતની સભાનતા વધારે છે. અને તે માવજતે કવિને અને કવિતાને યશ અપાવ્યો છે. તેમાંથી અર્વાચીન ગુજરાતી કવિતા હોવે શોકોર્મિ કવિતા બાકાત નથી.

પહેલાં શોકાંજલિમાં મહિમા, વ્યક્તિત્વ અને પ્રભાવમાંથી વિરહ અને વિષાદમાંથી શોક અને પછી કરુણ મળતાં હતાં હવે દંભ, તિરસ્કાર, વ્યંગ, આત્મદર્શનમાંથી મહિમા સ્થાપી તેને ગુમાવ્યાનો અહેસાસ કે તેના અપભ્રંશ બદલ સહાનુભૂતિમાંથી શોક અને કરુણ સાધવામાં આવે છે. શોકોર્મિકવિતાની એક વિશેષ ઉપલબ્ધિ એ પણ છે કે એક જ વ્યક્તિ વિશેષને ધ્યાનમાં રાખી તેના મૃત્યુપર દીર્ઘસૂત્રી કાવ્યો પણ લખાયાં છે અને લાઘવયુક્ત કાવ્યો પણ રચાયાં છે. બન્નેની પરસ્પર તુલનામાં લાઘવયુક્ત કાવ્યોમાં અભિવ્યક્તિ વિશેષ ધારદાર લાગી છે. 'ગાંધીજીને' નામનું ઉશનસનું કાવ્યમાં રચનાકૌશલ ગમે તેવું કહી શકાય એ કાવ્યમાં બહુમુખી પ્રતિભા પણ ઉપસી આવે છે. શોકની અભિવ્યક્તિ, કરુણ નિષ્પત્તિ, કાવ્યાત્મકતા, કલાત્મકતા, લાઘવ, છટા સમયના વિશાળ પટનો સ્પર્શ તત્કાલિન અને વર્તમાન સમયને વિરોધાભાસથી સાધી એકરૂપ કરવાની અને પ્રતિબિંબિત કરવાની પ્રયોગશીલતા, બહુમુખી છાપ ધરાવનાર શબ્દોની નવી સંકલ્પનાઓ ચલણી શબ્દો પાસેથી નવી અર્થ સમૃદ્ધિનો વૈભવ જોવા મળે છે. શૈલીનું એમાં આશ્ચર્ય એ છે કે સંબોધન કવિ ગાંધીજીને કરે છે પણ કવિનો નજરનું નિશાન પ્રજા છે. એ નિમિત્તે પ્રયોજેલી અવળવાણી-વ્યંગમાંથી કવિ વેધકતા સાધી લે છે.

પહેલાંના કાવ્યોમાં વ્યક્તિપરિચય અને વિલાપ બહુધા જોવા-મળતા હતાં પણ હવે તો શોકોર્મિકવિતામાં સમાજનું, લોકમાનસનું માનવસ્વભાવનું પણ દર્શન મળે છે. 'ગાંધીજીને' જેવા વ્યંગ કાવ્યો તપાસતાં જણાશે કે તેવી વ્યક્તિઓ પર લખાયેલી પહેલાંની શોકોર્મિ કવિતા કરતાં તે પછી લખાયેલી શોકાંજલિઓ વધારે સંપન્ન લાગે છે.

kalpana's

એમાં તત્કાલિન સમય અને આજના સંદર્ભે ઊભરતી આલેખન અંગે કાવ્યનો નવો દોર દેખાતાં હોવાથી નવા કાવ્યોમાં જૂના કાવ્યોના હેતુની સિધ્ધિ થઈ જ જાય છે ઉપરાંત નવી ફલશ્રુતિ એ મળે છે કે નવા શોકોર્મિ-કાવ્યોમાં દર્શન અને અર્પણનો પટ વિશાળ બને છે.' પહેલાંની કૃતિને મુકાબલે આજની કૃતિ અને આખા, વિશ્વ, માનવસમાજ સમગ્રસંવેદના અને પ્રકૃતિને સાથે લઈને ચાલે છે અને કવિનું આત્મીય સાતત્ય જાળવી રાખે છે; અને તેથી પહેલાની કૃતિના મુકાબલે આજની શોકોર્મિકવિતામાં વૈશ્વિક સંપર્કની ગુંજાશ વધારે છે. આ સિધ્ધિ અર્વાચીન ગુજરાતી કવિતાની છે. એમાં શોકોર્મિકવિતા બાકાત કેવી રીતે હોઈ શકે ? લઘુ વિરહોર્મિ વર્ગના વિષાદ કાવ્ય તરીકે ઓળખાતી શોકોર્મિકવિતા પાસે સ્વરૂપ લક્ષણ તરીકે એક અપેક્ષા એ પણ છે કે શોકાંજલિમાંના સ્વાનુભવની અંગત અનુભૂતિ એટલી બીન અંગત બને કે તે વૈશ્વિક ફલક પર મૂકવા માટે સક્ષમ હોય એ મંતવ્યને અહીં અનુમોદન મળે છે.

સંબોધનકવિતામાં બને છે તેમ શોકોર્મિકવિતામાં પણ મૃતપાત્ર અર્થાત્ વ્યક્તિવિશેષ પર આધારિત કથયિતવ્ય અને તેમાંથી શોકની પ્રાપ્તિ થતી હોય છે. પરંતુ કેટલાંક કાવ્યોમાં જોવા મળે છે તેમ મૃતપાત્ર વિશે બીજાં કોઈ પાત્રને જણાવતાં કાવ્યમાં શોક-વિયોગનો પુદ્ગલ ગૂંથાય છે. તારવી એટલું શકાય કે આલેખનનો આધાર કાવ્યમાં કદાચ બદલાતો હોય છતાં પણ શોક માટેનું મુખ્ય નિમિત્ત કેન્દ્ર તો મૃતપાત્ર-વ્યક્તિવિશેષ કે સ્વજન-પ્રિયજન જ છે. તેની વચ્ચે આવતાં અન્ય પાત્રો તો માત્ર અભિવ્યક્તિનાં માધ્યમો છે એટલે એમ સ્પષ્ટ થાય છે કે, શોક માટે અંગત અનુભૂતિ અને મૃતપાત્ર-વ્યક્તિવિશેષ કે સ્વજન સંદર્ભ કોઈપણ કાવ્યમાં અણનમ રહે છે. જે શોકાંજલિના સ્વરૂપ લક્ષણની અપેક્ષા માટે ચરિતાર્થ થતું તત્ત્વ છે. અને એ પણ એટલું જ સાચું છે કે આવી અનેક ભાવાભિવ્યક્તિની શક્યતાઓ અને સ્વજનસંદર્ભની તેમજ અંગત અનુભૂતિની અનિવાર્યતાના લક્ષણ પર આ બાબત ધ્યાન દોરે છે. અંગત અનુભૂતિની આટલી નિશ્ચિતતા અને તેના બિનઅંગતના

kalpana's

આકાશમાં વિસ્તારવાની ગુંજાશ શોકોર્મિકવિતાને આત્મલક્ષી ઊર્મિકવિતા તરીકે સમર્થન આપે છે.

અન્ય કાવ્ય સ્વરૂપોની તુલનામાં શોકોર્મિકવિતાના સ્વરૂપને સ્પષ્ટ કરવા મથીએ તો તેમાં સંજ્ઞાથી વિચાર કરવો પડે. 'શોકોર્મિકવિતા' અથવા 'શોકાંજલિ' સંજ્ઞા જ આપણને તેના અપેક્ષિત સ્વરૂપના લક્ષણ તરફ દોરી જાય છે. સંજ્ઞાનું પૃથક્કરણ કરીએ તો પ્રથમ શોક મહિમાવંત લાગે તેની નિર્દંભ અભિવ્યક્તિ જ તેની સચ્ચાઈનું પ્રમાણપત્ર બની રહે છે. તેમાં બનાવટ ઉમેરાતાં તરત તેના પાતળા પડતા પોતની ખબર પડી જાય છે. અર્થાત્ શોકની પશ્ચાદ્ભૂ હૃદયની અનુભૂતિની વાસ્તવિકતાનો રણકો છે. શોક કાલ્પનિક ના હોઈ શકે, સાચો શોક અનુભૂતિ અભિવ્યક્તિ કે સહાનુભૂતિમાં છે કોઈ પોકળ અભિનયમાં નથી. અને તેથી જ તે વિશેષ હૃદયસ્પર્શી બની જાય છે. શોક હૃદયનો સ્થાયીભાવ છે. અને એનું કલારૂપ તે કરુણ રસ છે. સ્થાયીભાવનું રસમાં રૂપાંતર રસપ્રક્રિયા કલાસિધ્ધ થતું હોય છે જેથી ભાવ અનુભૂતિ છે રસ અભિવ્યક્તિ છે અનુભૂતિ અને અભિવ્યક્તિની વચ્ચે જે બને છે તે રસપ્રક્રિયા છે. પ્રસંગ કે ઘટના સ્થાયી ભાવને ઉદ્દીપ્ત કરે છે તેથી શોકની અનુભૂતિ થાય છે ઉપકરણો, ઉપાદાનો અન્ય કાવ્યતત્વો શોકને ભાવસભર બનાવે છે. તેમાંથી કરુણરસની નિષ્પત્તિ થાય છે. શોકોર્મિકવિતામાં આ રસપ્રક્રિયા રસમીમાંસાના સિધ્ધાંત અનુસાર થાય છે. માટે શોકોર્મિકવિતા કે શોકાંજલિનું કાવ્યસ્વરૂપ ઉપજાવી કાઢેલું નહીં પણ શાસ્ત્રીય અને રસસિધ્ધાંતોને વરેલું છે એમાં રસનિષ્પત્તિ ઉપરાંત અન્ય રસોમાંથી કરુણમાં રસસંક્રાંતિ પણ સહજ છે. ભાવસંક્રમણ અને રસસંક્રમણ શોકોર્મિકવિતાના સ્વરૂપનો પ્રાણ છે. શોક અને કરુણમાંથી આકાર ધારણ કરતી શોકોર્મિકવિતામાં હૃદયંગમ અંજલિ આપવાથી તે શોકાંજલિ બને છે તેથી શોકાંજલિ કલાકૃતિ છે. તે અર્થમાં શોકોર્મિકવિતાના પર્યાય રૂપ શોકાંજલિ નામ સાર્થક છે. શોકોર્મિકવિતાના કલાસ્વરૂપનો આ ખ્યાલ શોકોર્મિકવિતા કે શોકાંજલિનો પરિચય કરાવશે.

ભાષા વિનિયોગ શોકની અભિવ્યક્તિનું એક સબળ માધ્યમ છે. શોકાંજલિમાં પાત્ર, પ્રદેશ વ્યક્તિત્વને છતું કરવામાં, તેની તાદૃશતા ટકાવી રાખવામાં ભાષા બાધારૂપ અવરોધ ન લાગવી જોઈએ. સંસ્કરણ કરવા જતાં કૃતિમાંની સાચી કવિતા, તેની અંતર્ગત શોકોર્મિ કૃત્રિમતાના ભોગે કરમાઈ ન જાવી જોઈએ. ભાષા વિનિયોગ એ રીતે ઉચિત ગણાય કે કવિતાના સૌંદર્યનો નિખાર વધારે તે લદાઈ ગયેલો ન લાગે. એ રીતે પણ ભાષા કર્ણ અવરોધ ન બને તે સતત જાળવવું જોઈએ. વિષાદ વિયોગ, વિલાપ, કલ્પાંત, રુદન, ગાન આદિ શોકની અભિવ્યક્તિનાં માધ્યમો જ છે. જોકે રાજિયા-મરશિયા પણ લઘુ વિરહોર્મિના વિષાદ કાવ્યનાં જ પ્રકારો છે. અને મરશિયા પણ એક અલગ તરાહમાં શોકની અભિવ્યક્તિ આપે છે. શોકાંજલિ કે શોકોર્મિ કવિતામાં પણ શોક જ પ્રદર્શિત થાય છે. એ દૃષ્ટિએ એ શોકોર્મિકવિતાની નજીકનું કાવ્યસ્વરૂપ લાગે[૩૧]. "તેનો હેતુ મરનારના કુટુંબનું ગૌરવ વધારી કરુણને પુષ્ટ કરવાનો હોય છે.......રાજિયામાં વિરહોર્મિની લાક્ષણિકતા રહેલી છે." શોકાંજલિમાં અપાતા શોક, વિષાદ, વિલાપ, રુદન, કુટુંબ ગૌરવ નિમિત્તે સ્વજન સંદર્ભ, શોક અને કરુણની પુષ્ટિનો હેતુ જેવા અનેક સમાન લક્ષણો હોવાં છતાં રાજીયા મરશિયામાંથી શોકોર્મિ કવિતા કઈ રીતે જુદી પડે છે? તે વિચાર કરવા યોગ્ય મુદ્દો છે. રસપ્રદ બાબત એ છે કે શોકોર્મિ કવિતા કે શોકાંજલિ નામ સાર્થક કરનાર શોક અને કરુણની પુષ્ટિનો હેતુ રાજિયામરશિયામાં વણી લેવાયો છે. છતાં રાજિયા-મરશિયા એ શોકોર્મિકવિતા કે શોકાંજલિ નથી કે તેનો પર્યાય નથી પણ રાજિયામરશિયાથી તદ્દન જુદો સ્વતંત્ર કાવ્યસ્વરૂપ છે. રાજિયા-મરશિયામાં આવતો વિશિષ્ટ પ્રકારનો આલાપ, એક ગાય અને સમૂહમાં ઝીલાય તેવી રસમ અને હાય.....હાય......ના ચોક્કસ લયમાં થતું પુનરાવર્તન તેમજ છાતીને અમુક લય વાળી ચોક્કસ પ્રકાર તાલમાં કુટવાનો

અને તે રીતે શોકને તાલમાં, લયમાં, વિલાપમાં ક્યારેક વિશિષ્ટ અંગભંગિમાં, એમાં ચાલતો એ કલ્પાંત, સાથે કૂટવાનો મેળ જાણે કે શબ્દ કરતાં શોકને પ્રગટ કરવા અંજપાભર્યાં કેસરિયાં કરે છે એમાં કદાચ સાચા શોકની અભિવ્યક્તિનું જોખમ લાગતી હશે કે અતિરેક, અતિશયોક્તિ અથવા ડોળ કે દંભ ક્યારેક પરોવાઈ જતાં હશે પણ શોકોર્મિમાં તો શબ્દ જ અર્થ પ્રગટ કરે અને અભિનયને તો અવકાશ જ ક્યાં છે કાવ્યનો ધ્વનિ જ શોકની અભિવ્યક્તિ માટે કાઢેલ હોય છે તેથી એમાં શોકની અભિવ્યક્તિ જ્યારે પારદર્શક રીતે માત્રાએ સચ્ચાઈ-પૂર્વક, નિર્ભેળ સ્વરૂપે કાવ્યત્વ પામે છે. આ જ તફાવત બન્નેમાં સમાન તત્વો હોવા છતાં શોકોર્મિકવિતાને રાજિયા-મરશિયાથી ચડિયાતી કાવ્યકોટીમાં બેસાડે છે. અને શોકોર્મિકવિતાને આજ અભિવ્યક્તિની ઊંચાઈ સાહિત્યિક કક્ષામાં મૂકી કવિતા તરીકેનું ગૌરવ આપે છે. રાજીયા-મરશિયાની મોટી દહેશતને ચંદ્રશંકર ભટ્ટના--અભિપ્રાયથી સમર્થન મળે છે કે 32. "મરનાર પ્રત્યેની દુઃખની લાગણીના આ વિભાવ તરીકે સ્વજનની આ ક્રિયા સાચી લાગણીજન્ય હોય તો પણ તે રાજિયાના કાવ્યરૂપની દૃષ્ટિએ તો સુરુચિપૂર્ણ નથી." આ રુચિનું તત્વ શોકની શિષ્ટ અને સંસ્કારિત અભિવ્યક્તિ આપીને, રસપ્રક્રિયા સાધીને સ્વરૂપબધ્ધ અને સ્વરૂપસિધ્ધિ બનતી કૃતિ તે શોકોર્મિ-કવિતા છે કલાસ્વરૂપને સાચવી લેવાના સફળ પ્રયત્નો, કલાત્મક અંશોની માવજત, રચના વિધાનનો ખ્યાલ જે જાણીતી શોકોર્મિકવિતામાં સતત જોવા મળે છે તે પ્રમાણમાં રાજિયા-મરશિયામાં તો નહીંવત્ લાગે છે. માટે રાજિયામાં વિરહોર્મિકવિતાની લાક્ષણિકતા દેખાય." 33. "પરંતુ દુઃખાદિ લાગણીનો અભિવ્યક્તિમાં કલાત્મક અંશો, સંયમ અને રચના-વિધાનનો, લગભગ અભાવ હોય છે. તેથી તેને કાવ્યકલાના ક્ષેત્રમાં ઝાઝું સ્થાન મળતું નથી અનિયમિત પ્રલાપો તેને કલાસ્વરૂપ પામવામાં વિઘ્નકર બને છે." કલાસ્વરૂપનો એ આદર્શ શોકોર્મિકવિતામાં જળવાય છે.

kalpana's

એ પણ રાજિયા–મરશિયાથી શોકોર્મિકવિતાને વિશેષ મોભો અપાવનારું લક્ષણ છે. ઝવેરચંદ મેઘાણીને 'મિત્રવિરહના મરશિયા' અને રાવજી પટેલે આત્મશ્લાઘાથી થતી વિડંબના વ્યક્ત કરતી રાજીયા સ્વરૂપની 'સ્વ. ચુંનીલાલની યાદમાં' કૃતિઓ આપી છે પણ એ નોંધવું જોઈએ કે રાજિયા મરશિયા કવિતા સ્વરૂપ તરીકે પ્રતિષ્ઠિત મોભો મેળવી શક્યા નથી.'

શોકોર્મિકવિતાના સ્વરૂપને વિચારતાં એવી ધારણા થઈ શકે કે અપત્નસિધ્ધ–સહજ ઉદ્ભવ શોકનું સ્વયંભૂ પ્રાગટ્ય તેમાં ઞાઢ્ઢૂડ કવિની સમાધિસ્થ સ્થિતિમાંથી ક્રમિક વિકાસ પામી પરાકાષ્ઠાને શોક પામતો હોય અને તેમાંથી કાવ્યમે કલાત્મકતા પ્રાપ્ત થતી હોય ત્યારે માનવું કે એમાં શોકોર્મિકવિતાનાં લક્ષણો ચરિતાર્થ થયાં છે. તેમાં કવિ કર્મનો ફાળો વિચારીયે તો ઉપકરણો, ઉપાદાનો, કાવ્યાત્મકતા અર્પતા તત્વોનું રસાળ મેધાનુષી વિનિયોજન થયું હોય કાવ્યમાં દરેક તત્વની ઝાંખી થાય છતાં અતિશયોક્તિના કડે અને શોક કે કરુણની ઉપરવટ છવાતી ન લાગે, લાગણી જેટલી સહજ હોય તેટલીજ અને તેવીજ તેની અભિવ્યક્તિ સહજ લાગે વળી શોકોર્મિકવિતા આત્મલક્ષી ઊર્મિકવિતા છે એ સતત યાદ રહે અને માવજત દરમિયાન ઊર્મિને શણગારવામાં મૂળ ઊર્મિ જ ઢંકાઈ કે દટાઈ ન જાય કાવ્યતત્વો એવી રીતે કાવ્યમાં વિનિયોજન પામે કે તેનો ઠકારો ન દેખાય એની સતત સભાનતા શોકોર્મિકવિતાના રચનાકૌશલ દરમિયાન કવિએ રાખવી ઘટે લાગણીનો બીજી લય કૃતિમાં વહેતો રહે એ સભાનતા કવિ સતત જાળવે એ કવિકર્મનું સૌથી મહત્વનું કાર્ય છે. અહીં રચનાકૌશલનો ખ્યાલ સ્પષ્ટ સમજી લેવો પડે કે પહેલાં કૃતિ, પછી કાવ્યકૃતિ અને પછી કલાકૃતિ અને કલાત્મકતાનો આંતરિક ભેદ કવિને મન સ્પષ્ટ હોય અને કૃતિ રચાતાં તે સર્વ કાવ્યત્વને પામે અને ખમે તેવી કાબેલિયત કવિ જાળવે. કૃતિ તે કાવ્યત્વ માટેની એક વ્યવસ્થા છે. વ્યવસ્થામાં કાવ્ય ન હોય તો એ માત્ર માળખું છે. આ સભાનતા પછી કાવ્યકૃતિને કલાત્મકતા લક્ષતાં પહેલાં વિવેકબુધ્ધિ, ઔચિત્ય અને કરુણનો ખ્યાલ કવિએ મેળવી લેવો જોઈએ.

આ સમાનતાથી કાવ્યને નડતરરૂપ કૃત્રિમતા, પુનરાવર્તન, બેડોળપણું, અતિશયોક્તિ, વેવલાપણું, વિલાપનો અતિરેક જેવાં કલંકોથી સાચવી લેવાશે. કૃતિને શોકાંજલિ બનવા માટે સ્વજનસંદર્ભ, અંગત અનુભૂતિ શોક કરુણનું આલેખન અને અંજલિની કલાત્મકતાની સાથે ઉપર્યુક્ત તત્ત્વો ગણનાપાત્ર કહી શકાય. આ બધાનો સુયોગ સમન્વય જે કૃતિમાં છે તેને જ શોકોર્મિ - કવિતા કે શોકાંજલિ તરીકે ઓળખાવી શકાય તે સિવાયની કૃતિમાત્ર અંજલિ કાવ્ય જ બની રહે છે. અંજલિકાવ્યોમાં સાહિત્યિક ઉત્તમ ગુણો ધરાવતી કલાતત્ત્વોથી નિખરતી-શોકોર્મિ-શોકાંજલિ કવિતા- શીરમોર કલારચના આ તત્ત્વોને કારણે ગણાય છે અન્ય અંજલિ જેવી અંજલિ ઉપરાંત તે શોકાંજલિ છે તે તેનું કાવ્યવિશેષ છે. બ. ક. ઠા. અંજલિ કાવ્યોમાં અંજલિ ઉપરાંત મૃત્યુના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધના આલેખનમાં શોક અને કરુણ સાથે આવાં લક્ષણો પ્રાપ્ત થાય છે. બ. ક. ઠા. 'સ્નેહરશ્મિ', સુંદરજી બેટાઈ અને 'ઉશનસ્'ના શોકોર્મિકવિતામાં જ્યાં આ તત્ત્વો છે તે કૃતિઓ ભાવપુંજ અને રસાનુભૂતિની દૃષ્ટિએ આસ્વાદ્ય બની રહી છે.

શોકોર્મિકવિતામાં વૈવિધ્યની દૃષ્ટિએ ગુચ્છ કાવ્યો સવિશેષ ધ્યાન ખેંચે છે. એમાં કેટલાંક લક્ષણો ખાસ આકર્ષે તેવાં લાગે છે. વ્યક્તિવિશેષના ક્રમિક વિકાસ અનુસાર કાવ્યોનો ગુચ્છ ગોઠવાય છે. તેથી જાણે કે આપણે સદ્ગતના જીવનને આવરી લેતું ચિત્રપટ જોતા હોઈએ તેટલી ચિત્રાત્મકતા અને તાદૃશતા ક્યારેક તેમાં જણાય છે. કાવ્યનું આલેખન એવું સુરેખ હોય કે તેમાં જીવનઝરમર કરતાં પણ વધારે સંતોષવાની ક્ષમતા જાણે કે ગુચ્છ-કાવ્યો પૂરવાર કરી દે છે. કેટલાંક કાવ્યો એવાં જીવંત છે કે જાણે બોલતાં લાગે અને કેટલાંકનું કથયિતવ્ય જાણે આંખ સામે જીવાતું કે ભજવાતું લાગે તેટલું તાદૃશ નિરૂપણ મળે છે. બ. ક. ઠા. નાં ગુચ્છકાવ્યોમાં 'ધુતિકલી' અને 'ચકરડું' કે ઉશનસ્ કૃત 'પૂજ્ય બાપા જતાં' ગુચ્છકાવ્યોમાં 'હું જાણું', જેવાં કાવ્યો લેખપટ નહીં પણ બોલપટ બોલતાં કાવ્યો અને જીવાતાં કાવ્યો થઈ સજીવન થઈ ઉઠે છે. એની બાની અર્થગંભીર અને ચિંતન-

૬

ક્ષમ પણ છે. 'હું જાણું' કાવ્ય તો ચિંતનકાવ્ય, સંબોધનકાવ્ય ઉપરાંત એક સ્વતંત્ર 'શોકોર્મિ –શોકાંજલિ–કવિતા' તરીકેનાં લક્ષણો ધરાવે છે. સ્વયં પર્યાપ્ત શોકાંજલિ બની શકે તેવાં કેટલાંક ગુચ્છ-કાવ્યોમાંના આવાં કાવ્યો ગુચ્છ કાવ્યોની કલગીના મોગરે બેઠાં લાગે છે. ચિંતન ઉપર ભભરાવેલું નહીં પણ, ઝરાની જેમ કાવ્યના ધરામાંથી ફૂટતું લાગે અને પછી તે ધોધ થઈને વહેવા લાગે છે. શોકોર્મિકવિતા અંતર્ગત સવિશેષ ગણનાપાત્ર ગુચ્છકાવ્યો એવો મધુકોષ છે કે તેના દરેક કોષમાં શોક અને કરુણ જુદી જુદી માત્રામાં ગૂંથાયેલાં છે. કરુણ પ્રશસ્તિના ચિંતન, મંથન, આશ્વાસન, સમાપન જેવાં અનેક લક્ષણો ગુચ્છકાવ્યોમાં સુરેખ-સ્પષ્ટ છે તેથી એમ કહેવાનું મન થાય કે 'ગુચ્છ કાવ્યો' ને જાણે 'મીની એલેજી' છે તરીકે ઓળખીએ મર્યાદિત વ્યાપને સાચવીને વિસ્તારતાં કરુણ પ્રશસ્તિથી હાથવેંત છેટાં એવા શોકોર્મિકવિતા સ્વરૂપનાં ગુચ્છકાવ્યો શોકાંજલિ જેવા કાવ્યસ્વરૂપની સિધ્ધિ રૂપ છે.

શોકોર્મિકવિતાના વૈવિધ્યમાં શિખા ઉપરાંત વ્યક્તિમૂલક સ્તરભેદ, આત્મીયતાનું આલેખન, ઉપકરણોનું વિનિયોજન, કાવ્યપ્રકાર અને કાવ્યસ્વરૂપગત ચિંતન અને અંજલિનું વૈવિધ્ય અને ભાવ નિરૂપણના વિવિધ તત્વને ધ્યાનમાં રાખી કાવ્યોમાં ઉચ્ચવચતા જોવા મળે છે. અંગત સ્વજન જાહેર સન્માનનીય વ્યક્તિ, પૂજનીય વ્યક્તિ (સાધુ–સંત–મહંત) પર લખાયેલી કૃતિઓને આપણે વ્યક્તિમૂલક કહીશું. અંગત સ્વજનમાં ભાવજગત, જાહેરમાં સેવા કાર્યો, પૂજનીય વ્યક્તિનું જીવન અને આદર્શ, આદર અને શ્રધ્ધાના તત્વો જોવા મળશે. તેજ પ્રમાણે શોક, ચિંતન અને અંજલિના બદલાતા આકારોનું વૈવિધ્ય પણ તેના પર જ આધાર રાખે છે. જ્યારે પ્રકારગત કે સ્વરૂપગત તફાવતમાં શાસ્ત્રીય અંશો, કાવ્યફલક, ગેય –અગેય લયથી થતી અસરો પણ જોવા મળશે.

જે કૃતિ ગુણાનુવાદના મોહપાશમાંથી છૂટતી નથી, નિમિત્તરૂપ કાવ્યતત્વો મર્યાદા ઉલ્લંઘી, શોક અને કરુણને ઢાંકી દે છે. કે જેમાં અનાવશ્યક અતિશયોક્તિવાળાં આલેખનો છે તે કૃતિ શોકોર્મિકવિતા બની શકતી નથી માત્ર માનાંજલિ કે ભાવાંજલિ બની રહે છે. ગુણાનુવાદના મુદ્દા નિમિત્તે એક બીજી સ્પષ્ટતા પણ એ કરવી ગમે કે લગ્નનિમિત્તે મંગલાચરણ, મંગલાષ્ટક કેટલાકનો તો વ્યવસાય હોય છે લગ્નપ્રસંગે ગવાતી રચના પ્રાસંગિક ઘટના જ છે ને ? તેમ ભાટચારણો પોરસ ચઢાવે તેવી કૃતિઓ પણ પ્રાસંગિક હોય છે પણ મૃત્યુનો પ્રસંગ આ બધા પ્રસંગોથી વધુ ઘેરો ગંભીર છે તેમાં અતિશયોક્તિના ઉછાળા શોભાસ્પદ નથી. મૃત્યુ પ્રસંગે લખાતી- ગવાતી રચના જ શોકોર્મિકવિતા કે શોકાંજલિ છે અન્ય પ્રાસંગિક રચનાઓથી તેની વિશેષતા એ છે કે તેમાં પોરસ ચઢાવવાની વૃત્તિ- પ્રવૃત્તિ કે પ્રશસ્તિ અસ્થાને છે. શોકોર્મિકવિતાની કાવ્યસ્વરૂપ તરીકેની સાહિત્યજગતમાં લખાતી એક મૃત્યુના સંદર્ભે પ્રાસંગિક રચના રૂપે સમીક્ષા છે. એ કાવ્યસ્વરૂપ અનેક વિધરૂપોમાં, વિવિધ કાવ્ય પ્રકારોમાં અને વિવિધ રચનારીતિમાં મળે છે તેને આધારે શોકોર્મિકવિતાના કલાસ્વરૂપનો વિચાર અને વિવેક નક્કી કરીશે.

શોકની અભિવ્યક્તિ માટે કવિઓ વિવિધ યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવે છે. કેટલાક કાવ્યોમાં શરૂઆતમાં સદ્ગતના સ્વભાવ દ્વારા અને તેના ગયા પછી તેના અભાવ દ્વારા પ્રયુક્તિને આધારે શોકનું આલેખન કરે છે. સદ્ગતનો કૃતિમાં અભાવ વર્તાય તે રીતે વિવિધ પ્રયુક્તિઓ યોજી તેનો ખાલીપો અને તજ્જન્ય વિષાદ સિદ્ધ કરે છે. તો કેટલાક કાવ્યોમાં પ્રભાવ- ગુણાનુવાદ મહિમા દ્વારા આલેખન શોકની દિશામાં આગળ વધતું હોય છે. આ બન્ને પ્રકારના પ્રયત્નોની ફલશ્રુતિ તો આત્મીયતા પુરવાર કરવાની જ છે. માટે પ્રકારાંતરે કહી શકીએ છે કે શોકોર્મિકવિતા કે શોકાંજલિમાં ૧. આત્મીયતા સ્થાપીત થઈને આવે. ૨. પ્રભાવ દ્વારા આત્મીયતા સ્થાપીત થતી હોય કે. ૩. તેના વિના વિષાદમય અભાવ



kalpana's

દ્વારા આત્મીયતા પ્રત્યક્ષ પ્રગટ થતી હોય છે. આ જ્ઞેય પ્રકારના આલેખનોને પોતાની આગવી તાસીર છે. અને તે શોકની અભિવ્યક્તિનાં સિદ્ધ હસ્ત માધ્યમ પુરવાર થાય છે. દા.ત. સ્નેહરશ્મિકૃત 'અમરપંથ' કાવ્યમાં સદ્ગત મિત્ર કાન્તિભાઇ કાપડિયાના મૃત્યુનો શોક અને આત્મીયતા અભાવની પ્રયુક્તિથી કાવ્યમાં વર્ણવાયો છે.

૩૪... મારી સાથે અહીં કદી ન તે આવશે ગાન ગાવા
મારે કાજે જગત અહીં હવે, વેદના આંસુ હજારા"

સૉનેટના અષ્ટકમાં કવિ પછીથી ભાવાત્મક આત્મીયતા સિદ્ધ કરે છે. કાવ્યની વિશેષતા એ છે કે અભાવ અને પ્રભાવ બન્નેનો સમન્વય એકજ કૃતિમાં ઉપલબ્ધ છે.

૩૫... કુંજે કુંજે કુસુમ કુસુમે, તારકે પુષ્પ ભાનુ
લ્હેરે તારી મૃદુ ઉરસુધા, ગુંજતી ગીત છાનું
પોઢ્યો તું ? તો કથમ કરી કહે વિશ્વની વેલ ફાલે ?"

'જયંતિદલાલની પ્રથમ પુણ્યતિથિએ' કાવ્યમાં આવીજ ભાવાત્મક અને અભાવાત્મક પ્રયુક્તિ અને ચિત્રાત્મકતા અને વિરોધાભાસની ગૂંથણી દ્વારા કવિ કરુણ સાધે છે. જયંતિદલાલ વિના ગ્રંથખંડ સૂનો, સ્મશાનવત્, શૂન્યવત્ લાગે છે. આ અભાવાત્મક પ્રયુક્તિ પછી ગ્રંથે ગ્રંથે અને પ્રત્યેક ગ્રંથના પાને પાને સદ્ગત દલાલનો ચહેરો દેખાય છે. આ બન્ને વિરોધાભાસી ચિત્રો આપતી પ્રયુક્તિઓને આધારે નલિન રાવળ અભિવ્યક્તિનું નિશાન આબાદ રીતે તાકે છે.

૩૬... "ગ્રંથોથી ચકચકિત ભર્યોભર્યો
શ્રી દલાલનો એ ગ્રંથખંડ આજે ખાલી
ખાલી ?
આંખો મારી
ખંડ ઝાંકતો આખો ઝાંકે ભર્યોભર્યો એ ચહેરો

કે

તાજા તડકા જેવી તેજ તબકતી આંખે

અર્ધપ્રશ્નમાં વિષાદ તોળી અર્ધપ્રશ્નમાં હાસ્યરસી

જે

દોરેલો પ્રશ્નાર્થ

તરવરે આંખો મારી

આંખે

ગ્રંથોથી ઢાબકિલો ભર્યોભર્યો

શ્રી દવેનો એ ગ્રંથખંડ આજે ખાલી

ખાલી ?

પ્રકારવૈવિધ્ય અને કાવ્યસ્વરૂપના પરિપ્રેક્ષ્યમાં શોકાંજલિને તપાસીએ તો શરૂઆતની શોકાંજલિઓ દીર્ઘસૂરી કવિતા રૂપે જોવા મળે છે. ખબરદાર, કરસનદાસ માણેક, બાલમુકુંદ દવેની કૃતિઓ પ્રમાણમાં લાંબી છે પણ સુખદ વાત એ છે કે તેમાં કરુણની ઉપલબ્ધિ સચોટ રીતે મળે છે. રા. વિ. પાઠક, 'ઉશનસ્', ઉમાશંકર 'સુંદરમ્' અને 'સ્નેહરશ્મિ' જેવા અન્ય કવિઓની કૃતિઓમાં સોનેટ પછી મુક્તકો અને હાઇકુ સુધી લાઘવનું કૌશલ પ્રકટ કર્યું છે. ત્યારે સદ્ગત પુત્રી ને સ્નેહરશ્મિએ માત્ર ૧૭ અક્ષરમાં આપેલી અંજલિ શોકભીની લાગે છે, કે 'ઝાકળ જેવું જીવી ગઈ તું, હવે સ્મરણો ભીનાં' અને મુક્તક ના સ્વરૂપમાં હરિશ્ચંદ્ર ભટ્ટની સ્મરણાંજલિઓથી આગળ વધી હસમુખ પાઠક માત્ર બે પંક્તિના યુગ્મમાં ગાંધીની શહાદતને અંજલિ આપે છે કે

૩૭.૧ આટલાં ફૂલો ભેગાં નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતા નથી.

વર્ષો પહેલાં ખબરદારે 'સ્વ. મહુભાઈને' અંજલિ આપતી લાંબી રચના આપી છે. એમાં પણ મધ્યાહ્નનો ઉલ્લેખ કાવ્યાત્મકતાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. પ્રકારવૈવિધ્યમાં મળતી આવી સફળતાઓ પરથી તારણ એટલું કાઢી શકાય કે શોકાંજલિ માટે પ્રયોગશીલતાને પૂરો અવકાશ રહે છે કવિ ધારે તો પ્રકારમાં સફળ કૃતિ રચી શકે છે. એ પરથી એમ સિધ્ધ થાય છે કે સફળતાનો આધાર પ્રકાર પર નથી પણ કવિની સૂઝ અને તેની રચનાકૌશલની ઝીણવટ પર છે. વિવિધ પ્રકારોમાં વિકસેલા શોકોર્મિકવિતાના સ્વરૂપ પરથી સમજાશે કે શોકની અભિવ્યક્તિ અસરકારક હોય પછી શબ્દ, પંક્તિ કે પ્રકાર ક્ષમ્ય બની જાય છે. અર્થાત્ એમાંથી બે વાત પૂરવાર થાય છે કે શોકોર્મિકવિતાની એક માત્ર અનિવાર્ય શરત કે લક્ષણ શોકની અભિવ્યક્તિ અને કરુણની નિષ્પત્તિ છે તે ગમે તે કાવ્ય પ્રકારમાં નિરુપી શકાય છે. માટેજ શોકોર્મિકવિતાને પ્રકારવૈવિધ્યના પલ્લે ભીખવા બેસાવામાં તેના કાવ્ય સ્વરૂપને અન્યાય થઈ જાય તેવો ભય રહેલો છે. લઘુ વિરહોર્મિકવિતામાં વિષાદ કાવ્યો પ્રકાર કરતાં વિષાદ્યાભિમુખ વધારે હોય છે. તેજ રીતે શોકોર્મિ-કવિતા પણ વિષાદ કાવ્યોનીજ એક અભિવ્યક્તિ છે તેથી પ્રકાર વિધાયક છણાવટને આધારે કહી શકાય કે શોકોર્મિકવિતા પણ સ્વરૂપમૂલક કે પ્રકાર વિશેષ કહેવા કરતાં વિષયમૂલક કવિતા તરીકે ઓળખાવી વધુ ઉચિત ગણાશે. શોકની અભિવ્યક્તિ, કરુણ નિષ્પત્તિ અને વિષયમૂલક કાવ્ય તરીકેના ત્રણ મુદ્દાને ધ્યાનમાં રાખી શોકોર્મિકવિતાના સમર્થનમાં ચર્ચા કરી આપણે સચોટ પણે શોકોર્મિકવિતાના કલાસ્વરૂપના લક્ષણ તરીકે શોકની સઘન અભિવ્યક્તિ કરુણ નિષ્પત્તિ અને વિષયમૂલક કાવ્ય-સ્વરૂપ એમ ત્રણ તત્વોને શોકોર્મિકવિતાના લક્ષણોમાં સવિશેષ ગણી શકીએ.

અન્ય સ્વરૂપોની સરખામણીમાં શોકોર્મિકવિતા સહજ રીતે તેના કલાસ્વરૂપને પામી હોવા છતાં મનમાં સહજ વિચાર આવે કે ક્યાં

મુખ્ય સ્વરૂપો શોકોર્મિકવિતાના સ્વરૂપવિકાસમાં અને ઘડતરમાં ઉપકારક નીવડયા હશે ? અને તેમાંથી સૌથી વધુ કયો કાવ્યદેહ અનુકૂળ આવ્યો હશે ? 'પંડિત યુગને અંજલિ' 'રડો ન મુજ મૃત્યુને' અથવા 'ઓ ગયા ગુણી સંત સુજાણ' કે 'એનું સ્મારક શાને સમાધિ ય શી ?' જેવાં લાંબા કાવ્યોમાં તો નિરાંતે શોકની સરવાણી ફૂટી છે પણ પંક્તિ-મર્યાદા જાળવીને શોકોર્મિની અભિવ્યક્તિમાં કાવ્યદેહ કાવ્યો હોય અને લાઘવ પણ જળવાયું હોય અભિવ્યક્તિ સર્વ પ્રકારે સંતોષકારક લાગી હોય એવો કાવ્યદેહ હોય તો સોનેટ છે. ઉમાશંકર, ઉશનસ્, સુંદરમ્ બ. ક. ઠા. ઉપરાંત સંખ્યાબંધ કવિઓએ શોકની કલાત્મક અભિવ્યક્તિ સોનેટમાં આપી છે. રા. વિ. પાઠક કૃત 'છેલ્લું દર્શન', ઉશનસ્ કૃત 'પૂ. બાપા જતાં'નો ગુચ્છ, એહરિમ કૃત કાંતિભાઈ કામડિયાના અવસાન નિમિત્તે લખાયેલો સોનેટ ગુચ્છ શોકોર્મિકવિતા ક્ષેત્રે ગૌરવરૂપ છે. [illegible] રવીન્દ્રનાથને અપાયેલા અંજલિકાવ્યો, અરવિંદને અપાયેલી અંજલિ જેવા અન્ય સોનેટ પણ નમૂનેદાર કલાત્મક છે. સોનેટની પંક્તિરચના અને આંતરિક પ્રકારગત પંક્તિવિભાજન પ્રમાણે ભાવવિકાસના તબક્કા પાડી કવિ સુરેખ અને સ્પષ્ટ આલેખન કરી શક્યા છે. સોનેટમાં વિચારવિકાસ પંક્તિની ગણતરી પ્રમાણે તેની અનુકૂળતામાં વિકસે છે. સોનેટ કાવ્ય પ્રકારે શોકોર્મિકવિતા અને કવિ બન્નેને યશ અપાવ્યો છે. પંક્તિમર્યાદા અનુરૂપ પ્રમાણબદ્ધતા સોનેટનું ઉત્તમ પાસું છે. તેમાં આડવાતે ચડી જવાની અતિરેકમાં સરી જવાની, કે ગુણાનુવાદની ઘેલછામાં ઉતરી પડવાની ભીતિ રહેતી નથી. સોનેટની પંક્તિ રચના અને મર્યાદા ભાવવહન અને વિચારવિકાસ માટે સતત સભાન રાખે છે. તેથી ભાવનું પોત ઘટ્ટ બની રહે છે એ તેના બંધારણનો પ્રતાપ છે અષ્ટકના ભાગમાં કવિ સ્વજનસંદર્ભ, પ્રસંગ, સ્મરણ ગુણાનુવાદ કે હરચના માધ્યમથી શોકની અભિવ્યક્તિ વિકસાવે અને ષટ્કમાં કરુણની નિષ્પત્તિ કરી રસાનુભૂતિ કરીને અને અંતે પરાકાષ્ઠાની



kalpana's

અનુભૂતિ કરાવે છે. અથવા ત્રણ ચતુષ્કમાં અનુક્રમે સ્વજનસંદર્ભ અને મૃત્યુ નિર્દેશ, શોકની અભિવ્યક્તિ, વધુ વિષાદમય આલેખન પછી કરુણ નિષ્પત્તિ અને ઉત્તમ ચમત્કૃતિ કે ઘેરા શોકની કે કરુણની પરાકાષ્ઠા અનુભવતી છેલ્લી બે પંક્તિમાં ચોટ વ્યક્ત કરે છે વિષયવસ્તુના વિકાસનો આવો નક્કર અને અસરકારક અનુક્રમ અને ચોકસાઈ બીજા રૂપોમાં કદાચ આ રીતે જોવા ઓછો મળે. કાબેલ કવિ ચૌદ પંક્તિઓનો સાચવીને ઉપયોગ કરે છે તે રા. વિ. પાઠકના 'છેલ્લું દર્શન' માં અનુભવાશે. એમાં ખોટા વિસ્તાર પ્રસ્તારને અવકાશ જ નથી. શોક અને કરુણ ઘટ્ટ પોત જાળવી રાખી સંવેદનશીલ માત્રામાં ઉપસી આવે છે. રાગ, લય કે લાગણીવેડા કે આયાસપૂર્વકનો હઠાગ્રહ એમાં વર્તાતો નથી. તેથી રચનાકૌશલ દીપી ઊઠે છે. અર્વાચીન ગુજરાતીમાં વિષાદકાવ્યો તરીકે સોનેટ સ્વરૂપમાં વિષાદ કાવ્યો તરીકે શેષનું છેલ્લું દર્શન, બાલમુકુંદ દવેનું 'જૂનું ઘર ખાલી કરતાં', ઉશનસ્ કૃત 'પૂ.બાપા જતાં', સોનેટ ગુચ્છ, સ્નેહરશ્મિકૃત 'અર્ધ્ય' કાવ્યસંગ્રહમાં સદ્ગત મિત્ર કાંતિભાઈ કાપડિયા વિશે લખેલું સોનેટ ગુચ્છ, રાવજી પટેલનું 'બાઈ' , સ્મરણીય છે. ૩૮... સોનેટ અને સોનેટગુચ્છ ઉશનસ્‌ને હાથવગાં છે. 'સ્પંદ અને છંદ' માં કવિતા બધા જ સંગ્રહોમાં પૈકી સૌથી વધુ ૮૦ જેટલાં તો સોનેટ યુગ્મ કે 'સોનેટ ગુચ્છ' માં પરોવાયેલાં છે'' એમાં 'અનહદની સરહદે' સર્વોત્કૃષ્ટ ગુચ્છ તરીકે સ્મરણીય છે. ૩૯...'પૂ. બાપા જતાં' વળાવી બા,આવ્યા એ સોનેટ માળાઓ સ્થળ- કાળ- વિગત, વ્યક્તિભિન્ન કે કવિની મનઃસ્થિતિ બદલાતાં, પડતાં સોનેટખંડોથી રચાતી દીર્ઘ વર્ણનાત્મક રચનાઓ જેવી લાગે છે. તો 'અનહદની સરહદે' અને 'રસ્તો અને ચહેરા' ની સોનેટમાળાઓ કોઈ એક કેન્દ્રિય ચિંતનોર્મિમાંથી જન્મતાં અને વિસ્તરતાં આંદોલનોથી રચાતી રમણીય વમળાકૃતિઓ જેવી લાગે છે. ઉપરોક્ત બન્ને સોનેટમાળાઓ, પ્રત્યેક સોનેટમાં શિલ્પકલા અને એ સાથે જ સમગ્ર સોનેટમાળામાંથી સ્થાપત્ય કલા સિદ્ધ કરવાની



kalpana's

કવિ પ્રતિભાની શકિતનાં નમૂનારૂપ છે'' બ. ક. ઠા ના ભણકારનાં સોનેટ વિરહ અને સુખદુઃખના સોનેટ વિવિધ શોકોર્મિકવિતામાં જોવા મળતા શોકની અભિવ્યકિતમાં સ્થાયીભાવો અને યુકિત-પ્રયુકિત અને વિવિધ નિમિત્તોના વિનિયોજનનો ફાળો ઓછો નથી. કાવ્યમાં વર્ણવાયેલી પ્રકૃતિ પણ કયારેક શોક અને કરૂણનો નવીનરૂપ આપે છે. 'ભણકાર' કાવ્યસંગ્રહમાં આવતી 'વિરહનું આંસુ' બ. ક. ઠા. ની એક આવીજ ઉત્તમ કૃતિ છે. કવિ અંતરમાં વલોવાતી વેદના પ્રદર્શિત કરવાના માધ્યમ તરીકે પ્રકૃતિને કાવ્યમાં આલેખે છે. સંસારનો સાર પ્રેમી પાત્ર છે. તેના વડે જ સંસાર ભર્યો ભર્યો છે તેના અભાવમાં સંસાર વેરાન કે નિરસ બને છે. બાકી સંસારતો એજ છે. વિષાદની આ ઉત્તમ અનુભૂતિ વિરહનું આંસુમાં વ્યકત કરી કવિ વિપ્રલંભ શૃંગારને વેધક બનાવે છે. સંયોગમાં જે તત્વો, દ્રશ્યો પ્રેમ જગાડનારાં હતાં તેને જ કરી વિયોગની ઉત્કટ સંવેદનાનાં કવિ નિમિત બનાવે છે. બન્નેની અનુભૂતિ સમયે હૃદય એક સરખી માત્રામાં સંવેદનશીલ છે પણ સંયોગમાં જે ફલશ્રુતિમાં શૃંગાર, આનંદ અને સુખ આપે છે તે વિયોગમાં વિષાદ, એકલતા, વિરહ આપે છે. કવિએ હૃદયનો વલોપાત, મૂંઝવણ ખૂબજ તાદૃશ રીતે રજૂ કર્યા છે. કવિ સ્પષ્ટપણે પોતાની લાચારી વ્યકત કરી વિષાદ, વિરહને છતાં કરી દે છે. તેથી તે હૃદયદ્રાવક લાગે છે.

૪૦... 'છે એ સંધ્યા, નદી, બગીચો
એજ કુરંગી કોકિલ
એ સૌંદર્ય સમી પણ જતાં
એક બન્યું વિષ કાતિલ''

વિવિધ ઉપકરણોમાંથી, ઉપાદાનોમાંથી શોક આકાર લેતો હોય પણ વિરહ તેનું પોષક બળ બની રહે છે. બ.ક.ઠા. એકલતા દ્વારા વિરહ કાવ્યમાં વ્યકત કરે છે. અર્થાત્ એકલતાની સ્થિતિ વિષાદ, વિરહની



kalpana's

કાવ્યમાં વ્યક્ત કરે છે. અર્થાત્ એકલતાની સ્થિતિ વિષાદ, વિરહની અભિવ્યક્તિ માટે સબળ અને સફળ પૂરવાર થાય છે. સંયોગમાં જે સંસાર તરી જતો સ્વર્ગવત્ લાગતો હોય તેજ સંસાર, વિરહમાં કેમ જીવાશે એ ચિંતાએ ગભરાવી મૂકે છે. શોકની અનુભૂતિ તીવ્રતમ બને છે. આ ઉત્કટ માત્રામાંથી શોક ઘનીભૂત થાય છે શોક જેટલો સઘન, કરુણ તેટલોજ કલાત્મક, આસ્વાદ્ય બની રહે છે. માટે એકલતા-વિરહથી પુષ્ટ થતો શોક કરુણની ભૂમિકાએ પહોંચી શકે છે.

પત્નીના વિરહમાં એકલતા, અફસોસ, વિલાપ, પ્રલાપ, કાવ્યમાં એવું કરુણગંભીર રૂપ પકડે છે કે પત્નીને જીવાડવા માટે કરેલા વ્યર્થ પ્રયત્નોથી પણ તેના વિના જીવવું વ્યર્થ લાગે છે. પત્ની વિનાની 'મૂસા તુલ્ય જીવાતી જિંદગી' વિડંબિત વ્યર્થ અનુભવાતાં 'મનુજજંતુની અલ્પતા' માં કવિ વિષાદ વ્યક્ત કરે છે.

જી… ગઈ સ્વજનહીન, સ્વપ્નહીન , જીવું હું તો
હતો ઘર થકી એકલ, તું જતાં વિશેષે હવે
તને જીવત રાખવા, કરિ ચૂકશો, બધું વ્યર્થ તે
અને વિદગ્ધ વ્યર્થ સર્વ, જીવવું મૂસા-તુલ્ય એ"

પત્નીના વિરહમાં અનુભવાતી વ્યાપક એકલતા અહીં વધુ સ્પષ્ટ થાય છે. કવિને પત્ની સિવાયનાં અન્ય માણસો 'મનુજ જંતુ' લાગે છે તેમની સદ્ગત પત્નીની સરખામણીમાં કવિને મન કોઈ મહત્તા નથી માટેજ જોઈક પણ 'મનુજ જંતુની અલ્પતા' માપ્યું છે. બધાજ મનુજ જંતુ પરકીય લાગે છે. કારણ કે કવિ કહે છે કે પત્નીનું સ્થાન કોઈ લઈ શકે એમ નથી પત્નીના વિરહે આકુળ-વ્યાકુળ સ્થિતિ વલોપાત કરે છે કે " પ્રભુ હું તે કેમ સિમરને ઠારું રે, ક્યાંય ઉર ન ઘર પે મારું" લગભગ રુદનની પરાકાષ્ઠા પર પહોંચતો વિલાપ-કલ્પાંત કવિચિત્તના ઘેરા વિષાદને પ્રકટ કરે છે. કાવ્યમાં આ ભાવાભિવ્યક્તિ આસ્વાદ્ય નીવડે છે.

બ. ક. ઠા. ના પ્રિય વિષયોમાંનો પ્રણય-મૈત્રી વિશેષ છે. એ નિમિત્તે વિષાદ અને શોકની અભિવ્યક્તિ આવી રચનાઓ અને સોનેટમાં મળે છે.

શોકોર્મિકવિતાના વિશ્લેષણાત્મક અભ્યાસ પછી, તેમાંથી તારવેલાં લક્ષણોને આધારે શોકોર્મિ કવિતાના કલાસ્વરૂપને ઓપ આપતાં પહેલાં એક સ્પષ્ટતા એ જરૂરી છે કે એ લક્ષણોને આધારે કૃતિને શોકોર્મિ કવિતા તરીકે તપાસવી અને તેનો શોકોર્મિકવિતા તરીકેનો નિર્ણય તે પછી લેવાય. શોકોર્મિકવિતામાં આવતા મૃત્યુની ઘટનાના ઉલ્લેખના સંદર્ભે અન્ય કાવ્યોમાં અને વિવિધ પ્રકારોમાં આવતી શોકોર્મિકાવ્યોના વર્ણનો કવિતામાં મૃત્યુના આલેખનનું સામ્ય-વૈષમ્ય તપાસી, એ દૃષ્ટિએ શોકોર્મિકવિતાનું મૂલ્ય અને સ્થાનનો સ્પષ્ટતાનો વિચાર કરવો ઘટે. એ સંદર્ભે એટલું સ્પષ્ટ છે કે મૃત્યુની ઘટનાના ઉલ્લેખના સામ્ય ઉપરાંત શોકની અભિવ્યક્તિ, કરુણની નિષ્પત્તિ અને અંજલિ શોકોર્મિકવિતાના વિશેષ તત્ત્વો છે. અર્થાત્ શોકોર્મિકવિતા અભિવ્યક્તિની કલા પર આધાર રાખી વિકસતી કવિતા છે. શોકોર્મિકવિતાને વિષયમૂલક કવિતા તરીકે પણ એને તો વિષયની અભિવ્યક્તિની કલા તરફ જ અંગુલિ-નિર્દેશ હોય તે અસ્થાને નથી મૃત્યુ જન્ય વિષાદની સંવેદનાની કલાત્મક રજૂઆતનું વૈવિધ્ય શોકોર્મિકવિતાના અભ્યાસમાં આસ્વાદનો વિષય છે. એજ તેનો રમણીય કલાપ્રદેશ છે. કવિતા પ્રદેશમાં ઠેર ઠેર જોવા મળતા કલાત્મક અંશો પરથી સિદ્ધ થાય છે કે શોકોર્મિકવિતા suggestive Expression ના સિદ્ધાંતને અનુસરે છે. Form ને અનુસરનારી કવિતા છે. અન્ય કાવ્યપ્રકારોમાં અને સ્વરૂપોમાં મળતી મૃત્યુની સંવેદના શોકોર્મિકવિતામાં રસમીમાંસા અનુસાર રસપ્રક્રિયા પામી ભાવ, રસ અને અંજલિનો ત્રિવેણી સંગમ રચે છે. એટલે ભાવસંક્રમણ, રસનિષ્પત્તિ અને મૃત્યુની ઘટના તેને શોકોર્મિકવિતા તરીકે સ્થાપિત કરનારાં પાયાનાં લક્ષણો છે.

શોકોર્મિકવિતાના વૈવિધ્યમાં જોવા મળતાં ઐતિહાસિક, પૌરાણિક

સામાજિક, સાહિત્યિક, સાંસ્કૃતિક ઉપરાંત લોક રિવાજ, માન્યતાઓ અને દંતકથાના ઉલ્લેખોમાં સાહિત્યિક, ઐતિહાસિક અને પૌરાણિક ઉલ્લેખો ઘણી રસપ્રદ માહિતી પૂરી પાડે છે. પંક્તિમર્યાદાના લાઘવમાં શોભે તે રીતે વૃત્તાંત ટૂંકા હોવાથી અને કાવ્યબંધમાં બંધ બેસતા હોવાથી નડતરરૂપ લાગતા નથી. આવા ઉલ્લેખો દસ્તાવેજી પૂરાવાના સાધન તરીકે ખૂબ મહત્વનાં લાગે છે.

સાહિત્યમાં મહત્વનાં સ્થાને ગણાતા કાવ્યપ્રકારો અને સ્વરૂપોની તુલનામાં કદાચ શોકોર્મિકવિતાનું કલાસ્વરૂપ પડદા પાછળ લાગે પણ કહેવું જોઈએ કે તે નિબંધ એક ખેડાયેલી કવિતા છે. તેના ખેડાણમાં સિધ્ધહસ્ત કવિઓનો ફાળો છે કે જેમના હાથે ગુજરાતની ઉત્તમ કરુણપ્રશસ્તિઓ લખાયેલી છે. દલપતરામ, બાળાલાલ, સુંદરજી બેટાઈ, ઉમાશંકર, નરસિંહરાવ, અને સુંદરમ્ ઉત્તમ શોકોર્મિકવિતા પણ આપી છે. કરુણપ્રશસ્તિમાં જોવા મળતી રસપ્રક્રિયા અને ચર્વણા સિધ્ધહસ્ત કવિઓની શોકોર્મિ કવિતામાં પણ મળે છે. ખ્યાતનામ કવિઓથી માંડી પછી પાડતા કવિઓ દ્વારા વિસ્તરેલી અને વિકસેલી શોકોર્મિ-કવિતા, કવિસંખ્યા અને કૃતિસંખ્યા તેમજ સ્વરૂપ અને પ્રકાર વૈવિધ્યને આવરી લેતી ખૂબ ખેડાયેલી કવિતા છે એ વિધાન અતિશયોક્તિ નથી. વિવિધ ઉપકરણ, ઉપાદાન, પ્રયુક્તિઓ, છંદો, પ્રકારવૈવિધ્યની પ્રયોગશીલતા શોકોર્મિકવિતાની સિધ્ધિ માટે પાઘડીમાં પીંછું પૂરવાર થઈ શકે. ઉપકરણો વિનિયોજનમાં મૌલિકતા અને સંદર્ભની નવીનતા તરાહો શોકોર્મિકવિતામાં પ્રાપ્ય છે. ભાષા, છંદ અને લય પરત્વે પણ કહી શકાય કે જૂના શબ્દપ્રયોગો, રૂઢિગત શબ્દો, અને નવા અર્થો, જૂના શબ્દના નવા લય, જૂના લયમાં નવા અર્થોની અજમાયશી અને અજમાયશોની શોકોર્મિકવિતા વંચિત નથી. 'છેલ્લું દર્શન' 'જૂની રાફર', 'ગદીક સવારી', 'ફૂલ ખર્યું' 'સહરડું' 'કવિકાન્તને' માં નોખી નોખી પ્રયોગશીલતાના ચમત્કૃતિ અને નવા પરિણામ જોવા મળે છે. મધ્યકાલીન

કાળથી માંડી અછાન્દસ અને હાયકુ સુધીની મજલ શોકોર્મિકવિતાએ કાપી છે. આ કાવ્યો ભાવાભિવ્યક્તિ , રસનિષ્પત્તિ, અંજલિ ચિંતન, મૃત્યુ, મંથન, જેવા અનેક તત્વોથી સુશોભિત છે. આ તત્વો કવિતાના રક્તમાં ઓતપ્રોત છે. તેનું વાચન આસ્વાદની અનુભૂતિ કરાવે તેવા સક્ષમ છે. એ તેનું સાહિત્યિક પૂર્ણ સિધ્ધિ કરી દે છે.

શોકોર્મિકવિતા બુધ્ધિ કરતાં હૃદયથી ઉર્મિ વ્યક્ત કરનારી કવિતા છે. શોક તેનો ભાવપક્ષ છે. કરુણ તેની રસાનુભૂતિ છે ક્યાંય બૌધ્ધિક રીતે ભાવને કલ્પનાનો સઘન સ્પર્શ આપીને જ્યારે નક્કર ભૂમિકા આપે છે ત્યારે શોકોર્મિકવિતા વધારે કલાત્મક બની રહે છે. તો પણ પ્રાધાન્ય તો ભાવ અને રસનું જ ટકી રહે છે. તેથી તે ચિંતન કવિતાથી જુદી પડી જઈ શોકોર્મિકવિતા જ બની રહે છે.

વિષાદના મૂળમાંથી વિકસેલી શોકોર્મિકવિતામાં અંગત સ્વજનનાં મૃત્યુજન્ય શોકકાવ્યો સ્વતંત્ર શોકાંજલિઓ, દીર્ઘ સુદી–લાંબી શોકાંજલિઓ, મુક્તક–હાયકુ અને યુગ્મ પ્રકારની લાઘવ યુક્ત શોકાંજલિઓ જાહેર જીવન અને સેવાકાર્યો સાથે સંકળાયેલા મહાનુભાવોના અવસાન પર લખાયેલી શોકાંજલિઓ લઘુવયસ્ક, સમવયસ્ક અને મોટેરા માટે લખાયેલી શોકાંજલિઓ, મહિલાઓ અને પુરુષો જેમાં ઉત્તમ વ્યક્તિત્વને અપાયેલી અંજલિઓ યુગ્મકાવ્યો- કાવ્યત્રયી અને ગુચ્છકાવ્યો તેના પુષ્પગુચ્છ છે. શોક અને કરુણ તેની શાખા પ્રશાખામાં વહેતો વૃક્ષનો જીવન રસ છે. મૃત્યુ જન્ય વિષાદ પાછળ આત્મીય ભાવની સંવેદના મૂળમાંથી પોષાતું તત્વ છે. ભાવક તેનો ભમરો છે. અંજલિ જાણે આંબે આવ્યા મહોર, વિવિધ શોકાંજલિ તેની ઘટા છે. જાણે કે શોકાંજલિ સવાંગે વિકસેલું કલાવૃક્ષ છે.

શોકોર્મિકવિતા દીર્ઘકવિતા હોય કે લઘુકાવ્ય, લય ઢાળવાળું ગેય હોય કે અગેય, સંસ્કૃતવૃત્તમાં હોય કે અછાન્દસ, મહિલા વિષયક

હોય કે વ્યક્તિ વિશેષ સ્વજન હોય કે મહાનુભાવ પર લખાયું હોય. જીવન, કાર્ય, સ્મરણ, વિરહ તેની અભિવ્યક્તિનાં માધ્યમો છે આ માધ્યમો પાર કરી સિદ્ધિ થતું શોક, કરુણ અને અંજલિનું રૂપ તેમાં ઉદાત્ત હોવું જોઈએ. શોકોક્તિ કરુણ નિષ્પત્તિ શોકોર્મિકવિતાનો મુખ્યલેખ છે. તત્કાલિન કે સમકાલીન અસરકરતાં શોકોર્મિકવિતાનું દીર્ઘકાલીન અસર તરીકે મૂલ્ય ઊંચું છે. તેમાં અનુભૂતિની માત્રા અંગત થી બિન અંગત સુધી વિકસે છે. મૃત્યુજન્ય શોકાનુભૂતિની વિસ્તારની કક્ષા વ્યક્તિગત અનુભૂતિથી વિસ્તરી વૈશ્વિક કક્ષા સુધી વિસ્તરે છે. બીજા કાવ્યોની તુલનામાં તેનું ભાવવિશ્વ અસર કરી જાતું છે. કાવ્યમાં વ્યક્તિ કે વ્યક્તિત્વ સેજ કાવ્યત્વ નથી એતો કાવ્યત્વસુધી પહોંચવાના માત્ર માધ્યમો છે. એ દ્વારા જ્યારે ભાવસિદ્ધિ થાય છે અને અંજલિ અપાય છે ત્યારે આપણું હૃદયમાં પણ તેમાં ડૂબાઈ જાય છે રવીન્દ્રનાથ - ૧ ની પંક્તિઓ આ સંદર્ભમાં જોવી ગમશે.

૪૨. "સૂરોની ગુહામાંથી તેં કવિ ? અરણ્યના મર્મરો
ગંભીર જાગ્યોલ ગર્જાવ તણા ! સ્મિતો વ્યોમના
તૃણોની અણપ્રીછ ગોષ્ઠિ, જડ લોક-કોલાહલો
સમીર શિરકંત ગોલ મૃદુ, હૃદયની છાતી શા
લહે અમર સૌ સ્વરો, નવ અજાણતો અંતરે"

રવીન્દ્રનાથની 'કાવ્યમાં' આવો અનુભવ થાય છે કે રવીન્દ્રનાથે કુદરતના રૂપોને નવો લય, રૂપ, રૂપકો, દશ્યો અને અર્થો આપી ભાષાની ક્ષમતા અને સિદ્ધિ બતાવી, તેના પગલે અનેક કવિઓએ રવિન્દ્રનાથનું ઋણ સ્વીકારી પોતાનું કાવ્યત્વ વિકસાવ્યું તેનાથી કવિઓએ રવીન્દ્રનાથનું સ્વીકારી પોતાનું કાવ્યત્વ વિકસાવ્યું. તેનાથી કવિતાની એક નવી ક્ષિતિજ ખૂલી, પહેલાં કાવ્યોમાં માત્ર પ્રકૃતિનું દર્શન જ વર્ણવાતું હતું પણ ત્યારપછીની કવિતામાં રવિન્દ્રનાથની અસર ઝીલી કુદરતના દર્શનની અનુભૂતિ અને પોતીકી

ભાવાભિવ્યક્તિ સુધી કવિતાની સીમા વિકસી અને વૈશ્વિક અનુભૂતિ સુધી વિસ્તરી એમ કહેવું યથાર્થ છે. એ દ્રષ્ટિએ આવી કેટલીય શોકોર્મિકવિતા અને શોકાંજલિનો મહત્વનો ફાળો છે. તેમાં ભાવની સૂક્ષ્મતા પણ જળવાઈ છે. આવી કવિતામાંથી કવિતાના વિકાસનો અણસાર મળી રહે છે. કાવ્યતત્વમાંથી સૂઝેલા કલાંશો, કાવ્યના વાચન દરમિયાન કરુણતાને અનુભવતા હોઈએ તેવી ભાવનાની, અનુભૂતિની ઊંચી માત્રા અને તેમાંથી લાગણી ભાવ સમાધિ શોકોર્મિકવિતાની વિશિષ્ટ મૂકી છે.

ચિંતન, મંથન, સમાધાન, શોકની અભિવ્યક્તિ, કરુણની નિષ્પત્તિ મૃત્યુજન્ય વિષાદ આદિ કરુણપ્રશસ્તિ અને શોકોર્મિકવિતાના સહિયારાં લક્ષણો ખરાં પણ શોકોર્મિકવિતામાં બધું લાઘવયુક્ત , પ્રમાણબધ્ધ, એ શોકોર્મિકવિતાની વિશેષતા છે. શોકોર્મિકવિતામાં ભાવ, વ્યક્તિત્વ અને રસ વર્ણ થવા આલેખનમાં ચિંતનનો વિશેષ ફાળો છે. પુરાણ-આધારિત, ધર્માધારિત, કે સમાજઆધારિત ચિંતન શોકોર્મિકવિતામાં મળે છે પરંતુ શબ્દ પ્રયોગમાંથી જ્યારે કવિનું મૌલિક ચિંતન ઝરે છે. ત્યારે પરંપરાગત ચાલ્યા આવતા ચિંતનથી કંઈક વિશેષ બની જાય છે. ગાંધી કાવ્યોમાં લગભગ રાજકારણ, સામાજિક મૂલ્યો કે માનવતાના આદર્શોનું ચિંતન કવિ છેડે છે ત્યારે તે નૂતનતાનો અનુભવ કરાવે છે. મનસુખલાલ ઝવેરીએ 'આજ નયનો રડો' કાવ્યમાં ચિંતનની અભિવ્યક્તિની સુંદર ચમત્કૃતિ બતાવી છે. દીન, રાંકડી, ગરીબડી પ્રજાના ગાંધીજી ઉધ્ધારક હતાં તેમના મૃત્યુથી હીર ગુમાવી બેઠેલી પ્રજા કવિને રાંકડી લાગે છે. હવે આ પ્રજાનું કોણ? એ પ્રાણપ્રશ્ન હૃદયને વિહ્વળ કરી મૂકે છે. એ હૃદયસ્પર્શી ચિંતન લાગે છે પણ કવિનું મન માનતું નથી અને વિચાર વમળ ચાલે છે એમાંથી ચમત્કૃતિ સર્જે છે કે એજ પ્રજાનો એક અંશ, પ્રતિનિધિ, ગાંધી છે આવડી મોટી વિશ્વવંદ્ય વિભૂતિ જે પ્રજાએ વિશ્વને આપી તે પ્રજા રાંકડી ક્યાંથી ?

પ્રજા રાંકડી નથી પણ મહાન વિભૂતિ બક્ષનારી ગૌરવવંતી છે. ગાંધીજી ગુજરાત અને ગુજરાતીઓનું અને સમગ્ર ભારતનું, [illegible] માનવજાતનું ગૌરવ છે સત્ય, શાંતિ અને અહિંસા જીવનભર પાળી જેણે માનવજાતને સંદેશ આપ્યો. તેનું જ હત્યા– હિંસાથી મોત ? તે પણ માનવકૃત્યથી ?? એના જવાબમાં કવિ ચિંતન આપે છે કે અંત સુધી અહિંસાને વરેલા ગાંધીની અહિંસાને હિંસા દબાવવા આવી પણ ગાંધીની રગ રગમાં સત્ય, અહિંસા અને પ્રેમ વહેતો હોવાથી ગાંધી ગોળીઓ પણ પચાવી ગયા. અને હિંસાને સામે રામનામ આપ્યા.

૪૩. " દ્વેષ કો હિંસ્ર ની ગોળી હૈયે ઝીલી
શાંતિને શાન્તિથી દિવ્યતા દાખવી
રામ હે ! રામ હે ! પોઢી ગાંધી ગયા
અમર આજે થયા "

એક અતિ સામાન્ય શબ્દપ્રયોગમાંથી કવિ ચિંતને માનવીય ધોરણોની ઊંચી ભૂમિકા પર વિકસાવે છે. ગાંધી અને ગોડસે તો દ્વંદ્વ યુદ્ધના માત્ર એક જમાનાના બદલાયેલા રૂપ હતા. હિંસા–અહિંસા, ક્રોધ–પ્રેમ, વેર–અવેર, રાગ–દ્વેષ, સત્ય – અસત્ય, ખૂન–શાંતિ, નીતિ – અનીતિ, સમજ–ગેરસમજના ચાલતા અવિરત દ્વંદ્વના પ્રતિક ગાંધી અને ગોડસે હતા. ગાંધીએ બલિદાન આપીને એ યુદ્ધમાં સત્ય, અહિંસા, પ્રેમ, શાંતિ, જ્ઞાન ધૈર્ય, નીતિ, તેજ, [illegible] ધર્મ અને સમજનો વિજય સ્થાપ્યો છે. કવિના શબ્દોમાં કહીએ તો

૪૪. " પ્રેમને દ્વેષની, શાન્તિ ને વૈરની
જ્ઞાન, અજ્ઞાનની તેજ ને તિમિરની
આદિથી જગમાં, જામતી આહવી
તે મહીં આજ, ફરી વાર ગાંધી વડે
વિજય ગાથા રચાઈ શ્રીમાનવ્યની "

ગાંધીનું મૃત્યુ એટલે

"દંભ ને વૈરની, અવળા છાયા તણી
પ્રેમમય સત્યની દિવ્ય શાશ્વત્ ગણો"

ઊંચી બુધ્ધિમત્તા અને અભિવ્યકિતની મૌલિક તાસીર આ ચિંતનમાં છે. ગાંધી કાવ્યો આપણને ઘણી મોટી સંખ્યામાં મળે છે. એમાંથી ઉત્તમ ગાંધીકાવ્યો જુદા તારવવામાં આવે તો 'આજ નયનો રડો' અને 'રડો ન મુજ મૃત્યુને' સર્વોત્તમ ગાંધી કાવ્યો અને ગાંધી-વિષાદ વ્યકત કરતી શોકાંજલિ બની રહે તેવી કૃતિઓ છે. એવા સુંદર કાવ્યત્વ અનેકના અંશોનો ચિંતન અને નિરૂપણની ચમત્કૃતિઓનો તેમાં સમન્વય છે. ૪૪."ગાંધીજીના અવસાન નિમિત્તે લખાયેલાં અનેક વિષાદ કાવ્યોમાં વિશિષ્ટ રચનારીતિ અને દ્રષ્ટિકોણથી લખાયેલું અને અંતે કવિના વિષાદને સંયમિત છતાં તીવ્રતમ રીતે બે પંકિતઓથી અભિવ્યકિત આપતું ઉમાશંકરનું 'રડો ન મુજ મૃત્યુને' સદા સ્મરણીય છે મનસુખલાલનું 'આજ નયનો રડો' પણ ઉલ્લેખ પાત્ર છે."

ચિંતનની એક બીજી તાસીર નજીપાત્ર લાગી છે કાવ્યમાં ચિંતન એવા વ્યાપક ફલક ઉપર છવાયેલું હોય કે ઘડીભર મૃત્યુનો નિર્દેશ ભૂલી જવાય અને વ્યકિતમૂલક, સમગ્ર કાવ્યમાં પણ લાગે, બારોબાર શોકમાંથી ચિંતનનું વહેતું પૂર અનુભવવા મળે, અભ્યાસમાં ત્રુટિ રહી જાય તો વ્યકિત-મૂલક ન લાગવાથી શોકાંજલિમાંથી તેને કદાચ ખોઈ બેસીએ. ઝવેરચંદ મેઘાણી કૃત 'મૃત્યુનો ગરબો' આવી જ કૃતિ છે. સુરેખ આલેખન, રૌદ્ર-રમ્ય ભાવોમાંથી ઝરતા શોકની તેજ છાયાના રંગો અને મૃત્યુના રૂપનું આલેખન કૃતિના આગવી ભાત પાડનારાં તત્વો છે. લોકઢાળના લ્હેકામાં ઢળતો શોક અને ચિંતન આસ્વાદ્ય છે.

૪૫."માડી તારા પગરૂ રૂપ શોભાનાય તરે ,
ભીતર- મલકે મોહન ભાત..
- કે જાણું જગજનનીને ખોળલે રે "



kalpana's

ચિંતનસભર હોવા છતાં કૃતિ ચિંતનાત્મક નથી એ કૃતિની વિશેષતા છે. એક ચોક્કસ વ્યક્તિના અવસાનથી ઊભી થયેલી સંચિત અનુભૂતિનું કાવ્યરૂપાંતર છે.૧૯૩૦ માં, કારાવાસમાં સૈનિક ત્રિવિક્રમનું અવસાન થયું ત્યારે એના શબને જોઈને આ કાવ્ય અને આ ચિંતન સ્ફુર્યાં છે. માટે વ્યક્તિવિશેષ સદ્ગત (ઈંગિત) અદૃશ્ય રહી ચિંતન –વિષાદ વ્યક્ત કરતી કૃતિ તરીકે શોકોર્મિકવિતામાં એક નવી દિશા ઉઘાડે છે તેથી પૂર્વભૂમિકામાં બારોબાર શોક હોય અને સર્વક્ષેત્રીય કલાત્મક રૂપાંતરની અભિવ્યક્તિની નૂતનતા ઝવેરચંદ મેઘાણી કૃત 'મૃત્યુનો ગરબો' કાવ્યમાં છે.

કોલક રચિત 'વિખૂટા મિત્રને' કાવ્યમાં કવિ સદ્ગત મિત્ર ગુણવંત રાય વૈષ્ણવ માટે પ્રકૃતિના માધ્યમથી શોક પ્રદર્શિત કરે છે. ક્ષિતિજની પછેડીમાંથી ધીમે ધીમે આકાશમાં ઉપર આવતા ચંદ્રને સંબોધી કવિ કહે છે કે ક્ષિતિજનું રંગીન સાન્નિધ્ય છૂટતાં હમણાં તું ક્ષિતિજથી વિખૂટો પડયો છે પણ કાલે પાછું તને એ સાન્નિધ્ય મળવાનું છે પણ મારા મિત્રથી મને થયેલો વિયોગ કાયમી છે તેથી તે અસહ્ય છે . તારા વિખૂટાપણાં કરતાં મારો વિયોગ વધુ દર્દનાક છે. લઘુવિરહોર્મિકવિતાના વર્ગના મૃત્યુથી જાગતાં ટૂંકા વિષાદ કાવ્યોના લક્ષણની સાવ નજીકની અનુભૂતિ આ કાવ્યમાં છે. તેનું નિરૂપણ શોકમગ્ન વાસ્તવિક છે. પ્રકૃતિના ઉપકરણનું શોકોદ્ભવ માટે કવિ વિનિયોજન કરે છે. આ આલેખનની સાથે જ મિત્રવિરહ માટે દલપત રામની કરુણપ્રશસ્તિ 'ફાર્બસ વિરહ' ની નીચેની પંકતીઓમાં ઘણું સામ્ય મળતું હોવાથી જણાઈ આવે છે કે પ્રકૃતિના ઉપકરણશોક અને કરુણની નિષ્પત્તિની અભિવ્યક્તિમાં કોલક ને દલપતરામ એકબીજાથી કેટલાં નજીક આવી ગયા છે. એ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે કરુણપ્રશસ્તિ કવિના જેટલી જ ક્ષમતા ઊંડો વિષાદ વ્યક્ત કરતા શોકોર્મિકાવ્યોમાં છે અને અભિ-વ્યક્તિની ક્ષમતામાં દીર્ઘવિરહોર્મિકવિતાથી લઘુવિરહોર્મિકવિતાના વર્ગની શોકોર્મિકવિતા પણ એટલીજ સક્ષમ છે.



Kalpana's

૪૬. 'પક્ષીશ પત્રો પીપળા, નહીં તું થઈશ ઉદાસ
મિત્ર જતાં મારે થયો, પ્રૌઢ પાનખર માસ

ચંદ્ર, તારા, ક્ષિતિજ, સૂર્યાં જેવાં પ્રકૃતિનાં ઉપકરણો પર આધારિત મિત્રવિરહ અને સ્વજનવિરહમાંથી જાગતી વિષાદની અભિવ્યક્તિ ન. ભો. દી., કોલક, બ.ક.ઠા. અને રશ્મિ જેવા ઘણા કવિઓની કવિતામાં મળે જ એમ છે. એ ઉપરથી એમ પણ કહી શકાય કે પ્રકૃતિનાં સર્વ ઉપકરણોમાંથી કોઈપણ ઉપકરણ વિરહ-વિષાદની અભિવ્યક્તિ માટે સમર્થ છે. અભિવ્યક્તિમાં વિવિધતા લાવવાની ક્ષમતા પણ એ ઉપકરણો-માં છે. કવિતામાં ઉપકરણોની પસંદગી અને કાવ્ય રૂપમાં તેનું યથાર્થ વિનિયોજન કવિતા માટે કસોટીરૂપ છે. રૂપ, મુગ્ધભાવ, દિવ્યભાવ અને મિલનના આલેખમાં કેન્દ્રસ્થાને રહેલો ચંદ્ર 'વિખૂટા મિત્રને' કાવ્યમાં વિયોગનો નવો સંદર્ભ રચે છે. કલાત્મક નિરૂપણ, ભાવચિત્રની સુંદરતા માટે 'વિખૂટા મિત્રને' નોંધપાત્ર વિષાદ કવિતા છે. સમાન અર્થની અભિવ્યક્તિ હોવા છતાં એમાં વૈવિધ્ય છે તે શોકોર્મિ કવિતા તરીકે કાવ્ય વિશેષ છે.

શોકમાં શ્રદ્ધા અનેરું બળ પૂરે છે. અંતરમાં ઘૂંટાતા શોક પરથી ધૈર્યનો પ્રતિબંધ ઉઠી જાય અને ધૈર્યની સાથે શ્રદ્ધા પણ આંસુ ભેગી વહેવા લાગે ત્યારે મૃત્યુનો ઘા કારમો સાબિત થાય છે. શોકમાં શ્રદ્ધા જ મોટું આશ્વાસન છે. શ્રદ્ધા જ તૂટતા માણસને ટકાવી જાય છે. તે તત્ક્ષણ શાંતિ આપે છે. આવી સ્થિતિમાં જ્ઞાન, ગંભીરતા, શ્રદ્ધા, શાંતિ, મૃત્યુના શોકગ્રસ્ત વાતાવરણને પ્રભાવશાળી, ગૌરવવંતુ, પુણ્યવંતુ બનાવે છે. તે સમયે મૃત્યુ અમંગલ નથી લાગતું અર્થાત (મૃત્યુનું પોતાનું સ્વરૂપ જે છે તે સિવાય) મૃત્યુને મંગલ બનાવવું કે અમંગલ તે આપણા જ હાથની વાત છે. મૃત્યુનું આવું માંગલ્ય શોકના ઘા ને હળવો કરી આશ્વાસનની ભૂમિકા બાંધી આપે છે.

૪૭. ''ધૈર્ય સ્તુતિ તણા કો' ને પ્રસંગો જગમાં' વતા
શ્રધ્ધાસ્તુતિ તણા શું એ સદા એ સાંભળી થતા ?'' માટેજ

''ભલે સભી અંતરવ્યાળાઓ ખસ્વે ખસ્વે
રેલી રહે અંતર રુધ્ધ નીરશું
પરંતુ શ્રધ્ધા તુજ ગાન્ય કેરી
રખે વહાળો તુજ નેત્ર દ્વારે''

ધૈર્ય, શોક અને શ્રધ્ધાની ગૂંથણીમાંથી 'શ્રધ્ધા' – શોકનું શાંત્વન – તરીકે સ્થાયી ચિંતનમાં કવિ શ્રધ્ધાનો મહિમા વધારે છે. તેને મૃત્યુના ઘાની સહનશક્તિ માટે પૂરક બળ બનાવે છે. શ્રધ્ધાનો ભાવ શોકને ધીર, ગંભીર, અહોભાવ યુક્ત બનાવે છે. શ્રધ્ધાયુક્ત શાંત્વનથી શોક અને મૃત્યુ બન્ને પ્રભાવશાળી, ઉચ્ચતર ભૂમિકાનું ગૌરવ મેળવે છે. શોક અને શાંત્વન, બુધ્ધિ અને હૃદયની રસાકસીમાં જ્યાં શાંત્વન, બુધ્ધિ અને તર્કને શોક હરાવી દે છે ત્યાં કવિ શોકની કરુણ સભર અભિવ્યક્તિ પ્રગટાવે છે.

અભિવ્યક્તિની વિવિધ તરાહો કાવ્યે કાવ્યે નવેરૂપે પ્રગટે છે એમાં 'પૂ. અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટને' કાવ્યની ગૂંથણી સુંદર છે. કાવ્યની વિશેષતાએ છે કે પૂ. અનિરૂધ્ધ બ્રહ્મભટ્ટની જ અંતિમ અભીપ્સાઓના જવાબરૂપે આ કાવ્ય લખાયું છે દ્રષ્ટિએ વિશિષ્ટ રચનારીતિ કૃતિનું કાવ્યવિશેષ છે વિચાર કે વસ્તુ મૌલિક નથી પરંતુ બન્નેનો મણિ-સુમેળ કાવ્યમાં આશ્ચર્યજનક છે. કવિનો આ મૌલિક ઉપક્રમ કવિતાનું ગૌરવ છે. કવિ મૃત્યુના રૂપને વર્ણવી સીમામાંથી અસીમમાં આત્માનું રૂપાંતર એજ મૃત્યુ એમ સિધ્ધ કરે છે.

૪૮. ''અને ખબર પંખીનું ગીત સાંભળવા માટે તો
બાહેરી થઈ ગયેલી ક્ષિતિજોને પણ પડઘો
તમારી શ્રવણેન્દ્રિયનો

સાવ અજાણ્યું ફૂલ મહોર્યું, એટલે તો
તમારી પ્રાણશક્તિ
ફેરવાઈ ગઈ અગણિત પર્ણગિચામાં ઓમાં.
ને તમારી રૂપેરી વાણી તો
સમાઈ ગઈ
કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણે ઉચ્ચારેલી વાણીમાં''

વ્યાપક દ્રષ્ટિની વિશાળતામાં કાવ્યના કવિ મૃત્યુને વિસ્તરતું બતાવી વિસ્મય ભાવ ઊભો કરે છે. કૃષ્ણની વાણીમાં સદ્ગત કવિની વાણીને વિસ્તારી દઈ અમરત્વ આપે છે. મૃત્યુનું નવું મૌલિક અર્થઘટન પણ કવિતામાં જોવા મળે છે. કવિતાની વિશેષતા એ છે કે ભાવકની જ, સ્વરચિત કૃતિના, સંદર્ભમાંથી કવિ, કાવ્યનું વસ્તુ ઉપાડી તેમાં મૌલિકપ્રતિભા ઉપસાવે છે. કાવ્યના ગભ્યાસની પૂર્ણતા માટે એકજ કવિના બે કાવ્યોનો અભ્યાસ કરવો પડે એ ગૌરવની બાત છે. કવિની સિધ્ધહસ્ત કલમનો એમાં વિશેષ પરિચય મળે છે.

ભાવાભિવ્યક્તિની નૂતનતામાં પ્રકૃતિનો ફાળો સૌથી અનેરો રહ્યો છે. આત્મીયતા, શોક અને વિષાદને વ્યક્ત કરવા મોટા ભાગના કવિઓએ પ્રાકૃતિક તત્વોને એક યા બીજારૂપે વણી લીધા છે. વિષાદની વ્યાપક અસર બતાવવા કવિઓ વિસ્તરેલી પ્રકૃતિમાં વિષાદને ફેલાવી દઈ કાવ્યનું વાતાવરણ શોકથી ભરી દે છે. પોતાના હૃદયનો અંજંપો, ખાલીપો પ્રકૃતિમાં વિસ્તારી દઈ કાવ્યગત શોકમગ્ન બનાવી દે છે. ઉશિત બૂચના 'સ્વ. પ્રા. જાભાઈ કા. પટેલને' કાવ્યની પંક્તિઓમાં આવો અનુભવ થાય છે.

૪૯. '' તમારી યાદના હેમંતી તડકે થતી રહી
છાતી ફૂંફાળી''

એમાં આત્મીયતા મ મિત્રધર્મ અને વિયોગના ભાવો પણ સુંદર છે.



kalpana's

''મિત્ર
રાતે જાગી જતાં એ શિશુનો
પારે જેવો જ છું
સાંભળું છું તમારો ધીમો – ઘેરો શબ્દ
ને
શાન્ત શાન્ત સાંજે આ
નિવારી થોડા ' દિ તમારે ઘેર
ફરું પાછો આજ હું મારા ઘર તરફ;
ફૂલો દાબું છું
હસતું મોં રાખું છું
તમારાં કૃતિઓમાં તમને ય ભાળું છું.
.............
હવે મારે
એકલે હાથે રહ્યો રાખવો ઝૂકતો
આપણો આ નેહાતો !
આવું છું .........

મૃત્યુ પછીનું અવિરત સ્મરણ જ શુદ્ધબી ગીતમાં હસિતબૂચના 'શ્રદ્ધ-પ્રિ. સી. સી. શાહ' માં છે.

૫૦. ''ચંદ્રકાન્ત છો શાહ, તમે તો હવે હૃદયસ્થ મારે, કેવળ
સ્મરણ કમળ થઈ તર્યા કરો છો?
અણસારે હું કેટકેટલી વાર કહું છું 'આવો' તો પણ
પડછાયો એ કેમ જોઉં ? કહો-કહો હે મિત્ર ?
શોધવા કર્યું નવું જ રસાયણ,
આમ તમે અણદીઠ રહીને સતત ગેબમાં ક્યાં કરો છો?''

શોકોર્મિકવિતામાં લઘુ-દીર્ઘ સંસ્કૃત વૃત્તો, હાયકુ અને અછાન્દસ



kalpana's

સુધીનું છંદવૈવિધ્ય અને પ્રકારવૈવિધ્ય જોવા મળે છે શોકની અભિવ્યક્તિ માટે પત્ર અને કવિતા ઉપરાંત અછાંદસને પગલે આવતી હીરાબેન પાઠકની પત્રકવિતાનું કાવ્યમય ગદ્ય અને તેમાં સદ્ગત રા. વિ. પાઠક માટે વ્યક્ત થતો શોક ખૂબ ઊંચી કક્ષાનો છે. એમની 'પરલોકે પત્ર' એક એવી કૃતિ છે કે જેમાં અનેક પ્રકારની કલાત્મકતાઓનો સમન્વય જોવા મળશે. અન્ય કાવ્યોની તુલનામાં 'પરલોકેપત્ર'નું કલેવર અને સ્વરૂપ જુદાં જ છે રજૂઆતમાં પણ નવીનતા છે. પત્ર તો ગદ્ય સ્વરૂપ છે. એ ગદ્યના માળખામાં પત્રનો શિરસ્તો સાચવી કવયિત્રીએ કાવ્યત્વ એકતાનત્વ પોષ્યું છે. પત્રનો બહિરંગ તો હીરાબેન પાઠક ગદ્યના પત્રરૂપે જ સ્વીકારે છે ગદ્યનું વહન પદ્યમય છે. કવયિત્રી પ્રેષકનું સરનામું, સંબોધન, સામાન્ય સમાચાર, મુખ્ય વિષય ની વાત અને લિખિતનનો ક્રમ પત્રના ક્રમ પ્રમાણે સાચવે છે. વાર્તાલાપની અસરમાં, સંવાદની છટામાં, એકોક્તિ દ્વારા પ્રત્યક્ષપણાનો ભાવ ઊભો કરે છે. આ નવા માળખામાં કવયિત્રી સંભારણા, વ્યથા, એકલતા, વિયોગ, ઝંખના, સ્મૃતિ વગેરે વિકસાવે છે. શોકાંજલિ કાવ્યમાં જે લક્ષણો બીજા સોનેટ કે ગીત કાવ્યમાં છે તે બધા જ લક્ષણો 'પરલોક પત્ર' માં ગદ્ય અને પદ્યના મિશ્રરૂપમાં છે. પત્ર રૂપના નવા માળખાની ગુંજાશને હીરાબેને કાબેલિયતથી, માવજતપૂર્વક અજમાવી છે. વિયોગ, પત્નીત્વ, સ્મરણો, શોક, મંથન, સાંત્વન, આશ્વાસન, સમાપન અને અંજલિપણ કલાત્મક રીતે નિરૂપાયાં છે. એમાં ઝંખના, રોમાંચ, વિરહ, મિલન, સદ્ગત રા. વિ. પાઠકના બોલનો રણકો આદીના સ્મરણો દ્વારા કરુણને ખૂબ ઘૂંટયો છે. આખી કૃતિમાં કાવ્યના પોતરૂપે આત્મીયતા એક સરખી અનુભવાય છે. તે તેમની કુશળ કલાનો કસબ છે. પ્રત્યક્ષ વાતચીતના લહેકામાં કવયિત્રીએ સંવાદની ભ્રામક સૃષ્ટિ ઊભી કરી એકોક્તિમાં પતિનું સ્વભાવચિત્ર આપ્યું છે. [illegible] આલેખમાં 'પત્ર હૈયું ખોલવાનું સ્થાન' કરી પત્રનો મહિમા પ્રત્યક્ષપણાનો ભાવ,

અને સંગત અનુભૂતિને વ્યક્ત કરી દે છે. વિશિષ્ટ શબ્દપ્રયોગથી પ્રત્યક્ષ ભાવની સાથે તાદૃશતા પણ સાધે છે.

૫૧. ''શુકો તો હજુ કાલે જ
તમ ભાવ, ભંગિ, કાકું
તમ વ્યથા તણી ગૂંથ
અરે સ્પર્શ થાય, રોમાંચ
તો સર્વ સર્વ સાક્ષાત્-તાદૃશ
ને સર્વથી અધિક
હું લહું તમ જલાર્દ જે નૈન-દલ

• • • • • • • • • • •

તમે જ સદા સહવર્તમાન
– જીવન સાથે જડેલા
તે તમોને કદી ગાંડી જોયા નથી
ઝીણી ઝીણી ઝૂરી ઝૂરી
જાણે કે કૈં આ જીવવું જ નથી.''

મધુર દાંપત્ય અને વિરહના વિષાદથી કોરેલી આ કવિતા માટે ચંદ્રશંકર ભટ્ટ કહે છે: ૫૨. ''...........પાઠક સાહેબને સંબોધી લખેલા પત્ર કાવ્યો તેમના પ્રસન્ન મધુર દાંપત્ય જીવનનાં અને સાથે વિરહના ઉદ્ગાર રૂપ છે.'' આપણા કાવ્ય સાહિત્યમાં વિરચતો કાવ્ય પ્રકાર છે: તેમાં અવારનવાર પ્રયોગશીલતા રહે છે. શશીશીવમ્ કવિ-નામથી પ્રસિધ્ધિ થયેલી કુમારના ૪ ૬૦૦ માં અંકમાં જીવનના આતતાઈકાળે પ્રેમિક પિતા પુત્રનું શિરછત્ર ન બની શકયા તેની વેદના વ્યક્ત કરી કરતી 'પિતાનો પુત્ર' પણ પત્ર કવિતાનો નમૂનો છે. પરદેશમાં, રોમમાં ઈ. ૧૪૩ માં એક હોરેસના 'Epistles' થી પ્રથમ લખવી શરૂ થયેલી કવિતા આપણા મધ્યકાળમાં પણ અબ્દુલ રહેમાનના 'સંદેશક રાસ', મોરારસાહેબની



kalpana 5

કૃતિ, ગીતા સંદેશ, કુંવરબાઈનું મામેરું, ઈન્દુલાલ ગાંધી લિખિત 'આંધળી માનો કાગળ' જેમ અનેક પ્રયોગોમાં લખાતા રહ્યા છે. એ પરંપરામાં હીરાબેન પાઠક રચિત 'પરલોકે પત્ર' અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્યમાં મૃત્યુ જન્ય વિષાદ અને શોક એ પ્રગટ કરતો પ્રયોગ છે. ઊર્મિકવિતા તરીકે પત્રકવિતાને સમજવા માટે ચંદ્રશંકર ભટ્ટ કહે છે. ૫૩. ''.........પત્રની જેમ તેમાં વિક્ષિભાવ આવે તો પણ તે બધાં અંગત એષણા, સંવેદનના વિવર્તરૂપે હોય તો જ કાવ્ય લેખે, ઊર્મિકવિતા લેખે સ્વરૂપ પામે'' એ લક્ષણને ચરિતાર્થ કરતી 'પરલોકેપત્ર' ઉત્તમ, સર્વોત્કૃષ્ટ શોકકવિતા છે.

શોકોર્મિકવિતામાં પ્રાણતત્વ જેવો શોક, કાવ્યમાં જ્યારે ઉપકરણ, યુક્તિ- પ્રયુક્તિના સહજ વિનિયોજનમાંથી આકાર લે છે ત્યારે જ અભિવ્યક્તિનું એ રચનાકૌશલ કૃતિને કલાકૃતિ બનાવી દે છે. ચમત્કૃતિ અને રચનાકૌશલની સૂઝમાંથી શોકની ચડિયાતી અભિવ્યક્તિ ઉશનસ્ કૃત 'ફૂલ પર્યું', સ્નેહરશ્મિકૃત 'અમર પંથ' અને નલિન રાવળ કૃત 'શ્રી જયંતિદલાલની પુણ્યતિથિએ' કાવ્યોમાં સવિશેષ છે. શોકની આવી જ સુંદર અભિવ્યક્તિ સ્નેહરશ્મિકૃત 'શાશ્વત' ના આકાશી દૃશ્યના વર્ણનમાં મળે છે. સ્નેહરશ્મિ એકલમૂલ્કુરી સરખામણી દ્વારા 'શાશ્વત' નો નવો અર્થ આપે છે.

૫૪. ''ગુમાવી રે મૂકી તક વિરલ, હું તો ભ્રમ રહી
રાખ ? નો' તો તું કો મ્રુન્તનુંજ નું શાશ્વત પ્રણા
બધા વિશ્વો ફેરી, મુજ ગરીબને આંગણ વહી
મને સ્વપ્ને રાખી, ઉડી જઈ ઝગી શૂન્યનભમાં''

નકારાત્મક વિરોધાભાસી સ્થિતિમાં નિરૂપણ રીતિમાંથી શોકનું વેદક નિવેદન અથવા અનુભૂતિકથન પણ અભિવ્યક્તિને અસરકારક બનાવે છે. 'દાદા' ના આશીર્વાદની નિરર્થકતાના વર્ણના કાવ્યાંશમાં જોવા મળે છે.



kalpana's

શોકનું એક ઉપાદાન સમય પણ છે. વિવિધ સ્વરૂપે સમયના ઉપાદાનની અભિવ્યક્તિ શોકના આલેખનમાં ઘણાં સંખ્યાબંધ કાવ્યોમાં થઈ છે. મૃત્યુના નજીકના દિવસોમાં પિતાને ભૂલવા માટે તો પણ કવિ ભૂલી શકતા નથી સ્મૃતિની એ વેધકતા છે. એજ સમય મૃત્યુના દિવસથી ભવિષ્ય તરફ દૂર દૂર કવિને લઈ જાય છે. અને પુણ્યતિથિ આવતાં સમયનો ગાળો આવી જાય છે. આમ સમય પિતાને [illegible] કવિથી દૂર લઈ જાય છે. સ્મરણમાંથી નહીં ખસનાર પિતા ઉત્સવતિથિ, વારે, કોઈકવાર યાદ આવી જાય છે. એકજ વર્ષમાં પલટાતી આ પરિસ્થિતિ પરથી કવિ સમયની બલિહારી કળી શકતા નથી. સમય સાથે આપણી કેવી ક્રીડા કરી છે ? એ વાતનું કવિને આશ્ચર્ય છે. અંતે કવિને એટલું સત્ય લાધે છે કે સતત વહેતા સમયની શોક પણ એક લીલા જ છે. એ માત્ર એક ઉપાર્જન છે. ડૉ. મોદીએ સમયનું ભાવ સાથે કલાત્મક વિનિયોજન કર્યું છે.

અનુભૂતિની અસલ માત્રા પકડાય ત્યારે હૃદયમાં રણકો જાગે ત્યારે તે તેના સ્વાભાવિક લય, અને રંગમાં હોય છે. તેની અસલિયત તત્કાલિનતા અને સંસ્કારણને ઘણું છેટું પડી જાય છે. શોકના ભાવ માટે પણ આ મંતવ્ય તેટલું જ સાચું છે તેને મઠારવા જવાથી તેના રંગતરણકો મરડાઈ જઈ, સત્વહીન બની કદાચ અભિવ્યક્તિની તાજગીની દૃષ્ટિએ વાસી બની જાય છે. અનુભવ અને આસ્વાદની માત્રા ઘટી જાય છે. શોક હૃદયની ભાવાભિવ્યક્તિ છે. તત્કાલિન ઉદ્‌ભવ તેનો ગુણ છે; એ જીવતા જીવનના લયમાંથી મળતો ધ્વનિ, સંગીત, લય છે. બેસાડેલી તર્જથી એને [illegible] સ્વર સ્વયંભૂ છે તેથી તે નૈસર્ગિક છે. આસ્વાદ માટે તેનું તેજ રૂપ અનિવાર્ય છે; વળી શોકોર્મિકવિતાની ચર્ચામાં આપણે જોયું કે કવિની સંવેદના અને ભાવકની સંવેદના સરખી સપાટીએ અનુભૂતિ કરાવે ત્યારે તે સફળ ઉત્તમ શોકોર્મિકવિતા ગણાય. તે રીતે પણ ગ્રામ્ય લાગે તો પણ શોકનો સહજોદ્‌ગાર લય કૃતિમાં હોવો જોઈએ. તેની સરખામણીમાં

ભાષાનો આગ્રહ નડતર ન બને તે જ શોકોર્મિના હીતમાં છે. એવું સ્મરણ રૂંવાડા ઊભા કરનાર કેટલાંક દિલધડક મરશિયાનો વિલાપ અને ક્રંદન કરાવે છે. એમાં નડતરરૂપ સંસ્કારણને બદલે લોકજીભે બોલાતી આવતી લોકભાષા જ તેને માટે સબળ પુરસ્કાર થાય છે. એવી કૃતિ ચિરંજીવ સ્થાન મેળવે છે. 'દશમ સ્કંધ' નું પ્રેમાનંદ કૃત વિલાપ કાવ્ય 'મારું માણેકડું રીસાવ્યું રે શામળિયો પદ આજ કારણે આજે પણ તેટલું જ હૃદયદ્રાવક લાગે છે.

૫૫... કાને કુંડલ, મુખમાં મોરલી, સાંજે ગોકુળ આવે
ભૂખ્યો છૌં કરી પેટ દેખાડે, મા કહી મુને બોલાવે રે..
પીત પછોડી, ભુજ કને નેતરું માગે
હું ઘરડી માને થાકી જાણી, કોણ વલોવા લાગે રે..
૧ ૨ ૧ ૧
કંઈ તું ગયો તે હું જીવું છો, ઓછા સગપણ માટે
સાચું વહાલ તો તાંણ જણાશે, સાંભળતાં હૈયું ફાટે રે
કાષ્ઠ થે પાષાણ કઠિણ છે, તે થે કઠિણ છે લોહડું
વજ્ર તુલ્ય છે કાળજ મહારું, લોકોને શું દેખાડું મોહડું રે..

આ વિષાદભરી પંક્તિઓ આજે પણ એવી જ હૃદયદ્રાવક લાગે છે.

શોકોર્મિકવિતા કે શોકાંજલિનું પરમ લક્ષ્ય તો શોક અને કરુણ જ છે. આલાપ, લય કે શબ્દાવલિથી ઘૂંટાતો વિષાદ શોકોર્મિકવિતાને આસ્વાદ માટે ઉપકારક નીવડે છે. ઝવેરચંદ



kalpana's

મેઘાણી કૃત 'ભર ભર છાંદુ અંજલિમાં સોરઠા, દુહાનો યથોચિત સમન્વય જોવા મળશે.

૫૬..''જિનકી હેડી હલ ગઈ, વાંકા ભૂરા હાલ''

કવિ એ કાવ્યમાં કહે છે કે કવિચિત્તમાં સદ્‌ગત મિત્રના મરણનો શોક ભાઈ અને બહેનના જવાથી પડનારા શોકથી પણ અસીમ - અધિક છે. કવિ 'કોરૂં', 'લહ લહ રિયાં', જેવા સોરઠી પ્રયોગોથી જીવંતપણું ભરી દે છે. ભાષા વૈવિધ્ય, બોલી વૈવિધ્ય ગ્રામ્ય-પ્રાદેશિક હોવા છતાં કલાત્મક લાગે છે.

૫૭..''હરિયાળી ધરતી કરી, હાલ્યા મેઘ-મલ્હાર'' માં પરોપજીવી મણિલાલનાં જીવન, વ્યક્તિત્વ અને કાર્યના ચિત્તાકર્ષી ઉલ્લેખમાં ઉશનસ્ 'ફૂલખર્યું' માં કહે છે તેમ ''ફુલ ખર્યું ફોરમ રહી'' નો ચિંતનસ્પર્શ એ લવાતા જીવનમાંથી વ્યક્તિત્વના પ્રસરતા પસરાટનો પરિચય કરાવે છે. ભાષા શૈલીની અનેક છટાઓ વિવિધ શોકોર્મિકવિતામાં જોવા મળે છે. એટલે શોકોર્મિકવિતામાં ભાષાકર્મ, ભાષાશૈલી કવિતાની અભિવ્યક્તિ છે ભાષાભિવ્યક્તિને વધુ ઉપકારક નીવડે છે.

દીર્ઘ વિરહોર્મિકવિતાના વર્ગની કરુણપ્રશસ્તિ કવિતામાં ચિંતન અને સમાધાન પછી જોવા મળતો મૃત્યુનો મંગળ પરિણામ શોકોર્મિકવિતામાં પણ ગૌરવ પામ્યો છે. લાઘવની મર્યાદામાં



kalpana's

રહીને શોકોર્મિકવિતા અને કરુણ પ્રશસ્તિકવિતાના અભ્યાસી જે લક્ષણો વિકસાવી, પોતાના આગવાં લક્ષણોને આધારે, શોકોર્મિકવિતાનું કાવ્યસ્વરૂપ સ્થાપે છે એમાં મૃત્યુનો મંગલ અભિગમ- અર્વાચીન ગુજરાતી શોકોર્મિકવિતાની યશકલગી છે. વધુ વિરહોર્મિની શોકોર્મિકવિતામાં ટૂંકા (વિષાદ) કાવ્યો પણ શોકાંજલિ તરીકે ઉપલબ્ધ છે. મૃત્યુમાંથી શોક નિમિત્તે કલ્પાંત તરફ વળી જવાને બદલે મૃત્યુનું સ્વાગત, પરમ શાંતિમય મુદ્રા તરીકે ગૌરવ કરવાનું ઘણા કવિઓને ગમ્યું છે. શોકની સાથે ધર્મ આવે ત્યારે ચિંતન કે આશ્વાસન સહજ ઉપલબ્ધ બને છે. ઝવેરચંદ મેઘાણી કૃત 'વીર જતીન્દ્રના સંભારણાં' એક આવી જ કૃતિ છે. શોક પછી કવિ ધન્યતાના ભાવમાંથી મંગલમય અંજલિ કંડારે છે.- દુશ્મનોની વચ્ચે એકલે હાથે, ટેક ખાતર સામની કરી, ક્ષમતા, સહનશીલતા અને એકલતાના બળ પર વિજય મેળવનાર વીર જતીન્દ્ર દધીચિ, મોરધ્વજ અને શિબિથી સ્હેજ પણ ઉતરતાં નથી. રણશીંગા વાગ્યાં નથી છતાંય તેણે લોહીનું પ્રત્યેક બુન્દ પાછું વાળ્યું છે. અને મૃત્યુને પરમ શાંતિની - માતાની કુંળી ગોદ તરીકે સ્વીકાર્યું છે. એમાં જતીન્દ્રની મહાનતા ઓછી નથી. એનાથી એની વીરતા અને શહાદત અલૌકિક બન્યા છે. મૃત્યુ નિમિત્તે શોક કરવાનું ન કહેતાં કવિ કહે છે કે વીર જતીન્દ્ર મૃત્યુ પામી ધન્ય થઈ ગયા. આવાં મૃત્યુપર કલ્પાંત ના શોભે, કલ્પાંત કરશો તો



kalpana's

આપણા દુઃખથી દુશ્મનો ખુશ થઈ જશે નર્મદ કહે છે તેમ 'શક હરખારો મનથી' તેના બદલે આનંદોત્સવ કરો.

૫૮...'ગગન વિદારણ રાગના, ગાજો મંદનઘોષ
ઉત્સવ દિન આપણ ઘરે, અરિજનને અફસોસ

માટે કવિ ઉત્સવ માટે આદેશ આપે છે. કે....

૫૯...'આવો રે બેનડી, વીરને વારણે
ગાઓ રે માવડી પુત્રને પારણે''

શોકની અભિવ્યક્તિ કે કરુણની નિષ્પત્તિની દિશામાં ન હોય તેવા નિરર્થક ઊભા કરાવેલા ઉપકરણો, શ્રેષ્ઠ વિનિયોજનને અભાવે કવિતા માટે આભૂષણને બદલે ભારરૂપ લટકણીયાં બની રહે છે ક્ષણિક સારા લાગતાં ઉપકરણોનો બોજ કવિતા માટે અંતે તો વ્યર્થ પુરવાર થાય છે. પૂજાલાલના 'દરબાર શ્રી' કાવ્યની પંક્તિઓ જુઓ.

૬૦..'વર્ષા તણાં ઘન ગયાં, રહ્યું ને ય ખાલ્યાં''

દાનવૃત્તિ સિવાય તેનો અન્ય કોઈ સંદર્ભ ઉપજતો નથી. શબ્દથી ચાલે ત્યાં કવિ આખી પંક્તિ અને ઉપમાં યોજે ત્યારે અતિરેકનો ભય ઊભો થાય છે. આ શ્રમ શોકની અભિવ્યક્તિ માટે ઉચિત નીવડે.

શોકોર્મિકવિતામાં વ્યક્તિવિશેષના સંદર્ભમાં વીરતા કે દેશદાઝ ભક્તિ કે સમાજ સેવા આવે તો અનુક્રમે તે કાવ્ય દેશભક્તિ પ્રભુભક્તિ કે સમાજલક્ષી કવિતા બનતી નથી. કાવ્યના સંદર્ભમાં



kalpana's

એ ગૌણ સ્થાને છે દેશભક્તિમાં શહાદતનો ઉલ્લેખ માત્ર હોય તો તે કૃતિ શોકાંજલિ બનતી નથી. એમ શોકાંજલિમાં ચાલતા આવા કોઈ ઉલ્લેખથી શોકાંજલિ માટે પ્રકારભેદનો મુદ્દો બનતો નથી દેશભક્તિ કરતાં શોકાંજલિમાં ભાવ, રસ, પંક્તિ અને શબ્દ તેમજ લય જુદા જ સ્વરૂપે આવે છે. વીરરસમાંથી કરુણરસમાં રસ સંક્રાંતિ થતી હોય તો તેને વીરરસ કે દેશભક્તિની કૃતિ તરીકે ઓળખાવવી કેટલી ઉચિત ગણાય ? તેની અંતિમ ગતિનો શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણ રસની દિશામાં હોવાથી તે શોકાંજલિ કે શોકોર્મિકવિતા બની રહે છે. આત્મીયતા- મૃત્યુજન્ય શોક, વિષાદ, કરુણ, અંજલિ શોકોર્મિકવિતાના મહત્વનાં લક્ષણો છે. અને વ્યક્તિ વિશેષનું આલેખન સ્વજન સંદર્ભ, મૃત્યુનું પ્રસંગાલેખન, વ્યક્તિ પરિચય (જીવન, કાર્ય, વ્યક્તિત્વ આદિ) તેનાં અન્ય કાવ્ય પ્રકારો સાથે સમાનતા ધરાવનારાં કાવ્ય તત્વો છે. આ તત્વો, સામ્ય ધરાવતાં હોવા છતાં શોકોર્મિકવિતામાં જ્યારે ગૂંથાય છે ત્યારે અન્ય કાવ્યપ્રકારનો ભ્રમ ઊભો કરતા નથી માટે જ શોકોર્મિકવિતા તેના સ્વરૂપને વ્યક્ત કરી શકી છે આલેખનનું આવું કૌશલ કવિ નિર્ભર છે માટે જ સ્વીકારવું પડે કે શોકોર્મિકવિતા કે શોકાંજલિની પરખ ઊંડી સૂઝ, વ્યાપક અભ્યાસ-મહાવરો અને ઝીણી નજરની કાબેલિયત માંગી લે છે.

એક જ વ્યક્તિ પર જ્યારે બે કૃતિઓ રચાય ત્યારે તેની વચ્ચેની ઉચ્ચાવચતાનો માપદંડ નિરૂપણ રસ અને અભિવ્યક્તિનું મોખાપણું બની જાય છે. પૂ. ગાંધીજી માટે લખાયેલી 'વિશ્વસંતની વિદાય' તપાસતાં જણાશે કે જીવનભર અહિંસા પાળનારનું હિંસાથી મોત ? દુઃખદ શોક ભર્યું મૃત્યુ થતાં વિશ્વસંતની વિદાય પ્રસંગે શોક યુક્ત અભિવ્યક્તિ છે પણ આ વિરોધાભાસમાંથી ઊભા કરેલા ભાવ કરતાં નિરૂપણનું કૌશલ ગાંધીજીના વ્યક્તિત્વ પર વધારે પ્રકાશ પાડે છે. પણ એક સંત તરીકે, રાજકીય પુરુષ તરીકે, ગંદા રાજકારણમાં બદબદતા નેતાના દુર્ગુણો, સમાજદર્શન એવાં અનેક પાસાંઓ દ્વારા ગાંધીજીનો પરિચય કરાવે છે.' વિશ્વ સંતની

વિદાય' ના વીરતા, મહિમા, વગેરે મુદ્દાઓ એક અંજલિમાં જ આવી જાય છે. અને આથી પાઠેની તુલના કરતાં 'એક અંજલિ' માં ગાંધીજીની પ્રતિમા ચડિયાતી તરી આવે છે. માટે 'એક અંજલિ' વિશેષ ઉલ્લેખનીય છે.

અનેક દૃષ્ટાંતો પરથી જોઈ શકાય છે કે વિવિધ તત્વોનો અપૂર્વ સમુચિત રીતે થયેલો વિવેક ભર્યો સુમેળ કૃતિને કલા કૃતિ બનાવે છે માટે કવિ પાસે શ્રેષ્ઠ વિનિયોજનની સૂઝ હોવી જોઈએ એ સિધ્ધાંત ન પળાય તો કૃતિ કક્ષાહીન સ્થિતિમાં મૂકાઈ જાય છે. પૂંજાલાલ રચિત 'સ્વ. મોતીભાઈ અમીન' પદ્યમાં અહેવાલ લાગતી આવી કૃતિ છે.

વિલાપ, રુદન, સ્મૃતિ, અભાવ, શોકનું ગુંજન તેમાંથી ટપકતા કરુણતા, આર્દ્રતા, નમ્રતા, આત્મીયતા, અફસોસ, શાંતિની પ્રાર્થનાઓ, દિલાસો, મનોમંથન, મુંઝવણ, આક્રંદ, એકાંતવાસ, એકલવાયાપણું, તેમાંથી ઉપજતો વૈરાગ્ય, નિસાસો અનુભવાતો ખાલીપો, ચિંતન વગેરે તત્વો શોકને વધારે રંગીન સંગીન અને આસ્વાદક બનાવે છે. શોકાંજલિમાં ક્યારેક સનાતન તત્વો, શ્રેષ્ઠ સમાધાનો, વિધિવિધાયક વિચારો આપમેળે આકાર લે છે. આ બધા તત્વોથી કૃતિ રસસભર બની જાય છે. દા.ત. 'ભક્તિ-ધન- નારદ' કૃતિમાં આવતું કલ્પના અને સત્યનું દ્વંદ્વ ઉભયમાં રચાતું નિરૂપણ, મનોમંથન અને વલોપાત કૃતિમાં કાવ્યત્વ ભરી દે છે એક જ ઉપકરણમાંથી વિવિધ અર્થઘટનનું વૈવિધ્ય શોકાંજલિનું અદકું અર્પણ છે. સુંદરમ્, બાલમુકુંદ દવે, ઉમાશંકર જોશી- ત્રણેય કવિ 'તબુર' નું દૃષ્ટાંત લઈ શોક નિરૂપે છે. આવા સંદર્ભમાં તે પુનરાવર્તન દોષ ન થતાં કૃતિ માટે સિધ્ધિ બની રહે છે. આવી જ બીજી એક સ્પષ્ટતા એ જરૂરી છે કે વિવિધ શોકાંજલિમાં જોવા મળતી સમાધાનની ભૂમિકામાં સાર, નિવૃત્તિનો અસ્વીકાર, વૈરાગ્ય વિલાપ કદાચ સરખા લાગે પણ તેની પાછળ ની રસપ્રક્રિયા, ભાવ સંક્રમણ, શોક સૃષ્ટિ, વેદના, વિષાદ, આત્મીયતા, કરુણા, દરેક કાવ્યમાં આગવાં જોવા મળશે. અર્થાત્ વિવિધરંગી

સૃષ્ટિમાંથી તારણી સમાનતા શોકાંજલિમાં દુર્લભ નથી. એકલાં સમાધાનો કાવ્યને પામ્યા વિના વાંચો તો ઉઠાંતરી લાગે પણ ખરેખર તે ભિન્ન, ભિન્ન પછી લાવેલા મુક્તકો હોય છે આ સમાનતાની ભીતરમાં વિવિધ પ્રકારના સ્વભાવનો આખો માનવસંસાર સંતાયેલો છે'. નોખા બીબાંના સરખા પ્રતિબીંબ' ની જેમ વિવિધતા અને સમાનતાની ગૂંથણી શોકાંજલિનું આકર્ષણ બની જાય છે. મુગ્ધાવસ્થા શોકોર્મિકવિતામાં વિરોધાભાસના તત્ત્વે અભિવ્યક્તિને અસરકારકતા બક્ષી છે. એ ઉપરથી શોકની અભિવ્યક્તિનું એક સફળ, અસરકારક ઉપકરણ વિરોધાભાસ નીવડી આવે છે. ખબરદારકૃત '... મલબારીના સ્વર્ગસ્થ આત્માને' ની પંક્તિઓ જોઈએ.

૬૧. ''ઊંચી ઊંચી મુજ મેડી અટારીએ, નીચા અમારી [illegible] વાસ
તો ય હૃદય તુજ નિત્ય ધડકતું, દુભતું બની દાસ
રોતાંને જોઈ રોકતો વીરા, રોતો અંતર આય
હિન્દ મૈયાના દીન હૃદય ની, ક્ષુબ્ધ બન્યોતું બાય''

ઘણા મરણનિમિત્તક કાવ્યોમાં સ્મૃતિ, શોકના સ્થાયીભાવ તરીકે આવે છે. જે કવિઓ કૃતિમાં સ્મૃતિમાંથી શોક અને કરુણ આલેખે છે તેવી કૃતિમાં સ્મરણાંજલિ, ભાવાંજલિ અને શોકાંજલિનો સમન્વય સધાઈ આવે છે. વિષાદ કે વિલાપ તો રાજિયા-મરશિયામાં પણ આવે છે પણ શોકાંજલિમાં તેની તુલનામાં માત્ર પ્રલાપ, રુદન કે રોદણાં નહી પણ શોકની ચડિયાતી ભાવાભિવ્યક્તિ, કલાકૃતિને છાજે તેવી શોકની અભિવ્યક્તિની અપેક્ષા છે. તેમાં વિવિધ ભાવચ્છાયાઓનું વૈવિધ્ય એમાં એવા સ્વરૂપે હોયકે રાજિયા- મરશિયામાં વર્તાતી અધૂરપ શોકોર્મિ કવિતામાં પૂર્ણતા પ્રગટ કરે અને કરુણની રસાનુભૂતિ આવે એ દૃષ્ટિએ શોકને છેડતી અન્ય કવિતાઓથી લઘુ વિરહોર્મિ તરીકે શોકોર્મિકવિતા વધુ ચડિયાતી, પૂર્ણસ્વરૂપને પ્રગટાવતી કવિતા છે પ્રાર્થના, અફસોસ, હતાશા, અભાવ, વિલાપ જેવી અને છાયાઓ તેમાં કાવ્યસૃષ્ટિ રચી દે છે. પ્રલાપ નામે વગોવાઈ ગયેલો વિલાપ શોકાંજલિમાં કલાત્મકરૂપ ધારણ કરી

સાહિત્યિક કક્ષાને અભિવ્યક્ત થઈ વિષાદના નામે ગૌરવ પામે છે. અને તે જ કરુણને સર્જે છે.

શોકાંજલિ તરીકે કૃતિમાં શોક, કરુણનાં તત્વો હોવા જોઈએ એમ ઘણા કાવ્યો અને દૃષ્ટાંતોથી જોયું. પણ ઉત્તમ શોકોર્મિકવિતા કે શોકાંજલિ કેવીરીતે xxx પારખવી ? સર્વોત્તમ શોકાંજલિ કોને કહી શકાય તે વિચાર પણ અસ્થાને નથી કેટલાંક કાવ્યોમાં વિલાપ કલાત્મકતા વિના, સીધોજ આવતો હોય છે. તો કેટલાંકમાં પ્રાકૃતિક ઉપકરણો, દૃષ્ટાંત, રૂપકો, સ્મૃતિઓ દ્વારા વ્યક્ત થાય છે. તો કેટલાંક કાવ્યોમાં પોતાના શોકને વ્યક્ત કરવા માટે કુદરતમાંથી તેવી ગમગીન સ્થિતિની સમતુલાનો મેળ બેસાડી, એકરૂપતા, ઉપમા, દૃષ્ટાંત દ્વારા સાધવામાં આવે છે. ક્યારેક વિરોધીલક્ષણ દ્વારા શોક વ્યક્ત કરવામાં આવે છે. કેટલીકવાર કેટલાંક કાવ્યોમાં મૂળભાવ કરતાં ઉપકરણો વધુ પડતાં હોય તેમાં જ શોક ઢંકાઈ જાય છે. તો કેટલાક કાવ્યોમાં ચિંતન પર વધુ નિર્ભર રહીને કવિ શોકને વધુ ગહન અને અસરકારક બનાવે છે. કેટલાક કાવ્યોમાં એક વિચાર દ્વારા સમાધાન આપવા જાય પણ સ્મૃતિ એટલી તીવ્ર હોય કે આશ્વાસન નિષ્ફળ જાય " થૂંભો હવે નિષ્ફળ અશ્રુ મારાં" એમ કહે તેની સમજ પણ વાસ્તવિક હોય અને તેમાં તે પણ તેનાં કરતાં હૃદયનો ઉદ્વેગ, આઘાત શોક વધુ અસરકારક બનતો હોય, મૃત્યુની વાસ્તવિકતા અજાણ હોવા છતાં તેની લાગણી માનવ હૈયાંને જ્યારે ઘેરી લે ત્યારે

૬૨. "ક્યાંથી કહો રાખવી ઉર શાંતા" (માણેક)

ત્યારે અંતરનો નિશ્વાસ બહાર ફેંકાઈ આવે છે. ત્યાં માત્ર સીધી રીતે નહીં આવતા શોક કે કરુણને બદલે લાગણી, વાસ્તવિકતા, મંથન, અને ચિંતનના ચતુરંગથી શોક જ્યારે આલેખાય ઘડાય છે. કરુણરસની નિષ્પત્તિ આવા કાવ્યોમાં વધારે કલાત્મક, આસ્વાદ્ય અને રસભોગ્ય બને છે આવી કૃતિઓમાં ચિંતન, મંથન આશ્વાસન, શોક અને સમાધાન જેવાં વિવિધ

તત્વોમાંથી સાંપ્રત સતત ઢવતા રહેતા કરુણ રસને કારણે કૃતિ કરુણપ્રશસ્તિની લગભગ નજીક પહોંચી જાય છે. અને પોતાની સફળતા પુરવાર કરી દે છે. આવી શોકાંજલિઓ પ્રથમ પંક્તિની શ્રેષ્ઠ શોકાભિવ્યક્તિઓ બની રહે છે. આ ચર્ચા ઉપરથી કહી શકાય કે શોકની અભિવ્યક્તિ અને કરુણની નિષ્પત્તિ કરતાં પણ કવિસૂઝ, કલાસૂઝ આલેખન રીતિ પર આધારિત છે. કારણ કે બધા જ કાવ્યોમાં મૃત્યુનો પ્રસંગ તો સર્વસામાન્ય છે. ઉપાદાનો માં પણ ઘણી સમતા છે. તો કરુણપ્રશસ્તિની માત્રાની ઉચ્ચાવચતા તેને સફળતા, નિષ્ફળતા અપાવવામાં મોટો ભાગ ભજવે છે. ઉપકરણોનો વિન્યાસ ક્રમ કરી જેટલો કરુણરસ ઉદ્ભવી શકે, કાવ્ય તેટલું વધુ ને વધુ કાવ્યત્વ પ્રાપ્ત કરે. આ કરુણ રસ ઉપજાવવા માટે મુખ્યભાવ અને ઉપકરણ ક્યાં સુધી ઓતપ્રોત થાય છે. તેના પર આધાર રહે છે.

શોકના આલેખન માટે ઉપકરણોના વિનિયોજનની અનેક રીતે કવિઓ અજમાવે છે. કેટલાક કાવ્યોમાં શોક કે અભાવને વધુ ધારદાર બનાવવા માટે કવિ સમતુલા જાળવવા પૂરતો જ ઉપકરણોનો ઉપયોગ કરે છે. દા.ત. જેમ ચંદ્ર વગર આકાશ અને રાત ગમગીન લાગે છે તેમ સ્વજન વગર સંસાર ગમગીન લાગે છે. ઘણા કાવ્યોમાં વિરોધાભાસ દ્વારા શોકનો ઘેરો બતાવવામાં આવ્યો છે. કેટલાક કાવ્યોમાં પોતાની લાગણીને ગલિઓમાં વિસ્તરતી, જ્યાં હોય ત્યાં બધે અભાવને દૂર કરવાના પ્રયત્નમાંથી શોક વ્યક્ત કરવામાં આવ્યો છે. આમ શોકની અભિવ્યક્તિ માટે ઉપકરણોના વિનિયોજનનું વૈવિધ્ય શોકોભિવ્યક્તિમાં ઘણાં કાવ્યોમાં જોવા મળે છે.

છંદોબધ્ધ કવિતાની તુલનાએ, અછાન્દસમાં શોકની ઉપલબ્ધિ માટે નવી શૈલી, નવા ઢાળ અને અછાન્દસમાં અભિવ્યક્તિની દ્રષ્ટિએ ચંદ્રકાન્ત શેઠ રચિત 'રાવજી' સ્મરણીય કાવ્ય છે. અનેક ઉપકરણો દ્વારા કવિ આ નવાં રૂપો ઊભાં કરે છે. તેમાંથી ભાવાભિવ્યક્તિ સર્જે સ્મૃતિનો ઉપયોગ માત્ર ભૂતકાળનું સ્મરણ નહીં પણ તેને નવીન રૂપે ઉતારે છે. કાવ્યમાં તે સ્મૃતિને કોઈનું પણ માધ્યમ બનાવતા નથી પણ સ્મૃતિને

સ્મૃતિ તરીકે સ્વતંત્ર રૂપે વિકસવા દે છે તેને તેનો યોગ્ય મોભો સાંપે છે. નવી પેઢીના કવિઓમાં લાભશંકર ઠાકરનું 'શિવાશ રિગલ' કાવ્ય રાવજી, મણિલાલ દેસાઈ અને નાટ્યનિર્માતા મિનુ કાપડિયા એમ એક સાથે ત્રણ મિત્રોના અવસાનની નોંધ લે છે.

૬૩."આ કોણ ટપકે રાવજી થઈને હવે ?

આ કોણ અમથું વેદના થઈ રોળાશે

...... તૂટી પડેલા દેહના ખંડેરમાં

સરકતાં સપનાં સરિ રૂપઃ રાવજી

નમક જેવી જિંદગી ખારી છતાં સ્વાદુ

અરેરે એમ સરકી જાય જ્યારે હાથથી ?''

મણિલાલ માટે કહે છે.

'' અરે તું કઠણ તો કેવો હતો જાણે મણિ ?

મીણ શો પીગળી ગયો ''

એવો વિષાદ મીનું કાપડિયા માટે કવિ વ્યક્ત કરે છે કે...

''મીન નાટકનું કવિતાનું, હૃદયનું, લાગણીનું

માનવીના સ્નેહ પારાવારનું –

ક્યારે ગયું છટકી ?

જરા કંઈ તરફડીને

ક્યાં ગયું ?''

અવસાનથી વ્યાપેલા ઘેરા વિષાદથી કવિતા જેવી બધીજ પ્રવૃત્તિમાં વિફલતા અનુભવે છે.

(૧) '' શરીર સાગરમાં હવે સપનાં નથી

કવનનાં ફીણ કશા ખપના નથી !!

૬૪.''સ્વ. મણિલાલના અવસાન નિમિત્તે લખાયેલી ગઝલ, નલિન રાવળ.

અને રાવજીના કાવ્યો, ભાઈના અવસાનના વિષાદને નૂતન અભિવ્યક્તિ આપતું 'ભાઈ' આ ગાળામાં આવે છે. છેલ્લે રાવજીના કરુણ જીવન અને કરુણતમ મૃત્યુ નિમિત્તે લખાયેલા કાવ્યોમાં ચંદ્રકાંત શેઠનું 'રાવજી', અનિલ જોશીનું 'રાવજી પટેલની ડેલીએ' તીવ્ર શોકની અભિવ્યક્તિ છે''

શોકાંજલિમાં શોકના આલેખન માટે અભાવ, અભાવ માટે પ્રભાવ, પ્રભાવ માટે વ્યક્તિત્વ કે પાત્રાલેખન મહત્વનું પાસું છે. તેમાં કવિ વ્યક્તિત્વ, પાત્રઘડતર, ની બે પધ્ધતિઓ અપનાવે છે. આંશિક આલેખન અથવા પૂર્ણ આલેખન – કવિ ગમે તે પધ્ધતિ અપનાવે પણ તેનાથી શોકની અભિવ્યક્તિનો હેતુ સિધ્ધ થવો જોઈએ નવા ઉપકરણો માધ્યમો, અભિગમો, શોકને રજૂ કરવા નવીનતા અને સફળતાની ખાતરી કરાવે છે.

૬૫. ''તને રાવજી એ શબ્દની વાટે સરતો જોયો
નમણી પનિહારીના વાંસે નજર બની ટકરાય''
પનિહારિના બેડામાં જે ઉછળ્યું
કેટકેટલા શબ્દે રસ થૈ એકાંતે તવ નીતર્યું
તારી લુખ્ખી આંખોમાં, ખેતરના લીલા લીલા મોલ''

વગેરે દ્રષ્ટાંતોમાં સ્મૃતિના ઉપકરણનું કલાત્મક રૂપાંતર જોવા મળશે. સ્મૃતિને નવેરૂપે રજૂકરવાના આ પ્રયોગમાં, તેમાં આબેહૂબ તાદૃશતા, ગતિશીલતા અને જીવંતપણું હોવાથી શોકની અસરકારકતા વધારે તીવ્ર બનાવી દે છે. દા. ત. ''કાષ્ઠ પર સૂતેલો કાષ્ઠ થયેલો રાવજી'' સંવેદનાને ચોટ મારી તેવું વેધક શોકથી જકડાયેલું પ્રશ્ન લાઘવ સાથે કવિ આપી દે છે. અછાન્દસ કૃતિઓની આ સિધ્ધિ છે. શોક કશાની પીઠ પર સવાર થઈ નથી આવતો પોતે સ્વાયત્ત રૂપે, સબળ ભાવે સ્વયં સંચાર પામી આવે છે નવીન કવિઓ પાસે ઉપકરણો વિના શોક પ્રદર્શિત કરવાની ક્ષમતા તો છે જ પણ ઉપકરણોના વિનિયોજનની પણ ક્ષમતા છે.

૬૬.

૩૬. 'તારી લુખ્ખી આંખોમાં ખેતરના મોલ
પોલા સાથે ગીણી આંખ કરીને વાતો કરતો
ગારે ફરી ફરીને જોવી

શોકની સઘનતા અને વેધકતા માટે ઉદ્ભવ, વિકાસ, પરાકાષ્ઠા, ચિંતન શમન સમાધાન જેવા જ ક્રમ ઉપરાંત અન્ય પાસાંઓ પણ મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. દૃષ્ટાંતો, રૂપકો, અલંકારોની મેળી જેમ શોકને રસપ્રચુર બનાવે છે તેમ ક્યારેક ભાવ, સીધી ઉક્તિઓ, આર્દ્ર વચનો, પરિસ્થિતિ તાદૃશતા, ચોટીલ પંક્તિઓ પણ શોકને વધુ અસરકારક બનાવે છે. શોક ગહન હોય હૃદય વેધક હોય અને કલાત્મક હોય તો કાવ્યાત્મકતા માટે અસરપ્રદ બને છે. સ્મૃતિ, પ્રતિભાવ કે વિલાપ જેવા માધ્યમોમાંથી શોક વિસ્તરે પણ કેટલાંક કાવ્યોમાં મરનાર વ્યક્તિ પોતે શોકોદ્ગાર વ્યક્ત કરે છે. ઘણા કાવ્યોમાં કવિ માત્ર મૂક પ્રેક્ષક હોય છે. તો કેટલાંકમાં તે શોક વ્યક્ત કરતા સાથીજનોમાંનો એક હોય છે. પણ જો મૂક દ્રષ્ટા ઉપરાંત કે તેના કરતાં આપ્તજન બને તો શોકની વેધકતા વધી જાય છે. કારણ કે આત્મીયતાને વાચા મળે છે. નિકટતા છતી થાય છે. આત્મીયતાના ઉદ્ગારથી કૃતિ શોકસભર વધુ બની જાય છે. શોકની અભિવ્યક્તિમાં આત્મીયતા ઘણો મોટો ભાવફેર લાવી શકે છે. આ ઉપરાંત વિવિધ ભાવચ્છાયાઓ, કાકુ, વિરામ ચિહ્નો, શબ્દ રચના, મુદ્રિત ઉચ્ચારણ લય, વિલાપયુક્ત સંબોધનો, લોક બોલી, લય, વર્ણ સગાઈની અસર વર્તાય છે. દા.ત. ''કંકુને કોણે દીધો ઘા''? નહીં ગમતા પાત્રો પ્રસંગો, ક્રિયાઓના તિરસ્કારમાંથી પણ ક્યારેક શોક દ્રવે છે. 'હસિયો હીરલો' માં તિરસ્કારથી શોક વ્યક્ત કરવામાં આવ્યો છે.

વિવિધ તત્ત્વો, ઉપકરણો, પાસાંઓ ; નિમિત્તો દ્વારા શોક સર્વાંગપણે કવિઓએ ઘણા કાવ્યોમાં કંડાર્યો છે. તેમાં ગૂંથણીનું આયોજન સુંદર છે. દા.ત. નિરંજન ભગત કૃત 'બલુકાકાને અંજલિ'માં અલ્પ રેખા દ્વારા 'હેકો' પ્રસંગ, મિજાજ અને તે પરથી સંપૂર્ણ વ્યક્તિત્વ, સ્વભાવ

આકારે છે. કવિશ્રી સરકાર ઉત્કાર માટે લખે છે.

૬૭. " હવે અકિલ કાળ પણ મુગ્ધ સુણ્યા કરે "

શોકનો એક ઊંડગમ આનંદદાયક ભૂતકાળનું [illegible] વર્તમાનમાં વિલાપયુક્ત સ્મરણ છે. ભૂતકાળની બોલી, રણકા, સંવાદ, સ્પર્શ, સ્વભાવનો વર્તમાનમાં સ્મરણરૂપે અભાવમાં શોક જગાવે છે. હૃદયમાંથી સ્મૃતિ ખસે નહીં ત્યારે આનંદના પ્રસંગની સ્મૃતિ શોકનું ઉપાદાન લાવે છે. 'બલ્લુકાકાની અંજલિ' કાવ્યમાં રણકાની [illegible] સ્મૃતિ એનું દૃષ્ટાંત છે. [illegible] ઔચિત્યનો સિધ્ધાંત અન્ય સાહિત્ય સ્વરૂપોની જેમ શોકાંજલિમાં પણ જળવાય તો શોકાંજલિ પણ કલાકૃતિ બને. તેમાં ઉચિત ઉપકરણ, ઉચિત સમય, ઉચિત સુમેળ જાળવાય તો કલાપુંજ સ્થાય. તેમાં કલા(ગુણ) પણ મહત્વનો ભાગ ભજવે છે. શોકાંજલિમાં આવતી સર્વ વિગતો શોકની અભિવ્યક્તિની કાચી સામગ્રી છે. આ રીતે જોઈએ તો શોકાંજલિમાં Art for art sake 'કલા ખાતર કલા' નો સિધ્ધાંત અનિવાર્ય થાય છે.

મૃત્યુની લાગણી તત્કાલિન શોક, પછી આત્મીય માણસોમાં છપાતો શોક પછી સ્વજનોમાં વિસ્તરતો શોક, વાચકો દ્વારા અનુભવાતો શોક, કવિના મનમાં ચિત્તમાં જાગતો શોક, પછી કવિકર્મથી કવિતામાં છવાતો શોક કવિની શોકની અનુભૂતિ, કૃતિમાં તેનું અવતરણ, ભાવકના ચિત્તમાં ઝીણાનો શોક, - આ બધી શોકની ભાવ-છાયાઓ છે. અતિશયોક્તિ આમ તો હાનીકારક કે દોષ રૂપ ગણાય છે. પરંતુ [illegible] ઘેરી અસર વ્યક્ત કરવી હોય ત્યારે, અતિશયોક્તિ પ્રયોજાય પણ તે પ્રતીતિકર લાગવી જોઈએ. નિરંજનભગત 'બલ્લુકાકાને અંજલિ' માં કહે છે. 'કાળ પણ [illegible] મુગ્ધ થઈ સુણ્યા કરે' . કાળ સૌને મુગ્ધ કરે તેવો છે તેનું બંધન બધાને છે. પણ તેને કોઈનું બંધન હોતું નથી. કે તે કોઈ નાથી મુગ્ધ થતો નથી. કવિ જ્યારે તેને મુગ્ધ થતો બતાવે ત્યારે તેમાં અતિશયોક્તિ ચોક્કસ છે પણ શોકની ઘેરી અસર બતાવવામાં તે સફળતા અપાવતી હોવાથી પ્રતીતિકર લાગે છે. બલ્લુકાકાનો રણકો ધ્વનિત-



Kalpana's

પ્રતિધ્વનિત કરી કવિ સદ્ગત કવિનું વ્યક્તિત્વ જીવંત કરી દે છે. બલ્લુકાકાના અવસાન બાદ ગ્રંથોમાં તેમના શબ્દો રણકી ઉઠયા શોકની વેધકતા માટે તે મહત્ત્વની ભૂમિકા ભજવી જાય છે.

વાસ્તવિકતા કરતાં કૃતિ એક કલાકૃતિ છે. તેમાં કલાત્મકતાના અંશોની અપેક્ષા હોય જ માટે કેટલીક વાર મૃત્યુનો પ્રસંગ વાસ્તવમાં હોય છે. તેના કરતાં કાવ્યમાં ખીલી ઉઠે છે. જે મૃત્યુનો પ્રસંગ શોકગ્રસ્ત વિષાદમય હોય છે તે પ્રસંગ પર લખાયેલી કૃતિ આસ્વાદ્ય બની જાય છે. આ કલાનું સત્ય છે . કલા એમાં જીવ રેડી જાય છે." ક્યારેક કાવ્યો મુખ્ય શોક અને હોય પણ કવિની રજૂઆત તેના શોકને ઉચ્ચકોટિ પર પહોંચાડે છે. તેમાંથી વ્યર્થ વિલાપની લઢી કાઢી નાખે છે. કાવ્યમાં અનુભૂતિ કરુણ હોય પણ તે માધુર્યથી ભરપૂર હોય, તેમાં બાહ્યફફળાટ, ઉપાલંભ કે આક્રોશ ના હોય, તો તેનો શોક પણ આહ્લાદક શાંતિનો અનોખો પરિવેશ સર્જી જાય છે. આ શાંતિ આસ્વાદનો એક વિષય બની જાય છે. શોક અને કરુણનો આ નવો ઓપ કાવ્યની અને ભાવની મુખ્ય સિધ્ધિ બની જાય છે." આપણા શોકોર્મિકાવ્યોમાં ઉત્તમ ઊર્મિકાવ્ય તરીકે તરી આવતાં હરિશ્ચંદ્રની 'નિદ રીને નિર્મળ આંખ તારી', ચંદ્રકાન્ત શેઠકૃત 'રાવજી', લાભશંકર ઠાકરકૃત 'શિવાસ રિગલ' અને ઉમાશંકર કૃત રડો ન મુજ મૃત્યુને ' ઉત્તમ ઊર્મિકવિતા ઉપરાંત સર્વોત્તમ વિષાદકાવ્ય અને અર્વાચીન ગુજરાતી કવિતાના ઉત્તમ શોકોર્મિકાવ્યો છે. તેના ચિંતન, વિચાર, ઊર્મિ, વિષાદ, કરુણ અને સંજ્ઞિના તત્ત્વોનો સુભગ, સમન્વય છે ઊર્મિકાવ્ય વસ્તુપ્રધાન, ઊર્મિપ્રધાન કે કલ્પના પ્રધાન હોઈ "પ્રાધાન્ય ગમે તે એક અંશનું હોય અને છતાં જે ઊર્મિકાવ્ય હોય તે ચિંતન પ્રધાન કાવ્યમાં વિચાર તત્ત્વ પર સબળ હોય છતાં તે ઊર્મિલ હોય શ્રી ઉમાશંકરનું 'રડો ન મુજ મૃત્યુને' કાવ્ય એનું દૃષ્ટાંત છે. ચંદ્રશંકર ભટ્ટ ઉમાશંકરના 'રડો ન મુજ મૃત્યુને' કાવ્યો વિશેષ સૌંદર્ય આપે છે કે ...૬૯." ગાંધીજીના અવસાન નિમિત્તે લખાયેલાં અનેક વિષાદકાવ્યો-

માં વિશિષ્ટ રચનારીતિ અને દ્રષ્ટિકોણથી લખાયેલું, ગાંધીજીના મુખમાં મુકાયેલી ઉક્તિરૂપે રચાયેલું અને અંતે કવિના વિષાદને સંયમિત છતાં તીવ્રતમ રીતે બે પંક્તિઓથી અભિવ્યક્તિ આપતું ઊર્મિકાવ્ય 'રડો ન મુજ મૃત્યુને' સદા સ્મરણીય છે.''

'કસ્તુરબા' કાવ્યનો વિષાદ અન્ય કાવ્યોથી જુદી ભાત પાડે છે. મૃત્યુની ઠેસ જેમ કવિને કાવ્યમાં ધકેલી દે છે, તેમ શોકની એક ચિનગારી વિષાદની ઘેરી છાયા વિસ્તારી દે છે. કાવ્યની દરેક પંક્તિ અને શબ્દ શોકથી દાઝેલો હોય છે. અનેક ઉપકરણો કે વિગતોનો ક્રમ ગોઠવ્યા વિના, સાયાસપૂર્વક ગોઠવેલી સૃષ્ટિ કરતાં ભાવકને રુચે તેવી વાસ્તવિક ભૂમિકા પરથી શોક ઉપલબ્ધ થાય ત્યારે તે વધારે પ્રતીતિકર લાગે છે. 'કસ્તુરબા' કાવ્યમાં કવિ બાપુના 'બા' ના સંબોધન પછી આખા દેશના બા તરીકે સંબોધી વ્યાપક પ્રતિભા ઉપસાવી દે છે '' અરે, કાં અહીંથી પળ્યાં ?'' એવી ઉક્તિ મૂકી બાના જવાથી આખા દેશના પરિવાર પર દુઃખ અને શોકની તેમજ ઘેરા વિષાદની છાયા અને શોકની અસર સુત્રાત્મક રીતે વ્યક્તકરી દે છે.

૭૦. ''રડતાં કૈંક ને મૂકી બા, બા અહીંથી કાં પળ્યા ?''

શોકના અનેક રૂપોમાંનું વિષાદ અને વેદનાથી ઝાઝા ભારે હૈયાની ઝલકવાળું રૂપ છે. સંવાદના ભાવમાં મૂકાયેલી ઉક્તિથી તે સ્પષ્ટ રીતે ઉપસી આવે છે. એક ગાઢ વિષાદથી શોક ભરી દેતી શોકાંજલિ 'કસ્તુરબા' શોકોર્મિ-કવિતાનું નોંધપાત્ર દૃષ્ટાંત છે.

'ગયો જ તું અશોકમાં'' બ. ક. ઠા. ની એવી જ શોકસભર કૃતિ છે. કવિ આ કાવ્યમાં મૈત્રીમાંથી શોકની સરવાણીનો અનુભવ કરાવે છે. મિત્ર માટેનું કવિનું વક્તવ્ય સુંદર છે કે જીવતાં તો સૌ કોઈ મદદ કરે પણ મર્યાં બાદ પણ જે મદદ સતત સહાયરૂપ છે. એવા મિત્રને કેમ ભૂલાશે ? જીવતા તો તારે સહારે જીવ્યો જ છું પણ તારા મૃત્યુ પછી પણ શેષ જીવનને તારી સ્મૃતિઓ જ જીવાડે છે. બીજાના દુઃખમાં મિત્રનું આશ્વાસન અને મિત્રના

દુઃખમાં તેના સ્મરણોજ કવિને આશ્વાસન આપે છે કવિનું આ આલેખન શોક સભર, ઉત્કટ લાગણીભર્યું અને ચિંતનના અંશો નાળું છે. આમેય બ.ક.ઠા. પ્રણય અને મૈત્રીના કવિ છે 'અર્વાચીન કવિતામાં' શ્રી સુંદરમ્ ખાસ નોંધે છે કે ...૭૧.'' ઠાકોરના મૈત્રીના કાવ્યો આપણા મૈત્રી કાવ્યોમાં એક ગ્રુપ સર્વથા અનોખું ઝૂમખું છે.....'શ્રદ્ધાન સખ્ય' અને 'ગયો જ તું અશોકમાં' એ તત્ત્વજ્ઞાન તથા જીવન દર્શનના નવા 'કાવ્ય સત્ય' નું દર્શન ખૂબ મેળવી તેમાં વ્યથાનું વિસર્જન કરતાં કાવ્યો છે.''

૭૨. ''કાલસ્રોતથી ય જામતી ગહૃસ્થ દૃષ્ટિ તે
શાંતિ તે, વિરાગ તે, વહી છ વર્ષ વર્ષ જે
સુહૃદ્ હું શીદ શોકમાં ? ગયો જ તું અશોકમાં :-
નિહાળ્યું કાવ્ય સત્ય કાન્ત ના મળ્યો અલર્કમાં,
ના ભવે તળે સર્યો ફરી અશોક બાલ્યમાં''

આમાં મૈત્રી શોકના શમન તત્ત્વ તરીકે કામ કરી જાય છે. સ્મરણ રૂપે મિત્રો દ્વારા મળતું આશ્વાસન ઘડીભર શોકમાં રાહત આપે છે. મિત્ર તો શોકની સીમાની પેલેપાર ગયો અને કવિને શોકમાં મૂકતો ગયો માટે શીર્ષકમાંજ કવિ સૂચવે છે કે '' ગયો જ તું અશોકમાં'' સમાધાન, શોક અને મૈત્રીના રંગોથી રંગાયેલું 'ગયો જ તું અશોકમાં'' મૈત્રીકાવ્ય શોકોર્મિ-કવિતાના પણ ઘણા લક્ષણો ધરાવે છે.

શોકોર્મિમાં વૈવિધ્ય ઉપરાંત પર નજર નાખીએ તો પાત્રગત વૈવિધ્ય સ્વરૂપ લક્ષી વૈવિધ્ય, ભાવગત વૈવિધ્ય, શૈલિનું વૈવિધ્ય, પ્રકારગત વૈવિધ્ય વિવિધ સ્તર ભેદમ ,ગુચ્છકાવ્યો, એક જ વ્યક્તિ પરના અનેક કવિઓએ રચેલી શોકોર્મિકવિતા અને અનેક કવિઓની કાવ્ય બાજીનું વૈવિધ્ય , એકજ કવિની અનેક શોકોર્મિઓમાં શોકની ભાવાભિવ્યક્તિના વિવિધ રંગપૂરી, છંદ- લય, ઢાળના વૈવિધ્યવાળી રચનાઓ- આદિ

પ્રકારના વૈવિધ્યોમાં સમાન ઉપકરણોથી ભાવસૃષ્ટિનું વૈવિધ્ય, એકજ પ્રકારની સરખી અભિવ્યક્તિ માટે ઉપકરણોનું વૈવિધ્ય, સ્વજનોની અને મહાનુભાવોની સંજ્ઞિનું વૈવિધ્ય, દૃષ્ટાંતો, રૂપકો અને પ્રકૃતિવર્ણનનું વૈવિધ્ય – આમ શોકોર્મિકવિતા કલાત્મક અંશોની બહુમુખી ગુંજાશને આવકારે છે. અને સાકાર કરતી રહે છે અને એ રીતે વિકસતી રહી છે. તેમાંથી સતત વિકાસશીલ રહી તેના કાવ્યસ્વરૂપનો આકાર કલાત્મકતા ધારણ કરતો રહ્યો છે. 'શ્રી જયંતિ દલાલની પુણ્ય તિથિ' 'કાવ્યમાં ભર્યું ભર્યું.... તો યે ખાલી ખાલી....' પંક્તિ દ્વારા માણસની ચેતનાનો પ્રભાવ વ્યક્ત કરે છે. વ્યક્તિના ચેતન દ્વારા લાગતું ભર્યું ભર્યું અને તેના વિના ખાલી ખાલી લાગતા ખાલીપાને તેના સ્મરણો ભરી દે પણ તે વિષાદ આપનારાં હોય તેને આધારે કવિ સ્પષ્ટ કરે છે કે વ્યક્તિ અને તેના સ્મરણોમાં આટલો તફાવત હોય છે. પોતાની હાજરીમાં વ્યક્તિએ રચેલી સૃષ્ટિ અને આનંદ પછી તેની ગેર હાજરીમાં શોકનો વિષય બની જાય છે. માનવસર્જિત સૃષ્ટિમાંથી માણસ ખસી જાય ત્યારે ભરી ભરી દુનિયા વેરાન બને છે, સૃષ્ટિ સ્મશાનવત્ લાગે છે એ સ્થિતિ દર્દનાક બની જાય. ત્યારે એમાંથી કરુણતા પ્રગટે છે. જયંતિ દલાલના મૃત્યુ પછીનો હૈકાર લાગતો શૂન્યાવકાશ એની સાક્ષી પૂરે છે.

વિવિધ શોકોર્મિકાવ્યો અને વિષાદ કાવ્યોના અભ્યાસ પરથી શોકોર્મિકવિતાના સ્વરૂપનો વિચાર કરતાં એટલું સ્પષ્ટ થાય છે કે શોકોર્મિકવિતા લઘુવિરહોર્મિ વર્ણની, મૃત્યુજન્ય શોકને પ્રગટ કરતી આત્મલક્ષી ઊર્મિકવિતા છે. તીવ્ર કે ઘેરા વિષાદની અભિવ્યક્તિ આપતાં વિષાદ કાવ્યો પણ શોકની ચઢિયાતી વિશિષ્ટ અભિવ્યક્તિ આપતા શોકોર્મિ કવિતાના વર્ગમાં જ કાવ્યો છે. તેથી શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિની અનિવાર્યતા શોકોર્મિ કવિતાનું ઉત્તમ અને મુખ્ય લક્ષણ છે. શોકની અંગત અનુભૂતિની બિનઅંગત કક્ષા સુધી વિસ્તરતી અભિવ્યક્તિ તેની કલાત્મકતાનો અંશ છે. ભાષાકર્મ, કવિકર્મ અને અન્ય

સર્વ કાવ્યતત્ત્વોનું એક માત્ર પ્રયોજન, શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિ – અને તે દ્વારા શોકોર્મિકવિતાનું સિદ્ધ કરવાની નિષ્ઠા છે. કાવ્યના વૈવિધ્ય પર આધારિત ભાવાભિવ્યક્તિનું વૈવિધ્ય તેમાં સાંપડે છે. તે શોકોર્મિકા સમૃદ્ધ કાવ્ય અને કલા સ્વરૂપની ઝાંખી કરાવે છે. આ વૈવિધ્ય સ્વજન અને તેની આત્મીયતા, મૃત્યુ ચિંતન, મરણ, પ્રશ્ન સમાધાન, અભિવ્યક્તિ, ભાષાશૈલી (ભાવાકૃતિ), શોકની ભાવાભિવ્યક્તિ, કરુણ નિષ્પત્તિ અને સંકોલિ, ના વૈવિધ્ય પર આધારિત છે બધાજ કાવ્ય તત્ત્વોનો જ્યાં કલાત્મક સમન્વય સધાય ત્યાં કવિકર્મની મૌલિકતા આશ્ચર્ય પમાડે છે. મૃત્યુને નવાજવાની મૌલિક કવિ સૂઝ અને શોકોર્મિકાઓમાં પૂર્ણતા પામતી અંજલિની અભિવ્યક્તિના આદર્શ ઉદાહરણો પણ નકારી શકાતાં નથી. પરંતુ શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપને સમૃદ્ધ કરવામાં આ કાવ્યતત્ત્વો કેટલાં કારગત નીવડે છે તો શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપના વિકાસનો અછડતો ખ્યાલ બાંધી તેના સ્વરૂપ લક્ષણોના સમર્થનના અનુસંધાનમાં વિવિધ કાવ્ય તત્ત્વોને તપાસવાનો હવે પછીના અભ્યાસનો ઉપક્રમ છે.

P.T.O.

# પ્રકરણ – ૨

## સંદર્ભ ગ્રંથ – સૂચિ

| સંદર્ભ નં. | કૃતિઓ | ગ્રંથનું નામ | પાન નં. | લેખકનું નામ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | ઊર્મિકવિતા | ઊર્મિકવિતા | ૧૯૩ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૨. | " | " | ૧૧૩ | " |
| ૩. | " | " | ૧૭૬ | " |
| ૪. | લિરિક | લિરિક | ૨૩ | બ.ક. ઠાકોર |
| ૫. | " | " | ૪૩ | " |
| ૬. | | નવીન કવિતા વિશે વ્યાખ્યાનો | ૭૧ | |
| ૭. | | આધુનિક સા. સંજ્ઞાકોશ | ૧૬૩ | ચંદ્રકા–તટોપીવાલા સુરેશ નાયક |
| ૮. | પ્રસ્તાવના (મંજુલાલ) | અભિમની લડાઈનો પવાડો | ૭૭ | ગણેશકૃષ્ણ ગોખલે |
| ૯. | ઊર્મિકવિતા | ઊર્મિકવિતા | ૩૨ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૧૦ | ઊર્મિકવિતા | " | ૧૮૯ | " |
| ૧૧. | સૂની સફર | કાવ્યસૌરભ (સંપાદન–ચિમનલાલ ત્રિવેદી હિમ્મતલાલ અંજારિયા) | ૨૧૫ | વેણીભાઈ પુરોહિત |
| ૧૨. | ફૂલ ખર્યું | મનોમુદ્રા | ૨૦ | ઉશનસ્ |
| ૧૩. | નિર્મીલ લોચન | અણસાર | ૫૯/૬૦ | મીનુ દેસાઈ |
| ૧૪. | આકાશ જેવું હાઈકુ | | | સ્નેહરશ્મિ |
| ૧૫. | બબ્બુ કાકાને | | ૮૭ | મીનુ દેસાઈ |
| ૧૬. | અદીઠ સવારી | વિશેષાંજલિ | ૭૧ | સુંદરજી બેટાઈ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
|---|---|---|---|---|
| ૧૭. | ઉપોદ્ઘાત ર. વિ. પાઠક (ઉદ્‌ગાર) | પૂર્વાલાપ (કાન્ત) | ૩૯ | કવિ કાન્ત |
| ૧૮. | ઉદ્‌ગાર | પૂર્વાલાપ | ૧૬ | કાન્ત |
| ૧૯. | શેલીને | સ્વપ્નપ્રયાણ | ૧૫ | હરિશ્ચન્દ્ર ભટ્ટ |
| ૨૦. | રાઈનર મારિયા રિલ્કેને | સ્વપ્નપ્રયાણ | ૧૫ | ,, |
| ૨૧. | મરણોન્મુખ બોદલેરને | ,, | ૧૫ | ,, |
| ૨૨. | પ્રસ્તાવના (ઉમાશંકર) | સ્વપ્ન પ્રયાણ હરિશ્ચંદ્ર ભટ્ટ | ૫૯ | ઉમાશંકર |
| ૨૩. | શેલીને | સ્વપ્નપ્રયાણ | ૧૫ | હરિશ્ચન્દ્રભટ્ટ |
| ૨૪. | ઊર્મિકવિતા | ઊર્મિકવિતા | ૮૫ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૨૫. | ,, | ,, | ૧૯૫ | ,, |
| ૨૬. | નિદ્રાને નિમીલ આંખ તારી | ગુજરાતી ઊર્મિકાવ્યો સંપાદક-- જયંત પાઠક રમણ પાઠક | ૬૨ | હરિશ્ચંદ્ર ભટ્ટ |
| ૨૭. | ભાવસિંહજી દિવાન શ્રી પ્રભાશંકર પટ્ટણીને અંજલિ | ભણકાર | ૧૭૦ ૧૭૧ | બ.ક.ઠાકોર |
| ૨૮. | ઊર્મિકવિતા | ઊર્મિકવિતા | ૨૦૭ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૨૯. | ગાન વિમાન | પૂર્વાલાપ | ૧૪૦ | કાન્ત |
| ૩૦ | ગાંધીજીને | આકાશ | ૩૭ | ઉશનસ્ |
| ૩૧. | ઊર્મિકવિતા | ઊર્મિકવિતા | ૧૮૮ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૩૨. | ઊર્મિકવિતા | ઊર્મિકવિતા | ૧૮૮ | ,, |
| ૩૩. | | ,, | ,, | ,, |
| ૩૪. | અમરાંથ | અર્ધ્ય | ૨૯ | સુંદરમ્ |
| ૩૫. | ,, | ,, | ,, | ,, |
| ૩૬. | જ્યોતિxxxx દલાલની પ્રથમ પુણ્યતિથિએ | અવકાશ | ૮૩ | નલિન રાવળ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
|---|---|---|---|---|
| ૩૭. | મુક્તક | ઊર્મિ કવિતા (ચંદ્રશંકર ભટ્ટ) | ૧૨૪ | હસમુખ પાઠક |
| ૩૮. | આનંદ: સર્જક અને વિવેચક | | ૭૫ | રમણ સોની |
| ૩૯. | " | | ૧૬૫<br>૧૬૬ | " |
| ૪૦. | વિરહનું આંસુ | ભણકાર | ૧૮ | બ.ક.ઠાકોર |
| ૪૧. | મુજ જીવની સત્યતા | " | ૧૮૫<br>૧૮૬ | " |
| ૪૨. | રવિન્દ્રનાથ | સમન્વય<br>સંપાદક– સુરેશ દલાલ | ૫૩ | – |
| ૪૩. | સાજ નથી રહે | વસંત વર્ષા | ૫૪ | ઉમાશંકર જોશી |
| ૪૪. | ઊર્મિ કવિતા | ઊર્મિ કવિતા | ૧૯૫<br>૧૯૬ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૪૫. | માડી–મૃત્યુનો ગરબો | યુગવંદના | ૫૫ | ઝવેરચંદ મેઘાણી |
| ૪૬. | કાલિદ વિરહ | આપણાં કરુણ પ્રશસ્તિ વ કાવ્યો | | ધીરુભાઈ ઠાકર |
| ૪૭. | વિખૂટા મિત્રને | આપણી કવિતા સમૃદ્ધિ | ૯૪ | રમણિક અરાલવાળા – કોલક. |
| ૪૮. | પૂ.અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને | કવિતા ઓગસ્ટ–૮૧ | ૪૬ | યોગેશ જોશી |
| ૪૯. | સ્વ.પ્રા.જશભાઈ કા.પટેલ | સૌરભ | ૪૫ | હસિત બૂચ |
| ૫૦. | સદ્. પ્રિ.સી.સી.શાહને | " | ૪૭ | " |
| ૫૧. | પરલોકે પત્ર | બૃ.ગુ.કા.પરિચય | ૧૬૮ થી<br>૧૭૪ | હીરાબેન પાઠક |
| ૫૨. | ઊર્મિ કવિતા | | ૨૧૪ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૫૩. | " | | " | " |
| ૫૪. | શાશ્વત | અર્ઘ્ય | ૧૮૧ | સ્નેહરશ્મિ |

| ૧. | ૨. | ૩ | ૪. | ૫. |
|---|---|---|---|---|
| ૫૫. | મારું માણેકડું | દર્શન સ્કંદ | | પ્રેમાનંદ |
| ૫૬. | ભરણર છાડું શ્રૃંજલિ | ગૈકતાર | ૫૬ | ઝવેરચંદ |
| ૫૭. | ,, | ,, | ,, | ,, |
| ૫૮. | વીરજતીન્દ્રના સંભારણા | યુગવંદના | ૫૭ | ઝવેરચંદ |
| ૫૯. | ,, | ,, | ,, | ,, |
| ૬૦. | દરબાર શ્રી | ગુર્જરી | ૮૦ | પૂજાલાલ |
| ૬૧. | અલબારીના સ્વર્ગસ્થ આત્માને | રાષ્ટ્રિકા | ૭૨/૭૩ | ખબરદાર |
| ૬૨. | સૂભો હવે નિષ્ફળ સ્કુ મારા. | મધ્યાહ્ન | ૨૧૩ | હરસાદાસ માણેક |
| ૬૩. | શિવાસ પરિગલ | મારે નામને દરવાજે | ૭૨/૭૩ | લાભશંકર ઠાકુર |
| ૬૪. | ઊર્મિ કવિતા | ઊર્મિ કવિતા | ૧૬૨/૧૬૩ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૬૫. | રાવજી | પવન રૂપેરી | ૩૦/૩૧ | ,, |
| ૬૬. | રાવજી | પવન રૂપેરી | ૩૦/૩૧ | ,, |
| ૬૭. | બલ્લુકાકાને શ્રૃંજલિ | છંદોલય | ૧૭૪ | નિરંજન ભગત |
| ૬૮. | ઊર્મિ કવિતા | ઊર્મિ કવિતા | ૮૪/૮૫ | ચંદ્રશંકર ભટ્ટ |
| ૬૯. | ,, | ,, | ૧૯૧ | ,, |
| ૭૦. | કસ્તુરબા | યાત્રા | ૯૮ | ઉશનસ્ |
| ૭૧. | મૈત્રીના અનોખા કાવ્યો | અર્વાચીન કવિતા | ૩૫૫ | સુંદરમ્ |
| ૭૨. | ગયો જ તું અશોકમાં | ભણકાર | ૧૬૫ | બ. ક. ઠાકોર |